૨૦૪ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 121 ■ વિક્રમ સંવત ૨૦૮૨

અધિક જયેષ્ઠ સુદ- ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 May 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૩ મે ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# નારાયણ સરોવર નજીક બાવળોની ઝાડીમાંથી શંકાસ્પદ ‘ચાઈનીઝ ડ્રોન’ મળી આવ્યું, સુરક્ષા એજન્સીઓ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાનને અડકીને આવેલા કચ્છના વ્યૂહાત્મક અને અત્યંત સંવેદનશીલ દરિયાકાંઠાના નારાયણ સરોવર વિસ્તારોમાંથી પોલીસ મથકના કોસ્ટલ પેટ્રોલિંગ યુનિટે લક્કી ત્રણ રસ્તા નજીક આવેલા તહેરા વાંઢ ગામના માર્ગની પૂર્વ દિશામાં બાવળોની ઝાડીમાંથી એક શંકાસ્પદ ચીન બનાવટનું ડ્રોન કબજે કર્યું હતું. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસ સહિત દેશની સરહદી સુરક્ષા સાથે જોડાયેલી વિવિધ એજન્સીઓએ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ,તહેરા ગામ પાસે બાવળોની ઝાડીમાં એક અજાણ્યું ઇલેક્ટ્રોનિક ઉપકરણ પડ્યું હોવાની જાણકારી મળતાં કોસ્ટલ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરતાં કાળા રંગનું એક ડ્રોન મળી આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ ડ્રોન ૮ ૬ ૮ ઇંચની સાઈઝનું હોવાનું અને તેમાં ચાર લીલા રંગના પંખા (પ્રોપેલર્સ) લાગેલા હોવાનું માલૂમ પડ્યું છે. ડ્રોનની આંતરિક રચના જોતાં તેમાં અત્યાધુનિક સર્કિટ અને વાયરોનું જોડાણ જોવા મળ્યું હતું.

પોલીસ કસ્ટડીમાં લેવાયેલા આ બંધ હાલતના ડ્રોન પર બારીકાઈથી તપાસ કરતાં તેના પર ‘ઇમેક્સ કો સિરીઝ મેડ ઇન ચાઇના ૨૦૦૪’ તેવું સ્પષ્ટ લખાણ મળી આવ્યું છે, જે તેના ચાઇનીઝ કનેક્શનની પુષ્ટિ કરે છે. આ ઉપરાંત, ડ્રોન સાથે એક વાદળી રંગની લિથિયમ બેટરી પણ કનેક્ટ થયેલી છે, જેના પર પીળા રંગનો બેલ્ટ છે અને તેના પર ‘સ્પીડી બી’ તેવું લખાણ અંકિત થયેલું છે. પાકિસ્તાન સરહદ નજીક આવેલા કચ્છના ક્રિક અને દરિયાઈ વિસ્તારમાંથી આ પ્રકારનું ડ્રોન મળી આવવું એ સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત ગંભીર બાબત માનવામાં આવી રહી છે. નારાયણ સરોવર પોલીસે હાલ આ ચાઇનીઝ ડ્રોન ભારતીય સરહદમાં ક્યાંથી અને કેવી રીતે પ્રવેશ્યું, તેને ઓપરેટ કરનાર કોણ હતું અને તેનો મુખ્ય હેતુ જાસૂસી કે કોઈ અન્ય ગેરકાનૂની પ્રવૃત્તિનો હતો કે કેમ, તે તમામ દિશામાં સુરક્ષા એજન્સીઓએ ઊંડાણપૂર્વકની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ■

# માંડવીમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુના ‘ભીખ’ શબ્દપ્રયોગથી વિવાદ: ધારાસભ્યની ટકોર બાદ સ્વામીએ બ્રહ્મ સમાજની માફી માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના માંડવી ખાતે આયોજિત એક ધાર્મિક મહોત્સવના મંચ પરથી ઉચ્ચારાયેલા એક શબ્દને કારણે મોટો સામાજિક અને ધાર્મિક વિવાદ સર્જાયો હતો. સ્વામિનારાયણ મંદિર ખાતે ચાલી રહેલા ‘વૃંદાવન સેવા અમૃત મહોત્સવ’ દરમિયાન શાસ્ત્રી જી.કે. સૂર્યપ્રકાશ સ્વામી દ્વારા બ્રહ્મ સમાજ માટે ભીખ શબ્દનો પ્રયોગ કરાતા વિવાદ ઊભો થયો હતો, જો કે, વકરતા વિવાદ વચ્ચે સંતે જાહેરમાં દિલગીરી વ્યક્ત કરતા આખરે મામલો શાંત પડ્યો છે.

કાર્યક્રમ દરમિયાન જ્યારે સ્વામીએ આ શબ્દપ્રયોગ કર્યો, ત્યારે મંચ પર હાજર પ્રદેશ ભાજપ મહામંત્રી અને માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ તાત્કાલિક સામો પ્રતિભાવ આપતા અસ્મિતાનો મુદ્દો ઉઠાવ્યો હતો. ધારાસભ્યએ મંચ પરથી જ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, બ્રાહ્મણ કદી ભીખ માગતો નથી, તે દાન સ્વીકારે છે. મંચ પર જ થયેલી આ શાબ્દિક તકરારનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થતાં દેશ-વિદેશમાં વસતા બ્રહ્મ સમાજમાં ભારે રોષ ફેલાયો હતો.

વીડિયો વાઇરલ થતાં જ સોશ્યલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર ચર્ચાઓનું ઘમાસાણ શરૂ થઈ ગયું હતું. એક તરફ સંપ્રદાયના અનુયાયીઓ સ્વામીના નિવેદનનો બચાવ કરી રહ્યા હતા, તો બીજી તરફ બ્રહ્મ સમાજના લોકો લાગણી દુભાઈ હોવાનો આક્રોશ ઠાલવી રહ્યા હતા.

વિવાદ વધુ વકરે તે પહેલાં જ સાંજના સમયે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને જિલ્લા, તાલુકા તેમજ બ્રહ્મ સમાજના અગ્રણીઓ વચ્ચે એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શાસ્ત્રી સૂર્યપ્રકાશ સ્વામીએ પોતાની ભૂલ સ્વીકારતા સ્પષ્ટતા કરી હતી કે: તેમનો આશય ભિક્ષા શબ્દ બોલવાનો હતો, પરંતુ જીભ લપસવાને કારણે લોકમુખે ભીખ શબ્દ બોલાઈ ગયો હતો. કોઈપણ સમાજની લાગણી દુભાવવાનો તેમનો કોઈ ઈરાદો નહોતો.

સાધુએ અત્યંત વિનમ્રતા દાખવતા કહ્યું હતું કે, જો જરૂર જણાશે તો હું દંડવત પ્રણામ કરવા પણ તૈયાર છું. સંતની આ સાહજિક દિલગીરી અને વિનમ્રતાભર્યા વલણને પગલે ઉપસ્થિત બ્રહ્મ સમાજના આગેવાનોમાં સંતોષની લાગણી ફેલાઈ હતી. પરસ્પર સંવાદ અને સમજાવટ બાદ આ સમગ્ર વિવાદનો સુખદ અંત આવ્યો હતો અને મામલો સંપૂર્ણ શાંતિપૂર્ણ રીતે થાળે પડ્યો છે. ■

# બિહારથી ગુજરાતમાં બાળ-મજૂરી માટે લાવવામાં આવતાં ૯૦ બાળકનું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ગુમ થયેલા લોકોને શોધવા ઓપરેશન મિલાપ શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાત પોલીસે માત્ર બે અઠવાડિયામાં ગુમ થયેલા ૭૦૧ લોકોને શોધી કાઢ્યા છે. આ દરમિયાન ગુજરાત પોલીસે બિહારથી મજૂરી માટે લાવવામાં આવતા ૯૦થી વધુ બાળકોને સુરક્ષિત રેસ્ક્યૂ કર્યા હતા. આ કાર્યવાહી અંતર્ગત પોલીસે અમદાવાદમાંથી ૭૦ અને વડોદરા રેલવે સ્ટેશન પરથી ૨૦ બાળકનું રેસ્ક્યૂ કર્યું હતું. ગુજરાત પોલીસના સૂત્રો દ્વારા પણ આ ઑપરેશનની પુષ્ટિ કરવામાં આવી હતી. સીઆઈડી ક્રાઈમ અને રેલવે પોલીસના સંયુક્ત અભિયાનમાં આ સફળતા મળી હતી. પોલીસના કહેવા મુજબ, માફિયાઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. બિહારથી નાના બાળકોને મજૂરી માટે લાવવામાં આવતા હતા તેમની સામે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ અંતર્ગત કાર્યવાહી કરાઈ હતી. એડીજીપી અજય ચૌધરીએ આ અંગે જણાવ્યું હતું કે, બિહારથી ટ્રેનોમાં બાળકોને ગુજરાતમાં મજૂરી માટે લાવવામાં આવતા હોવાની બાતમી મળી હતી, જે બાદ એક ટીમ બનાવવામાં આવી હતી. બાતમી વાળી ટ્રેનોને ટ્રેક કર્યા બાદ સુરક્ષિત રીતે મુક્ત કરાવાયા હતા. તમામ બાળકોને મુક્ત કરાવાયા બાદ નાસ્તો કરાવાયો હતો. આ મામલે દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવી છે. અજય ચૌધરી ખુદ બિહારના છે. તેઓ ૧૯૯૧ બેચના આઈપીએસ છે. આ ઑપરેશનની પ્રશંસા રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પણ કરી હતી. ડીજીપી ડૉ. કે એલ એન રાવે કહ્યું હતું કે, શોધવામાં આવેલા લોકો ૨૦૦૭થી ગુમ હતા. રાજ્યમાં વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધી રાજ્યભરમાં ૨૪,૭૬૭થી વધુ લોકો ગુમ થયાના કેસ નોંધાયા છે. ‘ઓપરેશન મિલાપ’ અંતર્ગત પોલીસ ટીમો હવે જૂની ફાઇલો ફરી તપાસી રહી છે, ડિજિટલ પુરાવા અને ટેક્નિકલ માહિતીનું વિશ્લેષણ કરી રહી છે અને વર્ષોથી પોતાના સગાંઓને શોધતા પરિવારોનો ફરી સંપર્ક કરી રહી છે. ખોવાયેલા લોકોને શોધવા માટે ગુજરાત પોલીસે તમામ પોલીસ સ્ટેશનોને ૧૫ મુદ્દાવાળી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (જીવક) પણ મોકલી છે. આ જીવક માં કેસ ફાઇલો ફરી ખોલવી, ફરિયાદીનો સંપર્ક કરવો, ડિજિટલ અને ટેકનિકલ પુરાવાનો અભ્યાસ કરવો, સોશ્યલ મીડિયા પ્રવૃત્તિઓ ટ્રેક કરવી, પરિવહન કેન્દ્રો અને આશ્રયસ્થાનોની તપાસ કરવી, જાહેર સ્થળોની મુલાકાતો લેવી અને શંકાસ્પદ માનવ તસ્કરો તથા વારંવાર ગુના કરનારાઓની પૂછપરછ કરવાનો સમાવેશ થાય છે. પોલીસ અધિકારીઓને ગુમ થયેલા લોકોના મોબાઇલ ફોનને ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ હેઠળ રાખવા, છેલ્લું સક્રિય સ્થાન ટ્રેક કરવા અને ફેસબુક, ઇન્સ્ટાગ્રામ તથા વૉટ્સઍપ જેવી સોશ્યલ મીડિયા પ્રવૃત્તિઓની તપાસ કરવા પણ સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત અપહરણ તથા માનવ તસ્કરીના કેસોમાં અગાઉ ધરપકડ કરાયેલા શંકાસ્પદોની પૂછપરછ પણ કરી રહ્યા છે. ■

# અમદાવાદના દાણીલીમડામાં ગેરકાયદે કતલખાના પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા ગેરકાયદે કતલખાનાને મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) અને દાણીલીમડા પોલીસ દ્વારા સંયુક્ત રીતે કામગીરી કરીને તોડી પાડવામાં આવ્યું હતું. પોલીસને બાતમી મળી હતી કે કેટલાક કસાઈઓ દ્વારા આ ગેરકાયદે જગ્યાનો ઉપયોગ રાત્રિના સમયે મૂંગા પશુઓની કતલ કરવા માટે કરવામાં આવી રહ્યો છે, જેના આધારે તુરંત ડિમોલિશનનો પ્લાન ઘડાયો હતો. દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામરહીમના ટેકરો નગીના મસ્જિદ સામે ઢોરબજારના કોટને અડીને આવેલી રોડના દબાણની જગ્યામાં ગેરકાયદે બાંધકામ ઊભું કર્યું હતું. આ વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા સમીર ખોખર અને શાહરૂખ કુરેશી દ્વારા ગેરકાયદે બાંધકામ ઊભું કરી તે સ્થળનો ઉપયોગ ગેરકાયદે રીતે પશુ કતલ કરવા માટે કરતા હતા. દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ અગાઉ ગુનાહિત ઇતિહાસ ધરાવતા આરોપી સમીર ઉર્ફે પમો સાબીરભાઇ ખોખર (રહે. રામરહીમનો ટેકરો બહેરામપુરા દાણીલીમડા) અને શાહરૂખ સબીરભાઇ કુરેશી (રહે. નગીના મસ્જિદ પાસે રામરહીમનો ટેકરો દાણીલીમડા) દ્વારા ગેરકાયદેસર રીતે પશુ કતલ કરવા માટે કરતા હતા. ■

# અમદાવાદની કલર મર્ચન્ટ કો-ઓપરેટિવ બેંકના નાણાકીય કૌભાંડમાં હવે ઈડી અને ઇન્કમટેક્સ વિભાગ તપાસ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર સ્થિત કલર મર્ચન્ટ કો-ઓપરેટીવ બેંકના મસમોટા કૌભાંડ બહાર આવ્યા પછી આરબીઆઈ દ્વારા ગત એપ્રિલ મહિનામાં બેંકને ફડચામાં લઈ જવાની જાહેરાત કરી હતી. આ પહેલા સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી તેમ છતાં બેંકના ચેરમેન જનરલ મેનેજર, મેનેજર, એજન્ટ, તેમજ તેમની સાથે સંકળાયેલા અન્ય લોકોએ થાપણદારોના નામે ખોટી સહીઓ કરીને બેન્કમાંથી થાપણદારોની જાણ બહાર લોન મેળવીને ઉધારી ખાતે નોંધ કરી કૌભાંડ શરૂ કર્યું હતું. આ સમગ્ર પ્રકરણમાં હવે થાપણદારોના કરોડો રૂપિયા બોગસ સહીઓ કરીને તેમજ મોર્ગેજ કરેલી મિલકતો ઉપર અન્યોને લોન કેવી રીતે આપી દેવામાં આવી તેની તપાસ કરવા માટે તેમજ મની લોન્ડરિંગ થયું હોવાથી ઈડી અને ઇન્કમટેક્સના અધિકારીઓ પણ હવે નજીકના દિવસોમાં તપાસ શરૂ કરે તેવી માહિતી જાણવા મળી છે. હાલ ફડચા અધિકારી તરીકે દિપકભાઈ પટેલ અને જોઈન્ટ રજિસ્ટ્રાર ઉર્વશીબેન બ્રહ્મભટ્ટ બેંકનો વહીવટ સંભાળી રહ્યા છે, પરંતુ થાપણદારોને હજુ સુધી તેમની બાકી રકમ પૂરેપૂરી આપવામાં આવી નથી. જ્યારે બીજી તરફ બેંક દ્વારા થાપણદારોને લોન ભરપાઈ કરી દીધી હોવા છતાં વ્યાજ અને પેનલ્ટી સાથેની નોટિસો ફટકારવામાં આવી રહી છે.

બોપલ વિસ્તારમાં પાર્ક એન્ટરપ્રાઇઝના કિસ્સામાં ૨૦૧૫માં ૩૮ લાખની લોન લેવામાં આવી હતી જે ૨૦૧૯ માં ૫૪ લાખ જેટલી રકમ ભરીને લોન ભરપાઈ કરી દેવામાં આવી હતી તેમ છતાં પેનલ્ટી અને વ્યાજ સાથેની નોટિસ ફટકાવી દેવામાં આવી છે. આવા અનેક લોન લેનાર ધારકોને બેંક દ્વારા નોટિસો આપીને તેમના ગેરેન્ટરોને હેરાન કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ૩૮ લાખની લોન ઉપરાંત ૫૪ લાખ ભરપાઈ કરી દેવામાં આવ્યા હોવા છતાં હડચા અધિકારી અને જોઈન્ટ રજિસ્ટર દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી લોન લેનાર પાર્ક એન્ટરપ્રાઇઝના માલિકે ફડચા અધિકારી અને જોઈન્ટ રજિસ્ટ્રારને રજૂઆત પણ કરી હતી અને તેમણે લોનની સામે વધારે રકમ ચૂકવી દીધી હોવા છતાં વ્યાજ અને પેનલ્ટીની નોટિસ કેમ આપવામાં આવી છે તેવી રજૂઆત કરી હોવા છતાં તેમની રજૂઆત ધ્યાને લેવામાં આવી નથી. આવા અનેક લોનધારકોને બેન્કના સત્તાવાળાઓ હેરાન પરેશાન કરી રહ્યા છે અને બેંક ચેરમેન વિમલ પરીખ જનરલ મેનેજર કિન્નર શાહ મેનેજર અતુલ શાહ એજન્ટ ચિંતન શાહ અને કૌશલ દરજી સામે હજુ સુધી કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી.

કૌશલ દરજી દ્વારા ઇન્કમટેક્સના બોગસ રિટર્ન ફાઇલ કરવાની કામગીરી કરતો હતો અને મોરગેજ કરેલી પ્રોપર્ટી ઉપર ફરી એક વાર લોન લેવી તેમજ થાપણદારોની ખોટી સહીઓ કરીને કરોડો રૂપિયા સભ્ય વગેરે વગેરે કરવાના કેસમાં મની લોન્ડરિંગ થયું હોવાથી તેમજ ડિફોલ્ટરો સામે કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા હવે ઇન્કમટેક્સ વિભાગ દ્વારા પણ સમગ્ર કેસની તપાસ કરવામાં આવશે. બેંકની મૂડી કોની કોની પાસે ગઈ તેની તપાસ હવે નવેસરથી કરવામાં આવશે. ■

# બેંગકોકથી અમદાવાદ આવેલા યાત્રિકની ટ્રોલી બેગમાંથી ૨૦ કરોડ 30 લાખનો હાઇબ્રીડ ગાંજો ઝડપાયો, આરોપીની ધરપકડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર થાઈ એરલાઇન્સની ફલાઈટમાં અમદાવાદ આવેલા એક પેસેન્જરની ટ્રોલી બેગમાંથી ૨૦.૩૬૬ કિગ્રા હાઇબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. જેની ઇન્ટરનેશનલ માર્કેટ વેલ્યુ ૨૦ કરોડ ૩૦ લાખ રૂપિયા ખાવા જાય છે. અમદાવાદ ડીઆરઆઈ અને એરપોર્ટ કસ્ટમરના જોઈન્ટ ઓપરેશન દરમિયાન પેસેન્જરની ઓળખ કરીને તેને ઝડપી લેવામાં આવ્યો હતો. જેની પાસેથી ગાંજો મળી આવ્યો હતો આ પેસેન્જર ઉત્તર પ્રદેશનો રહેવાસી છે અને પહેલીવાર દિલ્હીથી બેંગકોક જવા નીકળ્યો હતો અને પરત અમદાવાદ એરપોર્ટ ઉપર આવતા પેસેન્જર અંગત શ્રીવાસ્તવની ધરપકડ કરી લેવામાં આવી હતી. એરપોર્ટ કસ્ટમ્સના સૂત્રોએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશના સહરાનપુરનો રહેવાસી અંગત શ્રીવાસ્તવ દિલ્હીથી બેંગકોક ગયો હતો અને ત્યાંથી પ્રથમવાર જ ફોરેન ટ્રીપ મારીને અમદાવાદ એરપોર્ટ ઉપર આવ્યો હતો જોકે તે દિલ્હીથી બેંગકોક ગયો ત્યારે તેની ટ્રાવેલ હિસ્ટ્રી કસ્ટમ પાસે આવી ગઈ હતી એટલું જ નહીં અમદાવાદ ડીઆરઆઈને પણ બાટલી મળી હતી કે એક પેસેન્જર ટ્રોલી બેગ ભરીને ૨૦.૩૬૬ કિગ્રા ગાંજો લઈને આવી રહ્યો છે જેના આધારે મોડી રાત્રે ડી આર આઈ અને એરપોર્ટ કસ્ટમરના અધિકારીઓએ પેસેન્જરની ઓળખ કરીને તેની ટ્રોલી બેગની તપાસ કરતા ૩૦ થી વધારે વેક્યૂમ પેકિંગ કરેલા પેકેટ મળી આવ્યા હતા જે શંકાસ્પદ જણાતા એફએસએલની મદદથી તપાસ કરવામાં આવતા હાઈ બ્રેડ ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. પેસેન્જરની પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ તેણે કોઈ સંતોષકારક જવાબ એજન્સીઓના અધિકારીઓને આપ્યો ન હતો અને તેની એનડીપીએસ એક મુજબ ધરપકડ કરી લેવામાં આવી હતી. આ અંગે આગળની તપાસ ડીઆરઆઈના અધિકારીઓ ચલાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશ અને કેરાલાના કેરીયરો હવે અમદાવાદ એરપોર્ટ ઉપર સક્રિય થઈ ગયા છે. મોટાભાગે કેરીયરો પાંચથી આઠ કિલો ગ્રામ ગાંજો લઈને આવતા હોય છે, પરંતુ પહેલી ફોરેન ટ્રીપમાં જ પેસેન્જર અંગત શ્રીવાસ્તવ ટ્રોલી બેગ ભરીને ગાંજો લઈને આવતા ડીઆરઆઈને વહેલી બાતમી મળી ગઈ હતી. ■

# અમદાવાદમાં સોલિટેર બિલ્ડિંગના ત્રીજા માળે લાગેલી આગ પાંચમા માળ સુધી પ્રસરી; ફાયર વિભાગે આગ કાબૂમાં લીધી, ૫૦નું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના એસજી હાઈવે પર મકરબા અંડરપાસ પાસે આવેલી સોલિટેર બિલ્ડિંગના ત્રીજા માળે અચાનક આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ ધીમે ધીમે વધુ વિકરાળ બનતી ગઈ હતી.

કાચ વાળી બિલ્ડિંગ હોવાથી આગના ધુમાડા ગોટેગોટા ફેલાયા હતા. આગના કારણે ચોથા અને પાંચમા માળે નુકસાન થયું હતું. આ દરમિયાન આસપાસના લોકો પણ ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. આગને કારણે બિલ્ડિંગના કાચ ધડામ કરતા કડડડભૂસ થવા લાગ્યા હતા. આગ લાગી તે બિલ્ડિંગ કોમર્શિયલ હોવાથી ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા.

૨૨ મેએ શુક્રવારે બપોરે એસ.જી હાઈવે પર સોલિટેર બિલ્ડિંગના બી વિંગના ત્રીજા માળે ગીતા પાવર નામની કંપનીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી.

જે આગ જોતજોતામાં ત્રીજા અને ચોથા માળ સુધી પહોંચી હતી. બિલ્ડિંગમાં આગની ઘટના બનતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને પગલે ફાયરની ૧૦થી વધુ ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગી તે સમયે બિલ્ડિંગમાં જે લોકો ફસાયા હતા તેમને કાચના પાર્ટીસન તોડીને બહાર કઢાયા હતા. ૫૦થી વધુ લોકોનું ફાયર વિભાગની મદદથી રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.

જોકે, કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી. આગને કાબૂમાં કરવા માટે ફાયરની ૨૦થી વધુ ગાડીઓ અને ૮૦ ફાયર જવાનોની મદદ લેવામાં આવી હતી. ■

# ૨૨૬ કરોડના ડ્રગ્સ અને ટેરર ફંડિંગ કેસમાં નવા ખુલાસા; દાણીલીમડાના યુવકના વોલેટથી થયો મોટો ઘટસ્ફોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં જ ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે ૨૨૬.૫૪ કરોડના ડ્રગ્સની હેરાફેરી, મની લોન્ડરિંગ અને ટેરર ફાઇનાન્સિંગ (આતંકવાદી ભંડોળ) સાથે સંકળાયેલા એક મોટા ક્રિપ્ટોકરન્સી-આધારિત નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો અને આ ઓપરેશન અંતર્ગત અમદાવાદ, મુંબઈ અને કરનાલ સહિત દેશના વિવિધ ભાગોમાંથી ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની તપાસમાં નવા ખુલાસા થયા હતા.

મળતી વિગતો અનુસાર, તપાસની શરૂઆત ડાર્ક વેબ પર ચાલતા ડ્રગ્સ કારોબારના એક શંકાસ્પદ આઈપી એડ્રેસ પરથી થઈ હતી. જેમાં એક વેબસાઈટ સાથે સંકળાયેલા ડ્રગ્સ વેન્ડરના ટ્રાન્જેક્શન પર નજર રાખતાં ૧૦ અલગ-અલગ ક્રિપ્ટો વોલેટમાં રકમ ટ્રાન્સફર થતી હોવાનું ખૂલ્યું હતું. જેમાંથી ૯ વોલેટ વિદેશી હતા, જ્યારે ૧ વોલેટ ભારતનું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે ડિજિટલ વિગતો અને કેવાયસી દ્વારા તપાસ કરતાં આ ભારતીય વોલેટ અમદાવાદના દાણીલીમડાના રહેવાસી મોહસીન મુલાનીનું હોવાનું બહાર આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, મોહસીનના ક્રિપ્ટો વ્યવહારોની તપાસ કરવામાં આવી હતી અને આ દરમિયાન તેના એકાઉન્ટ સાથે બીજા ૮ વોલેટ જોડાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં એક વોલેટ દ્વારા ૫૬ હજાર ડોલરની રકમની લેવડદેવડ થઈ હોવાનું ખૂલ્યું હતું. અન્ય તપાસમાં બીજા ૯ ભારતીય વોલેટ રડારમાં આવ્યા હતા. ક્રિપ્ટોકરન્સી ઉપરાંત આ નેટવર્ક હવાલા અને આંગડિયાનો પણ વ્યાપક ઉપયોગ કરતું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસની તપાસમાં ખૂલ્યું હતું કે યુકેમાં બેઠેલો સલમાન ત્યાંથી માહિતી આપતો અને ભારતમાં નાણાં ટ્રાન્સફર કરાવતો હતો. આ મામલે પોલીસે સલમાનના પિતા ગુલામઅલી અંસારીની પણ ધરપકડ કરી હતી, અને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન આ નેટવર્ક થકી આશરે ૨ કરોડ રૂપિયા ભારતમાં આવ્યા હોવાનું ખૂલ્યું હતું. ■

# અમદાવાદમાં ૧૪ મેટ્રો સ્ટેશનો નજીક ૧૭ ફ્રી પાર્કિંગ પ્લોટ વિકસાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં મેટ્રો સેવા શરૂ થયાના ૭ વર્ષ બાદ હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) શહેરના ૧૪ મેટ્રો સ્ટેશનો નજીક ૧૭ જેટલા પાર્કિંગ પ્લોટ વિકસાવવા જઈ રહી છે.

જ્યાં મુસાફરોને સીસીટીવી કૅમેરાની દેખરેખ હેઠળ મફત પાર્કિંગની સુવિધા મળશે. એસ્ટેટ વિભાગ દ્વારા કરાયેલા સર્વે મુજબ, આ તમામ પ્લોટ્સ મેટ્રો સ્ટેશનથી માત્ર ૧૦૦ થી ૫૦૦ મીટરના અંતરે આવેલા છે, જેમાં વસ્ત્રાલ ગામ, નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, થલતેજ, એપીએમસી માર્કેટ, પાલડી, વાડજ, સાબરમતી અને મોટેરા સ્ટેડિયમ સહિતના ૧૪ સ્ટેશનોનો સમાવેશ થાય છે.

તંત્રનું એવું કહેવું છે કે, છેલ્લા સાત વર્ષમાં મેટ્રોના મુસાફરોની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે, પરંતુ યોગ્ય પાર્કિંગના અભાવે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના ઉકેલ માટે એએમસી એસ્ટેટ વિભાગના જણાવ્યા અનુસાર, આ જગ્યાઓને માત્ર ખુલ્લા પ્લોટ તરીકે રાખવાને બદલે વ્યવસ્થિત પાર્કિંગ એરિયા તરીકે વિકસાવવામાં આવશે. ખરાબ હવામાનમાં વાહનો કાદવ કે ધૂળમાં ન ફસાય તે માટે પ્લોટમાં પેવર બ્લોક નાખવામાં આવશે. હાલમાં કેટલાક પ્લોટનો ઉપયોગ મુસાફરો દ્વારા વાહન પાર્કિંગ માટે શરૂ પણ કરી દેવામાં આવ્યો છે. ■

# પેરોલ પર છૂટીને ફરાર થવામાં ગુજરાતના કેદીઓ દેશમાં પ્રથમ, ક્ષમતા કરતા વધુ કેદીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા બહાર પાડવામાં આવેલા ‘પ્રિઝન સ્ટેટિસ્ટિક્સ ઈન્ડિયા ૨૦૨૪’ રિપોર્ટ અનુસાર, ગુજરાતની જેલોમાં પેરોલ પર છૂટીને ફરાર થતા કેદીઓની સંખ્યા દેશમાં સૌથી વધુ નોંધાઈ હતી. વર્ષ ૨૦૨૪માં પેરોલ પર છૂટેલા ૨૦૧ કેદીઓ ફરાર થયા હતા, જે દેશના કુલ ૩૧૯ ફરાર કેદીઓના ૩૬ ટકા છે. જોકે, આમાંથી ૧૫૩ કેદીઓને ફરીથી પકડી લેવામાં પણ ગુજરાત પોલીસને મોટી સફળતા મળી હતી, જે રાષ્ટ્રીય સ્તરે થતી કુલ ધરપકડના ૭૧.૮ જેટલી હોવાનું રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું. આ રિપોર્ટમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે રાજ્યની જેલોમાં ૧૪,૧૦૮ કેદીઓની ક્ષમતા સામે ૧૭૭૬૬ કેદીઓ રાખવામાં આવ્યા છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણું વધારે એટલે કે ૨૫.૯ ટકા જેટલું ઓવરક્રાઉડિંગ દર્શાવે છે. કુલ કેદીઓમાં ૬૯.૨ ટકા કાચા કામના અને ૨૯ ટકા દોષિત કેદીઓ હોવાનું જાણવા મળ્યું હતું. રાજ્યની જેલોમાં ગંભીર ગુનાઓની સજા કાપી રહેલા કેદીઓની સંખ્યા પણ ચિંતાજનક છે. રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ૪૯ કેદીઓ ફાંસીની સજા પામેલા છે, જે ઉત્તર પ્રદેશ બાદ દેશમાં બીજા ક્રમે છે. આ ઉપરાંત, કુલ ૫૨૩૧ દોષિતોમાંથી ૬૫.૨ ટકા આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ અને દેશમાં ત્રીજા ક્રમે છે. જેલોમાં કેદીઓની આટલી મોટી સંખ્યા હોવા છતાં સ્ટાફની અછત પ્રવર્તી રહી છે. ગુજરાતમાં જેલ કર્મચારીઓની મંજૂર થયેલી ૪૬૦૮ જગ્યાઓ સામે માત્ર ૨૧૨૮ કર્મચારીઓ જ ફરજ બજાવી રહ્યા છે, એટલે કે ૫૪ ટકા સ્ટાફની અછત હોવાનું રિપોર્ટમાં ખૂલ્યું હતું. કુલ કેદીઓ પૈકી ૮૨.૪ ટકા દોષિતો અને ૯૨.૩ ટકા કાચા કામના કેદીઓ ૫૦ વર્ષથી ઓછી ઉંમરના છે. રાજ્યની જેલોમાં ૩૨ વિદેશી દોષિતો પૈકી એકલા પાકિસ્તાનના જ ૨૬ છે, જ્યારે ૧૨,૨૮૬ કાચા કામના કેદીઓમાંથી ૨૧૩ વિદેશી છે, જેમાંથી ૮૭ પાકિસ્તાની, ૩૪ બાંગ્લાદેશી, ૨૯ આફ્રિકન અને અન્યનો સમાવેશ થાય છે. ■

# આણંદમાં બ્રાન્ડેડ કંપનીના નામે નકલી ખાતર વેચતા નેટવર્કનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આણંદ જિલ્લાની સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) પોલીસે વડોદ ગામ નજીકથી નકલી ખાતર બનાવતી અને સંગ્રહ કરતી એક ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. ચોક્કસ બાતમીના આધારે વડોદ-નાપાડ રોડ પર આવેલા ગોડાઉનમાં દરોડો પાડીને પોલીસે ભાવનગરના રહેવાસી રઘુવીરભાઈ સોલંકી દ્વારા ચલાવાતા આ ગેરકાયદેસર નેટવર્કને ઝડપી પાડ્યું હતું. આ સ્થળેથી પોલીસે શંકાસ્પદ નકલી ખાતરની ૩,૪૫૪ ભરેલી થેલીઓ, જાણીતી બ્રાન્ડના ૧૫,૦૯૦ ખાલી કોથળા, ઈલેક્ટ્રિક સિલાઈ મશીન, ઈલેક્ટ્રોનિક વજનકાંટો, મિક્સિંગ મશીન અને એક ટ્રક સહિત કુલ રૂપિયા ૧૮.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે આરોપી કોઈપણ લાઇસન્સ વિના નબળી કક્ષાના મટીરિયલનું મિશ્રણ કરી તેને બ્રાન્ડેડ કૃષિ ખાતર તરીકે બજારમાં વેચતો હતો. આ દરોડા દરમિયાન આણંદના કૃષિ વિભાગના અધિકારીઓને સ્થળ પર બોલાવી સેમ્પલ લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા હતા, જેમાં જપ્ત થયેલું ખાતર નકલી હોવાનું સાબિત થયું હતું. આ અંગે વાસદ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હોવાનુ અને વધુ તપાસ આણંદ એસઓજીના પીએસઆઈને સોંપવામાં આવી હોવાનુ સૂત્રોએ જણાવ્યું હતું. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 121 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 May 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૩ મે ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાત, મહારાષ્ટ્રમાં ૧૮ જૂને રાજ્યસભાની ચૂંટણી

OLD GOLD UPGRADE
Festival
GET 100% VALUE
+ ₹250 PER GRAM EXTRA
ON EXCHANGE OF OLD GOLD
TODAY'S GOLD RATE
₹ 14,562/-
PER 1 GRAM OF 22KT
ANTARA
GOLD & DIAMONDS
*T&C Apply
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

નવી દિલ્હીઃ રાજ્યસભામાંના ગુજરાતના ચાર સાંસદ રામભાઈ હરજીભાઈ મોકારિયા, અમિન નરહરિ હીરાભાઈ, ગોહિલ શક્તિસિંહજી હરીચંદ્રસિંહજી, રમીલા બેચરભાઈ બારા તા. ૨૧-૦૬-૨૦૨૬એ નિવૃત્ત થવાના હોવાથી અને મહારાષ્ટ્રના સુનેત્રા અજિત પવારે રાજ્યસભાના સભ્યપદેથી તા. ૦૬-૦૫-૨૦૨૬એ રાજીનામું આપ્યું હોવાથી આ રાજ્યો સહિત કુલ ૧૨ રાજ્યની ૨૬ બેઠક માટે ૧૮ જૂને મતદાન યોજાશે.

સુનેત્રા પવારે રાજીનામું આપી દીધું હોવાને કારણે જગ્યા ખાલી પડી હતી તેથી હવે આ બેઠક માટે કોને ઉમેદવારી આપવામાં આવશે તેની રાજકીય વર્તુળમાં ચર્ચા છે.

રાજ્યસભામાંના ૧૦ રાજ્યના ૨૪ સાંસદ નિવૃત્ત થવાના હોવાથી અને બે રાજ્યમાંના રાજ્યસભાના બે સાંસદે રાજીનામું આપ્યું હોવાથી કુલ ૨૬ બેઠક માટે મતદાન યોજાશે.

## દેશનાં ૧૨ રાજ્યની ૨૬ બેઠક માટે મતદાન થશે

રાજ્યસભામાં નિવૃત્ત થનારા સાંસદોમાં આંધ્ર પ્રદેશના ચાર (અયોધ્યા રામી રેડ્ડી, થવાણી પરિમલ, પિલ્લી સુભાષચંદ્ર બોઝ, સના સતીશ બાબુ), ગુજરાતના ચાર (રામભાઈ હરજીભાઈ મોકારિયા, અમિન નરહરિ હિરાભાઈ, ગોહિલ શક્તિસિંહજી હરીચંદ્રસિંહજી), ઝારખંડના બે (દીપક પ્રકાશ, શિબુ સોરેન), મધ્ય પ્રદેશના ત્રણ (જ્યોર્જ કુરિયન, દિગ્વિજયસિંહ, સુમેર સિંહ સોલંકી), મણિપુર એક (મહારાજા સનાજાઓબા લિશેમ્બા), મેઘાલય એક (વાનવેટ્રોય ખાર્લુખી), રાજસ્થાન ત્રણ (નિરજ ડાંગી, રાજેન્દ્ર ગહલોત, રવનિત સિંહ), અરુણાચલ પ્રદેશ એક (નાબામ રાબિયા), કર્ણાટક ચાર (નારાયણ કોરાગાપ્પા, ઈરાન્ના કડાડી, એચ. ડી. દેવગોવડા, મલ્લિકાર્જુન ખડગે), મિઝોરમ એક (કે. વાન્લાલવેના) એમ કુલ ૨૪ સાંસદનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્ર અને તમિળનાડુમાં પણ રાજ્યસભાની બે બેઠક ખાલી છે જેમાં અનુક્રમે સુનેત્રા અજિત પવાર અને સી.વી. શાનમુગમનો સમાવેશ થાય છે.

ભૂતપૂર્વ વડા પ્રધાન એચ. ડી. દેવ ગોવડા, કૉંગ્રેસના નેતા દિગ્વિજય સિંહ અને મલ્લિકાર્જુન ખડગે સહિતના સાંસદો નિવૃત્ત થવાના હોવાથી કે પછી અમુક સાંસદે રાજીનામું આપ્યું હોવાથી રાજ્યસભાની ૨૬ બેઠક માટે ૧૮ જૂને મતદાન યોજાશે, એમ ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

૧૦ રાજ્યના આ સાંસદો ૨૧ જૂનથી ૧૯ જુલાઈ દરમિયાન નિવૃત્ત થવાના છે.

આંધ્ર પ્રદેશ, ગુજરાત અને કર્ણાટક પ્રત્યેકમાં ચાર બેઠક, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન પ્રત્યેકમાં ત્રણ બેઠક, ઝારખંડમાં બે બેઠક, મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને મિઝોરમ પ્રત્યેકમાં એક બેઠક માટે ચૂંટણી યોજાશે.

ઉમેદવારી નોંધાવવાની અંતિમ તારીખ આઠમી જૂન છે.

રાજ્યસભામાંથી નિવૃત્ત થઈ રહેલા સાંસદોમાં ભૂતપૂર્વ વડા પ્રધાન દેવ ગોવડા, કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે

(જુઓ પાનું ૨) ▸▸

# ડૉલર સામે રૂપિયો ૭૬ પૈસા ઊંચકાઈને ૯૬ની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈરાન સાથે થઈ રહેલી રાજદ્વારી વાટાઘાટો સકારાત્મક દિશામાં આગળ વધી રહી હોવાનું અમેરિકી સચિવ માર્કો રુબિયોએ સંકેત આપવાની સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ઊંચી સપાટીએથી પાછી ફરી હોવાના પ્રોત્સાહક અહેવાલ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણ ઉપરાંત સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ અને ક્રૂડતેલના ભાવમાં પણ નરમાઈનું વલણ રહેતાં આજે સતત બીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ ૭૬ પૈસા ઊંચકાઈને ૯૬ની સપાટીની અંદર ઉતરીને ૯૫.૬૦ના મથાળે બંધ રહ્યો હતો.

ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૩૬ના બંધ સામે સાધારણ સુધારા સાથે

(જુઓ પાનું ૨) ▸▸

## રિઝર્વ બૅન્ક સરકારને ₹ ૨.૮૭ લાખ કરોડનું ડિવિડન્ડ ચૂકવશે

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ શુક્રવારે સરકારને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિક્રમી ૨.૮૭ લાખ કરોડ રૂપિયનું ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી હતી.

૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં આ ડિવિડન્ડ એટલે કે સરપ્રાઈઝ ટ્રાન્સફર ૨.૧ લાખ કરોડ રૂપિયા હતી જે ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષની તુલનામાં ૨૭.૪ ટકા વધારે હતી. રાજ્યપાલ સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં મળેલી આરબીઆઈના સેન્ટ્રલ બોર્ડ ઑફ ડિરેક્ટરની બેઠકમાં ડિવિડન્ડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આરબીઆઈએ એક નિવેદનમાં કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## ₹ ૧૧૯ કરોડથી વધુની છેતરપિંડીનો કેસ

# અમદાવાદ અને મુંબઈમાં સીબીઆઈના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ મેસર્સ શ્રી હરિ એક્સટ્રુઝન પ્રાઇવેટ લિમિટેડ અને મેસર્સ જય ફોર્મ્યુલેશન્સ લિમિટેડ સામે નોંધાયેલા બે અલગ અલગ કેસોના અમદાવાદ અને મુંબઈમાં કુલ ૭ પરિસરમાં દરોડા પાડ્યા હતા. મુંબઈ અને અમદાવાદ માં કંપનીના ડાયરેક્ટરોની ઓફિસ અને રહેઠાણે દરોડા પાડીને મોટા પ્રમાણમાં વાંધાજનક દસ્તાવેજો અને ડિજિટલ ડિવાઇસ જપ્ત કરીને તપાસ શરૂ કરી હતી.

મેસર્સ શ્રી હરિ એક્સટ્રુઝન કેસમાં, સ્પેશિયલ જજ, મુંબઈ દ્વારા સીબીઆઈ કેસ માટે જારી કરાયેલા સર્ચ

(જુઓ પાનું ૨) ▸▸

# ૭૨૧ વર્ષ પછી ભોજશાળામાં મહાઆરતી યોજાઇ

## જુમ્માની નમાજને બદલે દેવી સરસ્વતીની પૂજા થઇ

ધારઃ ૭૨૧ વર્ષ પછી મધ્ય પ્રદેશમાં આવેલા ધારની ઐતિહાસિક ભોજશાળામાં શુક્રવારે એક ખાસ ધાર્મિક અનુષ્ઠાન અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સવારથી સેંકડો હિન્દુ શ્રદ્ધાળુઓએ મા સરસ્વતીની પૂજા અર્ચના કરી હોવાના સમાચાર જાણવા મળ્યાં છે.

લગભગ ૨૩ વર્ષ બાદ શુક્રવારે નમાજના બદલે મહાઆરતી અને મા વાગ્દેવીની પૂજા કરવામાં આવી હતી.

સવારે ૯ વાગ્યે મા સરસ્વતી મંદિરમાં પહેલી આરતી કરવામાં આવી હતી, જે દરમિયાન સમગ્ર સંકુલ વૈદિક મંત્રોચ્ચારથી ગુંજી ઊઠ્યું હતું.

મહાઆરતીનો મુખ્ય કાર્યક્રમ બપોરે ૧ વાગ્યે યોજાયો હતો. ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ઘણા લોકોએ તેને ઐતિહાસિક અને દિવાળી જેવો દિવસ ગણાવ્યો હતો.

હાઈ કોર્ટના આદેશને પગલે, વહીવટીતંત્ર હાઈ એલર્ટ પર હતું, અને ભોજશાળા સહિત સમગ્ર શહેરમાં ૨૦૦૦થી વધુ પોલીસ કર્મચારી અને જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા.

કલેક્ટર રાજીવ રંજન મીણા અને પોલીસ અધિક્ષક સચિન શર્માએ જણાવ્યું હતું કે હાઈ કોર્ટના આદેશનું પાલન કરવામાં આવ્યું હતું, અને કડક

(જુઓ પાનું ૨) ▸▸

# મહિલાઓએ માઉન્ટ એવરેસ્ટ પરથી 'વંદે માતરમ્' ગાયું



**પર્વતારોહણઃ** સાઉથ કૉલ રૂટ મારફતે સફળતાપૂર્વક માઉન્ટ એવરેસ્ટ શિખર સર કર્યા બાદ આઈટીબીપીની મહિલા સભ્યોની પ્રથમ પર્વતારોહક ટુકડી. (એજન્સી)

નવી દિલ્હીઃ બોર્ડર સિક્યુરિટી ફોર્સ(બીએસએફ)ની એક મહિલા પર્વતારોહણ ટીમે માઉન્ટ એવરેસ્ટ સર કરીને રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. તેમજ વિશ્વના સૌથી ઊંચા શિખર પરથી 'વંદે માતરમ'નું ગાન કર્યું હતું. આ જાણકારી બીએસએફના પ્રવક્તાએ આપી હતી.

આ ટીમમાં લદ્દાખના કોન્સ્ટેબલ કૌસર ફાતિમા, પશ્ચિમ બંગાળના મુનમુન ઘોષ, ઉત્તરાખંડના રેબેકા સિંહ અને કારગિલના ત્સેરિંગ ચોરોલનો સમાવેશ થાય છે. બીએસએફના પ્રવક્તાએ જણાવ્યું કે

(જુઓ પાનું ૨) ▸▸

## એવરેસ્ટ પરથી ઊતરતી વખતે બે ભારતીયનાં મોત

કાઠમંડુઃ એવરેસ્ટ પરથી ઊતરતી વખતે બે ભારતીય પર્વતારોહકનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું.

મૃતક પર્વતારોહકને અરુણકુમાર તિવારી અને સંદીપ આરે તરીકે ઓળખી

(જુઓ પાનું ૨) ▸▸

# વૉટ્સઍપના મેસેજની સુરક્ષિતતા અંગે કેસ

વૉશિંગ્ટન : માર્ક ઝકરબર્ગની માલિકીની સોશ્યલ મીડિયા કંપની મેટાના વોટ્સએપ પર વપરાશકર્તાઓને તેમના સંદેશાઓ ખરેખર કેટલા ખાનગી અને સુરક્ષિત છે તે અંગે ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. રોઇટર્સના અહેવાલ મુજબ, ટેક્સાસના એટર્ની જનરલ કેન પેક્સટને મેટા અને વોટ્સએપ પર દાવો માંડ્યો છે, જેમાં તેમના પર એપના એન્ક્રિપ્શન અને ગોપનીયતા સુરક્ષા વિશે વપરાશકર્તાઓને ખોટી છાપ

(જુઓ પાનું ૨) ▸▸

# સરકારી કર્મચારીઓનાં સંતાનોને અનામતનો લાભ આપવાનો સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે પછાત જાતિના સારું કમાતા અને સુશિક્ષિત પરિવારના બાળકોને અનામતનો લાભ આપવા સામે શુક્રવારે સવાલ ઉઠાવ્યો હતો અને રાજ્ય સરકારની નોકરી કરતા માતા-પિતાના સંતાનને અનામતનો લાભ આપવાનો ઈનકાર કર્યો હતો.

જસ્ટિસ બી. વી નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની બનેલી બેન્ચ કર્ણાટક હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી અરજી સાંભળી રહી હતી. કર્ણાટક વડી અદાલતે ચુકાદો આપ્યો હતો કે જેના માતપિતા બન્ને સરકારી કર્મચારી છે એની અનામતમાંની બાદબાકી વાજબી છે.

બેન્ચે નિરીક્ષણ કર્યું હતું કે જો માતાપિતા સનદી અધિકારીઓ છે. અને શૈક્ષણિક અને આર્થિક

(જુઓ પાનું ૨) ▸▸

# છોકરીઓની છેડતી કરનારાઓને યમરાજને સોંપીશુંઃ યોગી આદિત્યનાથ

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં બેટી સાથે છેડતી કરનારને માફી નથી મળતી અને તેની રાહ યમરાજ કરે છે, એમ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે કહ્યું હતું. તેમણે સમાજવાદી પાર્ટી પર નિશાન તાકીને કહ્યું હતું કે સમાજવાદીના શાસન વખતે યુપીની ઓળખાણ ગુંડા અને માફિયા તરીકે થતી હતી.

યોદીએ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં આજે કોઈ બેટીની સુરક્ષામાં સેંધ લગાડી શકતું નથી. આજે કોઈ વેપારી પાસેથી બળજબરીથી ગુંડા ટેક્સ લેવામાં આવતો નથી. આજે કોઈ કહી નથી શકતું કે છોકરીઓ સાંજના છ વાગ્યા સુધી ઘરે આવી જાય. હવે તો યુપીમાં છોકરીઓ નાઈટ શિફ્ટમાં કામ કરે છે. જો કોઈ ગુંડા બેટીની છેડતી કરવાનો પ્રયાસ કરે છે તો પછીના ચોકમાં યમરાજ તેની ટિકિટ કાપવા બેસેલા હોય છે. યોગીએ વધુમાં કહ્યું હતું કે આજે

(જુઓ પાનું ૨) ▸▸

# ભારતને જેટલું તેલ જોઈએ તેટલું આપીશુંઃ અમેરિકા

વૉશિંગ્ટનઃ ''અમેરિકા ભારતને જેટલું તેલ જોઈએ તેટલું પૂરું પાડવા તૈયાર છે,'' તેવું અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ તેમની ભારત મુલાકાત પહેલા જણાવ્યું હતું.

રુબિયોએ તેમની આગામી ભારત મુલાકાત પહેલા નવી દિલ્હીને અમર્યાદિત ઊર્જા વેચવાની વોશિંગ્ટનની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

તેમણે સ્પષ્ટ કર્યું છે કે વોશિંગ્ટન ભારતને જેટલી ઊર્જા ખરીદવા માંગે છે તેટલી વેચવા માટે તૈયાર છે.

મિયામીમાં પત્રકારો સાથે વાત કરતા, રુબિયોએ ભારતને એક મહાન સાથી અને ભાગીદાર ગણાવ્યું હતું. અહેવાલ

(જુઓ પાનું ૨) ▸▸



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુવાનોમાં કોક્રોચ પાર્ટી માટે કેમ ઊભરો આવી ગયો?

**ભારતમાં** પોતાને રાજકીય સંગઠન ગણાવતી કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) અચાનક લાઈમલાઈટમાં આવી ગઈ છે અને વિવાદોની વણઝાર સર્જી દીધી છે. એક તરફ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સીજેપીના ફોલોઅર્સ ધડાધડ વધી રહ્યા છે અને વિપક્ષના કેટલાક નેતા પણ સીજેપીને ફોલો કરવા માંડ્યા છે ત્યારે બીજી તરફ કેન્દ્ર સરકારે સીજેપીને રાષ્ટ્રની સુરક્ષા માટે ખતરારૂપ ગણાવીને તેના એક્સ એકાઉન્ટને બ્લોક કરાવી દીધું છે. તેનાથી ડગ્યા વિના સીજેપીએ એક્સ પર 'કોકરોચ ઇઝ બેક' નામે નવું એકાઉન્ટ બનાવી દીધું છે. જે એકાઉન્ટ બ્લોક કરાયું તેના બે લાખ જેટલા ફોલોઅર્સ હતા જ્યારે નવું એકાઉન્ટ શરૂ થયું તેના ૨૪ કલાક કરતાં ઓછા સમયમાં તો ફોલોઅર્સની સંખ્યા સવા લાખ પર પહોંચી ગઈ છે.

આ ગાળો અને આક્ષેપો વચ્ચે જેન-ઝી એટલે કે યુવાઓના પ્રિય મનાતા ઈન્સ્ટાગ્રામ પર તો સીજેપીનું એકાઉન્ટ બ્લોકબસ્ટર બની ગયું છે. સીજેપીના ફોલોઅર્સ ભાજપ અને કૉંગ્રેસના ફોલોઅર્સ કરતાં પણ વધારે થઈ ગયા છે. ઈન્સ્ટા પર ભાજપના ૯૦ લાખ અને કૉંગ્રેસના ૧.૩૪ કરોડ ફોલોઅર્સ છે જ્યારે સીજેપીના ફોલોઅર્સની સંખ્યા ૨ કરોડને પાર થઈ ગઈ છે. ગુરુવાર સાંજ સુધીમાં સીજેપીના ફોલોઅર્સનો આંકડો ૧ કરોડને પાર નહોતો થયો એ જોતાં બે દિવસમાં જ આંકડો બમણો થઈ ગયો છે. અભિજીત દીપકેએ કોક્રોચ પાર્ટીના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટને હેક કરવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કર્યો પછી ફોલોઅર્સના વધારામાં તેજી આવી ગઈ છે.

કેન્દ્ર સરકારે કોક્રોચ પાર્ટીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને હજુ બ્લોક નથી કરાવ્યું પણ તેને મળી રહેલા પ્રચંડ પ્રતિસાદને જોતા બહુ જલદી કોક્રોચ પાર્ટીનું ઈન્સ્ટા એકાઉન્ટ પણ બ્લોક થઈ જાય એવું બને. પાર્ટીના એક્સ એકાઉન્ટને બ્લોક કરવા માટે સરકારે એવું કારણ આપ્યું છે કે, આ પ્લેટફોર્મ્સ પરથી દેશની સુરક્ષા માટે ખતરારૂપ સામગ્રી પિરસાય એનો ખતરો હોવાનો ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)નો રિપોર્ટ છે તેથી તેનું એકાઉન્ટ બ્લોક કરી દેવાયું છે. રાષ્ટ્રીય સુરક્ષા અત્યંત સંવેદનશીલ મુદ્દો છે તેથી તેની સામેના ખતરાને ગંભીરતાથી લેવો પડે તેથી સરકારે પાણી પહેલાં પાળ બાંધીને એકાઉન્ટ બ્લોક કરી દીધું. કેન્દ્ર સરકારે પોતાની સત્તાનો ઉપયોગ કરીને કશું ખોટું કર્યું નથી પણ તેના કારણે કોક્રોચ પાર્ટીની લોકપ્રિયતામાં ઓટ નથી આવી એ સૂચક છે.

જેન-ઝી તરફથી મળી રહેલા પ્રચંડ પ્રતિસાદ વચ્ચે સોશ્યલ મીડિયા પર જોરદાર જંગ પણ જામ્યો છે. સીજેપીનો સ્થાપક અભિજીત મૂળ છત્રપતિ સંભાજીનગરનો છે અને પુણેમાં માસ મીડિયાનો અભ્યાસ કર્યા પછી હાલમાં અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાં ભણે છે. કોઈએ ખણખોદ કરીને શોધી કાઢ્યું છે કે, અભિજીત પહેલાં અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીનો કંઠીધારી હતો. ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી કેજરીવાલની આમ આદમી પાર્ટીના સોશ્યલ મીડિયા સ્ટ્રેટેજિસ્ટ હતા અને ૨૦૨૦ની દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં અભિજીતે આપ માટે વાયરલ મીમ આધારિત ઓનલાઈન પ્રચાર સામગ્રી બનાવી હતી. આ વાત સાચી છે કે નહીં એ ખબર નથી પણ તેને મુદ્દો બનાવીને ભાજપ સમર્થકો અભિજીતને કેજરીવાલનો દલાલ ગણાવીને તૂટી પડ્યા છે. કેજરીવાલના ઈશારે અભિજીત દેશમાં અંધાધૂંધી અને અરાજકતા ફેલાવવા મથી રહ્યો છે એવા આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે..

કોક્રોચ પાર્ટીનો મુકાબલો કરવા માટે ઓનલાઈન ઊગી જનતા પાર્ટી પણ ઊભી કરી દેવાઈ છે. પ્રખ્યાત કાર્ટૂન ઓગીથી પ્રેરિત થઈને બનાવાયેલું આ સંગઠન કોક્રોચ પાર્ટી અને અભિજીત સહિતના તેના સ્થાપકોની સામે ઝેર ઓકી રહ્યું છે. સામે કોક્રોચ પાર્ટીના સમર્થકો પણ જવાબ આપી રહ્યા છે તેથી વર્ચ્યુઅલ જંગ જામ્યો છે. અભિજીતે પોતે દલિત હોવાનું જાહેર કર્યું પછી સોશ્યલ મીડિયા પર જ્ઞાતિવાદી કોમેન્ટ્સનો ગંદવાડ પણ ઠલવાઈ રહ્યો છે. કેટલાક નીચ લોકો અભિજીતની જ્ઞાતિનો ઉલ્લેખ કરીને ગંદી ગાળો આપી રહ્યા છે.

આ જંગ હજુ વધુ ઉગ્ર બનશે તેથી તેના વિશે અત્યારથી ઝાઝું પિષ્ટપિંજણ કરવાનો મતલબ નથી. અભિજીત દીપકે અમેરિકામાં રહીને અભિયાન ચલાવે છે તેથી તેના ઈરાદા પણ એકદમ શુદ્ધ છે એવું માની લેવાની જરૂર નથી. દીપકે વિશે વધારે વિગતો બહાર આવે, તેને કોનું પીઠબળ છે તેની ખબર પડે પછી તેના વિશે વધારે કંઈ કહી શકાય પણ અત્યારે મુખ્ય મુદ્દો કોક્રોચ પાર્ટીને યુવાઓ તરફથી કેમ પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે એ છે. તેનું કારણ કોક્રોચ પાર્ટીએ બનાવેલો પોતાનો પ્રોફાઈલ છે. હાલની યુવા પેઢીને પોતાને બાગી અને જૂનાં લોકોથી અલગ ગણાવાનું ગમે છે. અભિજીત દીપકે આણિ મંડળીએ કોક્રોચ પાર્ટીને આ જ વર્ગની પાર્ટી તરીકે રજૂ કરી તેનાથી જેન-ઝી તેના પર ઓળઘોળ થઈ ગઈ છે.

કોક્રોચ પાર્ટીને એવા લોકોની પાર્ટી તરીકે રજૂ કરાઈ છે કે જેમને સિસ્ટમ ગણકારતું જ નથી. કોક્રોચ જનતા પાર્ટીએ પાર્ટીમાં જોડાવા માટે અનએમ્પ્લોઇડ (બેરોજગાર), લેઝી (આળસુ), ક્રોનિકલી ઓનલાઇન (ઓનલાઈનના બંધાણી) અને એબિલિટી ટુ રેન્ટ પ્રોફેશનલી (પ્રોફેશનલી પોતાનો ગુસ્સા વ્યક્ત કરવાની ક્ષમતા) એ ચાર મુખ્ય લાયકાત ગણાવી છે જ્યારે ૫ વચનો અપાયાં છે. આ વચનોમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત મહત્ત્વનું છે પણ એ સિવાયનાં બાકીનાં વચનો ચૂંટણી પંચ, મીડિયા, ઉદ્યોગપતિઓ વગેરેને ટાર્ગેટ કરનારાં છે. ભાજપ તેમની મદદથી સત્તા કબજે કરી રહ્યો છે એવા આક્ષેપો થાય છે તેથી કોક્રોચ પાર્ટીનું નિશાન ભાજપ હોવાનું સ્પષ્ટ જ છે.

પાર્ટીનું નામ કોક્રોચ પાર્ટી રખાયું એ માટે પણ ચીફ જસ્ટિસ સૂર્યકાન્તની કોમેન્ટ જવાબદાર છે તેથી ન્યાયતંત્ર પણ ટાર્ગેટ છે. ૧૫ મે ૨૦૨૬ ના રોજ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે એક અરજી પર સુનાવણી દરમિયાન બેરાજગારોને કોક્રોચ સાથે સરખાવ્યા હતા. સૂર્યકાંતે કહેલું કે, આ વ્યવસાયમાં રોજગાર મળી રહ્યો નથી એવા કેટલાક યુવાનો કોક્રોચની જેમ મીડિયા, સોશ્યલ મીડિયામાં સક્રિય બનીને કે આરટીઆઈ તથા અન્ય પ્રકારના એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલા શરૂ કરી દે છે. મીડિયામાં આ અહેવાલ છપાયો તેના બીજા જ દિવસે કોક્રોટ પાર્ટી શરૂ થઈ ગઈ તેથી યુવાનો તરત કનેક્ટ થઈ ગયા. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે એ પછી સ્પષ્ટતા કરી કે, પોતાની વાતનું ખોટું અર્થઘટન કરાયું છે કેમ કે પોતે તો બોગસ ડિગ્રી લઈને વકીલાત કરનારા લોકોને કોક્રોચ ગણાવેલા પણ હવે કોણ તેમની વાત સાંભળે ? તીર છૂટી ગયું એ છૂટી ગયું.

કોક્રોચ પાર્ટીએ અત્યારે ધૂમ મચાવી છે પણ એ લાંબું ટકશે કે નહીં એ કહેવું મુશ્કેલ છે. સોશ્યલ મીડિયા પરનાં અભિયાન ઊભરા જેવાં હોય છે. થોડો સમય ઊભરો રહે ત્યાં લગી હોહા થાય ને પછી બધું ઠંડુંગાર. કોક્રોચ પાર્ટી અપવાદ સાબિત થાય છે કે નહીં એ જોઈએ. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શનિવાર, તા. ૨૩-૫-૨૦૨૬, દુર્ગાષ્ટમી

- ભારતીય દિનાંક ૨, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ સુદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૮ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૫, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૭-૩૪
- ઓટઃ સવારે ક. ૧૧-૦૦, મધ્યરાત્રે ક. ૦૦-૩૫ (તા. ૨૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અધિક જયેષ્ઠ શુક્લ – અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૪ થી સાંજે ક. ૧૬-૩૯. પશ્ચિમમાં બુધ દર્શન.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, પિતૃપૂજા, વડનું પૂજન, ધાન્ય ઘરે લાવવું, વિશેષરૂપે શ્રી સૂર્ય-ગણેશ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- પુરુષોત્તમ માસ મહિમાઃ અધિક માસને મલમાસ (મળમાસ) કહી તેનો તિરસ્કાર ન કરવો. તેની ઉપાસના ન કરવી. સર્જનહારે તેનું નામ પુરુષોત્તમ માસ પાડ્યું છે. ભગવાને પોતાની લગભગ બધી શક્તિ, ઐશ્વર્ય આ માસના સમયને અર્પણ કરેલા છે. આથી સર્વ વ્રતોમાં આ માસનું વ્રત ઉત્કૃષ્ઠ છે. પુરુષોત્તમ માસમાં દીપદાનનું અદ્ભુત મહત્ત્વ છે. સાંજના સમયે ઘરના આંગણે, તુલસી ક્યારે અથવા મંદિરમાં ઘીનો દીવો પ્રગટાવવાથી ઘરમાં લક્ષ્મીનો વાસ થાય છે.
- આચમનઃ શુક્ર-હર્ષલ ત્રિકોણ ઉતાવળિયું લગ્ન થાય, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ વ્યવહારમાં મુશ્કેલી પડે, ચંદ્ર-મંગળ ત્રિકોણ વારસાથી લાભ. ચંદ્ર-રાહુ પ્રતિયુતિ પાચનશક્તિ નબળી રહે.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ. ચંદ્ર-મઘા યુતિ, ચંદ્ર ક્રાંતિવૃત્તથી દક્ષિણે આવશે. બુધનો પશ્ચિમમાં ઉદય થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-વૃષભ, માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, માર્ગી શનિ-મીન રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# બંગાળના ભૂતપૂર્વ ડીસીપીના ઘરનું તાળું તોડીને ઇડીની ટીમ ઘૂસી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં કથિત ખંડણી રેકેટની તપાસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ શુક્રવારે સવારે મોટા પાયે દરોડા પાડ્યા હતા.

ઇડીની ટીમે મુર્શિદાબાદ જિલ્લાના કાંડી શહેરમાં કોલકાતા પોલીસના ભૂતપૂર્વ ડેપ્યુટી કમિશનર (ડીસી) અને કાલીઘાટ પોલીસ સ્ટેશનના ભૂતપૂર્વ ઇન્સ્પેક્ટર-ઇન-ચાર્જ (આઈસી) શાંતનુ સિંહા બિશ્વાસના વૈભવી પૂર્વજોના ઘરમાં ઘૂસીને તપાસ કરી હતી. કાંડી નગરપાલિકાના વોર્ડ નંબર ૮માં આવેલું આ ઘર છેલ્લા અઠવાડિયાથી સંપૂર્ણપણે બંધ હતું.

શાંતનુ સિંહા બિશ્વાસ કોલકાતાના કાલીઘાટ પોલીસ સ્ટેશનના ભૂતપૂર્વ ઇન્સ્પેક્ટર-ઇન-ચાર્જ (આઈસી) અને ડેપ્યુટી કમિશનર (ડીસી) છે અને હાલમાં જમીન સંબંધિત નાણાકીય છેતરપિંડીના કેસમાં ઇડીની કસ્ટડીમાં છે.

શાંતનુ સિંહા વિશ્વાસની બહેન ગૌરી સિંહા બિશ્વાસ હાલમાં કાંડી નગરપાલિકાના ઉપપ્રમુખ છે. દરોડા દરમિયાન તે પણ ઘરમાં હાજર ન હતી. ઘર તાળું મારેલું હોવાથી, ઇડીના અધિકારીઓએ બહારથી તપાસ શરૂ કરી હતી, સ્થાનિક રહેવાસીઓ સાથે વાત કરી હતી અને પછી તાળું તોડીને ઘરમાં પ્રવેશ કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી ''સોના પપ્પુ'' તરીકે ઓળખાતા અને શાંતનુ સિંહા બિશ્વાસ સાથે સંબંધિત કથિત ખંડણી નેટવર્કની તપાસના ભાગ રૂપે કરવામાં આવી રહી છે.

અહેવાલો અનુસાર, ઇડીની ટીમોએ સવારે ૬ વાગ્યાની આસપાસ એક સાથે અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા.

કોલકાતાના રોય સ્ટ્રીટ પરની એક હોટલ અને એક ઉદ્યોગપતિના ઘરે દરોડા પાડવામાં આવ્યા હતા.

તપાસ એજન્સીએ કોલકાતા પોલીસના સબ-ઇન્સ્પેક્ટરના નિવાસસ્થાનની પણ મુલાકાત લીધી હતી.

એજન્સી કથિત ખંડણી, ગેરકાયદેસર વ્યવહારો અને પોલીસ અધિકારીઓ સાથે સંકળાયેલા સંભવિત નાણાકીય નેટવર્કની તપાસ કરી રહી છે.

જોકે ઇડીએ હજુ સુધી સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, તે ડિજિટલ રેકોર્ડ અને નાણાકીય વ્યવહારો સંબંધિત પુરાવા એકત્રિત કરી રહી છે. બંગાળમાં અનેક સ્થળોએ એક સાથે થયેલી આ કાર્યવાહીથી રાજકીય અને વહીવટી વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. એવું માનવામાં આવે છે કે આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસા થઈ શકે છે. ■

# ગાંધીધામ બીએસએફ કેમ્પમાં ફાયરિંગથી જવાનનું મોત

ભુજઃ કચ્છની સરહદે તહેનાત અને ગાંધીધામમાં આવેલી સીમા સુરક્ષા દળની ૯૦ નંબરની બટાલિયનના હેડક્વાર્ટર ખાતે એક ૨૪ વર્ષીય જવાનને ભેદી સંજોગોમાં ગોળી વાગવાથી કરુણ મોત નીપજતાં ચકચાર મચી ગઈ હતી.

શુક્રવારે સવારે નવ વાગ્યાના અરસામાં બનેલી આ ઘટનામાં પંકજ મેમાકિયા નામના જવાનના શરીર પર તેની જ એકે-૪૭ રાઇફલમાંથી ફાયરિંગ થયું હતું. લોહીલુહાણ હાલતમાં જવાનને તાત્કાલિક ગાંધીધામની રામબાગ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, જવાનના મૃતદેહને વધુ તપાસ અને પોસ્ટમોર્ટમ અર્થે જામનગર લઈ જવાની તજવીજ હાથ ધરાઈ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાત, મહારાષ્ટ્રમાં

(બંને કર્ણાટક), કેન્દ્રીય પ્રધાન રવનિત સિંહ (રાજસ્થાન) અને જ્યોર્જ કુરિયન (મધ્ય પ્રદેશ), ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દિગ્વિજય સિંહ અને કૉંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલ સહિત અન્ય નેતાઓનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને તમિળનાડુ પ્રત્યેકની એક બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે રાજીનામું આપતાં એક બેઠક ખાલી પડી હતી. આ ઉપરાંત રાજસ્થાનમાં રવનિત સિંહ સાથે જેમની મુદત પૂરી થઈ રહી છે તેમાં કૉંગ્રેસના નિરજ ડાંગી અને ભાજપના રાજેન્દ્ર ગહલોતનો સમાવેશ થાય છે. રાજસ્થાન રાજ્યસભાની કુલ ૧૦ બેઠક ધરાવે છે. ભાજપ અને કૉંગ્રેસ પ્રત્યેક પાસે હાલ પાંચ બેઠક છે.

૨૦૦ સભ્ય ધરાવતી રાજસ્થાન વિધાનસભામાં વર્તમાનમાં પક્ષના સંખ્યાબળને ધ્યાન પર લેતાં ભાજપ ત્રણમાંથી બે બેઠક પર તો કૉંગ્રેસ એક બેઠક પર વિજય મેળવી શકે એમ છે. રાજસ્થાન વિધાનસભામાં ભાજપના ૧૧૮ તો કૉંગ્રેસના ૬૭ સભ્ય છે. બસપના બે, ભારત આદિવાસી પાર્ટીના ચાર, રાષ્ટ્રીય લોકદળના એક અને આઠ સ્વતંત્ર ઉમેદવાર છે.

રાજ્યસભાની બેઠક માટેની ચૂંટણી સંબંધિત રાજ્ય વિધાનસભામાં યોજવામાં આવે છે જ્યાં મતદાન માટે ઈવીએમનો ઉપયોગ કરવામાં આવે છે. લોકસભા તેમ જ વિધાનસભાથી વિપરિત રાજ્યસભાની બેઠકની ચૂંટણીના મતદાન માટે ઈવીએમને બદલે બૅલટ પેપરનો ઉપયોગ કરવામાં આવે છે. (એજન્સી) ■

### રૂ. ૧૧૯ કરોડથી

વોરંટના આધારે આ કંપનીઓના ડિરેક્ટરોના રહેણાંક પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેના પરિણામે ગુનાહિત દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે અને તપાસ ચાલુ છે. આ કેસ બેંક પાસેથી મેળવેલી રોકડ ક્રેડિટ અને ટર્મ લોન સુવિધાઓ સંબંધિત કેસમાં પંજાબ નેશનલ બેંક સાથે રૂ. ૬૧.૯૮ કરોડની છેતરપિંડીનો છે. ત્યારબાદ દેવાદારોએ છેતરપિંડીનો આશરો લીધો હતો અને લોન ભંડોળનો દુરુપયોગ કરીને અસુરક્ષિત લોન, સિસ્ટર કંપનીઓ સાથે વ્યવહાર, ધિરાણકર્તા બૅન્ક સાથે વેચાણને રૂટ ન કરવું, સંબંધિત પક્ષોને ચુકવણી વગેરેનો દુરુપયોગ કર્યો હતો.

મેસર્સ જય ફોર્મ્યુલેશન્સ લિમિટેડમાં, અમદાવાદ ખાતે કોર્ટ દ્વારા જારી કરાયેલા સર્ચ વોરંટના આધારે આ કંપનીઓના ડિરેક્ટરોના રહેણાંક પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ કેસ સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયા સાથે ક્રેડિટ ફેસિલિટી ફંડ આધારિત તેમજ નોન-ફંડ-આધારિત કેસમાં ખોટા ખાતાઓના આધારે રૂ. ૫૭.૦૫ કરોડની છેતરપિંડી અને ત્યારબાદ લોન ભંડોળને ડાયવર્ટ કરવાનો છે આ બે કેસોમાં જાહેર ક્ષેત્રની બૅન્કોને થયેલા ખોટા નુકસાનનું કુલ પ્રમાણ રૂ. ૧૧૯.૦૩ કરોડ છે. ■

### ૭૨૧ વર્ષ પછી

સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ૧૫ મેના રોજ આપેલા પોતાના નિર્ણયમાં, હાઈ કોર્ટે ભોજશાળા સંકુલને મંદિર જાહેર કર્યું હતું. દરમિયાન, મુસ્લિમ પક્ષકારો અબ્દુલ સમદ અને શહેર કાઝી વકાર સાદિકે જણાવ્યું હતું કે તેમણે સુપ્રીમ કોર્ટમાં ખાસ અપીલ દાખલ કરી છે. ચુકાદાને પડકારવાની અપેક્ષાએ, હિન્દુ પક્ષકારોએ પહેલાથી જ સુપ્રીમ કોર્ટમાં કેવિએટ અરજી દાખલ કરી હતી, જેમાં વિનંતી કરવામાં આવી છે કે તેમની વાત સાંભળ્યા વિના કોઈ એકપક્ષીય આદેશ આપવો નહીં. વહીવટીતંત્રે દરેકને શાંતિ જાળવવા અને સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી હતી. મુસ્લિમ સમુદાયના કેટલાક લોકોએ તેમના વ્યવસાયો બંધ રાખવા અને વિરોધ કરવા માટે કાળી પટ્ટી પહેરવાની ધમકી પણ આપી હતી. ■

### ડૉલર સામે

૯૬.૩૦ના મથાળે ખૂલ્યા બાદ નીચામાં ૯૬.૩૦ અને ઉપરમાં ૯૫.૬૦ સુધી મજબૂત થયા બાદ અંતે ૭૬ પૈસાના સુધારા સાથે સત્રની ઊંચી ૯૫.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૫૦ પૈસાનો સુધારો આવ્યો હતો.

એકંદરે હજુ વૈશ્વિક સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચે ભૂરાજકીય અનિશ્ચિતતાનું વાતાવરણ હોવાથી ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહેશે. તેમ છતાં બન્ને દેશો વચ્ચે શાંતિ કરાર થવાના આશાવાદ સાથે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવે તો રૂપિયાને ટેકો મળી શકે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૫.૫૦થી ૯૬.૩૦ની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. વધુમાં આજે વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે સરકાર રૂપિયાની નબળાઈને ધ્યાનમાં લેતાં ચાલુ ખાતાની ખાધ અંકુશમાં રાખવા માટે ઘણાં પગલાં વિચારી રહી હોવાનું જણાવતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૯૯.૨૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૨.૧૮ ટકા વધીને બેરલદીઠ ૧૦૪.૮૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૩૧.૯૯ પૉઈન્ટનો અને ૬૪.૬૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૮૯૧.૨૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. ■

### રિઝર્વ બૅન્ક

જોખમી જોગવાઈ અને સ્ટેચ્યુટરી ટ્રાન્સફર કર્યા બાદ ચોખ્ખી આવક નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૩,૯૫,૯૭૨.૧૦ કરોડ હતી. આની તુલનામાં ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં આ આવક ૩,૧૩,૪૫૫.૭૦ કરોડ રૂપિયા હતી. સેન્ટ્રલ બૅન્કની બેલેન્સ શીટ ૩૧ માર્ચ ૨૦૨૬એ ૨૦.૬૧ ટકા વિસ્તરણ પામીને ૯૧,૯૭,૧૨૧.૦૮ કરોડ રૂપિયા થઈ હતી. (એજન્સી) ■

### સરકારી કર્મચારીઓના

સશક્તીકરણને લીધે તેમનું સામાજિક ઉત્થાન થયું છે. આમ છતાં બાળકો માટે અનામતનો લાભ તેઓ માગી રહ્યા છે? આપણે આમાંથી ક્યારેય બહાર નહીં આવી શકીશું. બેન્ચે આ બાબતમાં નોટિસ આપી હતી. સર્વોચ્ચ અદાલતે ટિપ્પણી કરી હતી કે જો વિદ્યાર્થીના માતાપિતા સારા પગારવાળી નોકરી કરતા હોય તો તેમના બાળકોએ અનામતનો લાભ ન લેવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે સરકારે અગાઉ જ અનેક આદેશો આપ્યા છે કે આવા સમૃદ્ધ વર્ગને અનામતના લાભ ન આપવા.

`બેન્ચે કહ્યું હતું કે આર્થિક રીતે નબળા વર્ગો અને કચડાયેલા જૂથ માટે સામાજિક નહીં આર્થિક પછાતપણું છે. હા, પણ એકવાર માતાપિતાએ અનામતનો લાભ લઈને સારા આર્થિક સ્તરે પહોંચ્યા બાદ પછાતપણું રહેતું નથી. (એજન્સી) ■

### મહિલાઓએ માઉન્ટ એવરેસ્ટ

આ મહિલાઓએ ગુરુવારે સવારે ૮ વાગ્યે(આઇએસટી) સફળતાપૂર્વક માઉન્ટ એવરેસ્ટના શિખર પર ચઢાણ કર્યું હતું. પ્રવક્તાએ વધુમાં જણાવ્યું કે આ પર્વતારોહકોએ વિશ્વના સૌથી ઊંચા શિખર પરથી રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'નું ગાન પણ કર્યું હતું, જેનાથી રાષ્ટ્રીય ગૌરવની એક ઉમદા ક્ષણ સર્જાઇ હતી. બીએસએફ દ્વારા જારી એક નિવેદનમાં જણાવાયું છે કે આ અભિયાન વંદે માતરમના અમર વારસાને પણ શ્રદ્ધાંજલિ છે. આ ગીત રાષ્ટ્રની સેવામાં ભારતીય પેઢીઓને સતત પ્રેરણા આપતું રહ્યું છે. બીએસએફના ડિરેક્ટર જનરલ(ડીજી) પ્રવીણ કુમારે રેડિયો લિંક દ્વારા આ મહિલા કર્મચારીઓ સાથે વાત કરી હતી અને તેમને અભિનંદન આપ્યા હતા.

આ પર્વતારોહકોને તેમના પ્રથમ અભિયાન માટે ૬ એપ્રિલના રોજ દિલ્હીથી રવાના કરવામાં આવ્યા હતા. બંને ઘટનાઓ- ૮,૮૪૮.૮૬ મીટર ઊંચા શિખર પર મહિલાઓનું પ્રથમ અભિયાન અને રાષ્ટ્ર ગીત ગાવું- ખાસ મહત્ત્વ ધરાવે છે. જેનું આયોજન બીએસએફના ડાયમંડ જ્યુબિલી વર્ષ અને ૨૦૨૬માં 'વંદે માતરમ'ની ૧૫૦મી વર્ષગાંઠના ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

અગાઉ નેપાળ તરફથી માઉન્ટ એવરેસ્ટ પર બુધવારે (એક જ દિવસે) સફળતાપૂર્વક ચઢાણ કરનારા ૨૭૪ પર્વતારોહકોમાં ત્રણ ભારતીયોનો સમાવેશ થાય છે, જે એક દિવસમાં અત્યાર સુધી નોંધાયેલા સૌથી વધુ ચઢાણનો નવો રેકોર્ડ બનાવે છે. બુધવારે બધા ૨૭૪ પર્વતારોહકો ૮૮૪૮.૮૬ મીટર ઊંચા શિખર પર પહોંચ્યા હતા. નેપાળમાં એક્સપિડિશન ઓપરેટર્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી ઋષિ રામ ભંડારીએ જણાવ્યું કે નેપાળી શેરપાઓ સહિત આ પર્વતારોહકો એક જ દિવસમાં શિખર પર પહોંચ્યા હતા.

વર્લ્ડ રેકોર્ડ બનાવનાર ટીમમાં સામેલ ત્રણ ભારતીય પર્વતારોહકોમાં તુલસી રેડ્ડી પાલપુનૂરી, સંદીપ અરે અને અજય પાલ સિંહ ધાલીવાલનો સમાવેશ થાય છે. આ વસંતમાં એવરેસ્ટ પર ચઢાણ કરનારાઓ દ્વારા સ્થાપિત આ નવો રેકોર્ડ છે. ૨૦૨૬ના વસંતમાં ૫૦૨ પર્વતારોહકોએ એવરેસ્ટ પર ચઢાણ કરવાની પરવાનગી મેળવી હતી. અગાઉ મે ૨૦૧૯ નેપાળ તરફથી એક જ દિવસમાં ૨૨૩ પર્વતારોહકો શિખર પર પહોંચ્યા હતા. ગુરુવારે, ભારતના લક્ષ્મીકાંત મંડલ પણ વિશ્વના સૌથી ઊંચા શિખર પર પહોંચ્યા હતા. આ અભિયાનના આયોજક, પાયોનિયર એડવેન્ચર પ્રાઇવેટ લિમિટેડના જણાવ્યા અનુસાર, મંડલે છ નેપાળી શેરપા સહિત આઠ અન્ય લોકો સાથે એવરેસ્ટ પર ચઢાણ કર્યું. આ વસંતમાં બનાવવામાં આવેલા અન્ય રેકોર્ડ નેપાળના કામી રીતા શેરપા દ્વારા સ્થાપિત અન્ય નવા રેકોર્ડ છે, જેમણે ૩૨મી વખત શિખર પર ચઢાણ કરીને પોતાનો જ રેકોર્ડ તોડ્યો હતો. એ જ રીતે નેપાળના લક્ષ્મીકાંત શેરપા આ સિઝનમાં રેકોર્ડ ૧૧ વખત માઉન્ટ એવરેસ્ટ પર ચઢાણ કરનાર પ્રથમ મહિલા બન્યા હતા. ■

### વૉટ્સએપના મેસેજની

આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ''વોટ્સએપ તેની સેવાઓને સુરક્ષિત અને એન્ક્રિપ્ટેડ તરીકે માર્કેટિંગ કરે છે, પરંતુ તે તે વચનો પૂરાં કરતું નથી,'' તેવું પેક્સટનને ટાંકીને કહેવામાં આવ્યું હતું. કેસ મુજબ, વોટ્સએપે દાવો કર્યો છે કે યુઝર મેસેજ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શનથી સંપૂર્ણપણે સુરક્ષિત છે, જ્યારે મેટા પાસે કથિત રીતે મોટા પ્રમાણમાં ખાનગી સંચાર ડેટાની ઍક્સેસ હતી.

કેસમાં કહેવામાં આવ્યું છે કે કંપનીએ અબજો વપરાશકર્તાઓને મજબૂત ગોપનીયતાનું વચન આપ્યું હતું ,પરંતુ તે વચનો પૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ છે. મેટાએ તમામ આરોપોને નકારી કાઢ્યા છે. કંપનીના પ્રવક્તા એન્ડી સ્ટોને જણાવ્યું હતું કે વોટ્સએપ વપરાશકર્તાઓના એન્ક્રિપ્ટેડ સંદેશાઓ વાંચી કે ઍક્સેસ કરી શકતું નથી અને મુકદ્દમાને ખોટો ગણાવ્યો છે. આ કેસ મોટી ટેક કંપનીઓ પર ગોપનીયતા અને વપરાશકર્તા ડેટા અંગે વધતા વૈશ્વિક દબાણમાં વધારો કરે છે. આ પ્રકારના મુકદ્દમા ફરીથી પ્રશ્નો ઊભા કરી રહ્યા છે કે ટેક કંપનીઓ ખરેખર પડદા પાછળ કેટલો ડેટા એકત્રિત કરે છે.

ટેક્સાસ કોર્ટને વિનંતી કરી રહ્યું છે કે મેટા અને વોટ્સએપને સંમતિ વિના વપરાશકર્તાઓના સંદેશાઓ ઍક્સેસ કરવાથી રોકવામાં આવે.

રાજ્ય નાણાકીય દંડની પણ માગ કરી રહ્યું છે. ટેક્સાસે અગાઉ વપરાશકર્તાની ગોપનીયતા પ્રથાઓ પર ગૂગલ પર દાવો કર્યો હતો. ■

### એવરેસ્ટ પરથી

કાઢવામાં આવ્યા હતા. એવરેસ્ટ પરથી ઊતરતી વખતે આ બંને પર્વતારોહક ખૂબ જ થાકી ગયા હતા અને ગાઈડ દ્વારા તેમને બચાવવાનાં તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં બંને બચી નહોતા શક્યા, એમ નેપાળના એક્સપેડિશન ઑપરેટર્સ એસોસિયેશનના સેક્રેટરી જનરલ ઋષિ ભંડારીએ કહ્યું હતું. એવરેસ્ટ પરથી ઊતરતી વખતે તિવારી બીમાર પડ્યા બાદ હિલેરી સ્ટેપ પાસે ગુરુવારે સાંજે સાડાપાંચ વાગ્યે તેનું મૃત્યુ થયું હતું. આરેએ બુધવારે એવરેસ્ટનું શિખર સર કરી લીધું હતું, પરંતુ ઊતરતી વખતે તે બીમાર પડી ગયો હતો. શુક્રવારે સવારે કૅમ્પ-ટૂ પાસે આવ્યા બાદ તેનું મત્યુ થયું હતું. તિવારીનું ગુરુવારે સાંજે સાડાપાંચ વાગ્યે મૃત્યુ થયું હતું.

આ સાથે જ આ સિઝનમાં એવરેસ્ટ પરનો મરણાંક વધીને પાંચ થયો છે.અગાઉ ત્રણ નેપાળી પર્વતારોહકોનું માઉન્ટ એવરેસ્ટ પર મોત થયું હતું. ૮,૮૪૮.૮૬ મીટરની ઊંચાઈએ આવેલા એવરેસ્ટના શિખર પર બુધવારે પહોંચેલા ૨૭૪ પર્વતારોહકોમાં આરે, તુલસી રેડ્ડી અને અજયપાલ સિંહ ધાલિવાલ એમ ત્રણ ભારતીયનો સમાવેશ થતો હતો. એક જ દિવસમાં ૨૭૪ પર્વતારોહકોએ એવરેસ્ટ સર કર્યો હોવાનો આ નવો વિક્રમ હતો. ■

### છોકરીઓની છેડતી

આપણે દેશના જે હિસ્સામાં રહીએ છે ત્યાં યુપીની ચર્ચા થાય છે. જો વ્યક્તિને હિન્દી પણ નથી આવડતી તે પણ બોલે છે યોગીજી, જય શ્રીરામ. આજે રામ, કૃષ્ણ અને કાશી વિશ્વનાથ આપણી ઓળખાણ બની ગઈ છે. તેમણે સમાજવાદી પાર્ટી પર નિશાન તાકીને કહ્યું હતું કે સમાજવાદીના શાસન વખતે યુપીની ઓળખાણ ગુંડા અને માફિયા તરીકે થતી હતી. તે જાતિના નામ પર સમાજ તોડવાનું અને તુષ્ટીકરણનું કામ કરતી હતી. વિકાસને અટકાવી રાખ્યો હતો. જનતાનું શોષણ કર્યું હતું. ચહેરા જોઈને યોજનાનો લાભ આપતા હતા. પરિવારનું પેટ ભરતા હતા અને લૂંટ મચાવતા હતા.જોકે આજે માફિયા માટીમાં મળી ગયા છે, ગુંડાઓ પલાયન થઈ રહ્યા છે. જે લોકોએ જનતા જનાર્દનને આંખ દેખાડવાનો પ્રયાસ કર્યો તેઓ યમરાજના ઘરે જતા રહ્યા. ■

### ભારતને જેટલું તેલ

મુજબ, તેમણે કહ્યું કે તેમની ભારત મુલાકાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કારણ કે આ દરમિયાન તેમને ક્વાડ દેશોના મંત્રીઓને મળવાની તક મળશે.


ભારત સાથે મજબૂત સંબંધોની હિમાયત કરતા, એમણે કહ્યું કે, ''અમે તેમની સાથે ખૂબ સારી રીતે કામ કરીએ છીએ. તેથી આ એક મહત્ત્વપૂર્ણ મુલાકાત છે. મને આનંદ છે કે અમે આ મુલાકાત કરી શક્યા છીએ કારણ કે મને લાગે છે કે અમારી પાસે ચર્ચા કરવા માટે ઘણું બધું હશે.''

તેમણે ઉમેર્યું હતું કે, ''અમે ત્યાં ક્વાડ દેશોના નેતાઓ સાથે પણ મળીશું, જે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. વિદેશ મંત્રી તરીકે મારી પહેલી મુલાકાત ક્વાડ સાથે હતી. મને આનંદ છે કે અમે આ બેઠક ભારતમાં યોજી રહ્યા છીએ, અને આ વર્ષના અંતમાં અમારી પાસે બીજી એક બેઠક હશે.''

રુબિયોએ બીજી એક મોટી જાહેરાત કરતાં જણાવ્યું હતું કે વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ આવતા અઠવાડિયે ભારતની મુલાકાતે આવશે, જ્યાં તેઓ ભારતને તેલ વેચવાના મુદ્દા પર ચર્ચા કરશે.

નોંધનીય છે કે યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સૌપ્રથમ આ વર્ષના ફેબ્રુઆરીની શરૂઆતમાં ભારત દ્વારા વેનેઝુએલાના તેલ ખરીદવાનો ઉલ્લેખ કર્યો હતો. તે જ સમયે, વોશિંગ્ટન અને નવી દિલ્હી વચ્ચે એક મહત્ત્વપૂર્ણ વેપાર કરારની જાહેરાત કરવામાં આવી હતી, જે હેઠળ ભારતીય આયાત પર પારસ્પરિક ટૅરિફ વર્તમાન ૨૫ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો હતો. ■





# પુણેના ફર્નિચર મૉલ પર ગોળીબારઃ બિશ્નોઈ ગૅન્ગના ત્રણ સભ્ય ઉત્તરાખંડમાં પકડાયા

પુણેઃ પુણેમાં પિંપરી-ચિંચવડ ખાતેના પ્રખ્યાત ફર્નિચર મૉલ પર ગોળીબાર કરવાના કેસમાં પોલીસ કુખ્યાત લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ સાથે સંકળાયેલા ત્રણને ઉત્તરાખંડમાં પકડી પાડ્યા હતા. ખંડણીની રકમ ન આપનારા મૉલના માલિકને ડરાવવાને ઇરાદે આ ગોળીબાર કરાયો હોવાનું તપાસમાં જણાયું હતું.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ પ્રવીણ રામનિવાસ (૨૨), પંકજ કુલદીપ (૨૧) અને સાગર અજયપાલ (૨૧) તરીકે થઈ હતી. હરિયાણાના જજ્જર, રોહતક અને સોનીપત પરિસરમાં રહેતા ત્રણેયને હરિદ્વારથી તાબામાં લેવાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર બિઝનેસમેન જગદીશ ભેરારામ બિશ્નોઈ અને તેના પાર્ટનર અશોક કુમાર બિશ્નોઈને સાતમી મેના ઈન્ટરનૅશનલ નંબર પરથી વૉટ્સઍપ કૉલ આવ્યા હતા. બિશ્નોઈ ગૅન્ગને નામે કૉલ કરનારા શખસે બે કરોડ રૂપિયાની માગણી કરી હતી અને રૂપિયા ન ચૂકવે તો જાનથી મારવાની ધમકી આપી હતી. જોકે બન્ને બિઝનેસમેને ગૅન્ગસ્ટરને નાણાં આપ્યાં નહોતાં.

આખરે ૧૫ મેની રાતે નવ વાગ્યાની આસપાસ બાઈકસવાર બે હુમલાખોરે પુણેના રવેત પરિસરમાં આવેલા એ. જે. ફર્નિચર મૉલ પર ગોળીબાર કર્યો હતો. બન્નેએ પોતાની પિસ્તોલમાંથી પાંચથી છ રાઉન્ડ ફાયર કર્યા હતા. ગોળીબાર પછી બન્ને હુમલાખોર બાઈક પર ફરાર થઈ ગયા હતા.

ગોળીબાર પ્રકરણે રવેત પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો, જેની તપાસ પિંપરી-ચિંચવડના પોલીસ કમિશનર વિનય કુમાર ચૌબેની સીધી દેખરેખમાં હાથ ધરાઈ હતી. તપાસ માટે અધિકારીઓની સાત ટીમ બનાવવામાં આવી હતી.

તપાસ દરમિયાન પોલીસે ૩૫૦થી ૪૦૦ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. એ સિવાય આરોપીઓ રહેવાની શક્યતાવાળી અનેક લૉજમાં તપાસ કરાઈ હતી. આરોપીઓની ઓળખ થતાં જ પોલીસે ટેક્નિકલ એનાલિસીસ અને સ્થાનિક માહિતીને આધારે તેમને ટ્રેસ કર્યા હતા.

આરોપીઓ હરિયાણાના હોવાનું જાણવા મળતાં પોલીસની એક ટીમ રોહતક ગઈ હતી. જોકે આરોપી હરિદ્વારમાં હોવાની માહિતી મળતાં પોલીસ ત્યાં પહોંચી હતી અને ત્રણેયને તાબામાં લીધા હતા.

પૂછપરછમાં ત્રણેયે ગોળીબારમાં સંડોવણીની કબૂલાત કરી હતી. કોર્ટે ત્રણેયને ૨૮ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે આરોપીએ બિશ્નોઈ ગૅન્ગના આરઝૂ બિશ્નોઈ, શુભમ લોણકર અને કુલદીપ ઉર્ફે કશિશને ઇશારે આ ગોળીબાર કર્યો હતો. કુલદીપ ઉર્ફે કશિશ પંજાબી સિંગર સિધુ મૂસેવાલાની હત્યાના કેસનો આરોપી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# બાંગ્લાદેશી નાગરિકને સાત મહિનાની જેલ

મુંબઈઃ ૨૦૦૫માં ભારતમાં ગેરકાયદે પ્રવેશનારા અને બોગસ દસ્તાવેજોને આધારે કુવૈતમાં એક દાયકા સુધી નોકરી કરનારા બાંગ્લાદેશી નાગરિકને સાત મહિનાની કેદ ફટકારી હતી. કોર્ટે નોંધ્યું હતું કે આવા કિસ્સાઓમાં ઉદારતા દાખવવી રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી પુરવાર થઇ શકે છે.

એડિશનલ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ (એસ્પ્લેનેડ કોર્ટ) કે.એસ. જંવારે બાંગ્લાદેશી નાગરિકને ભારતીય ન્યાય સંહિતા અને ઇમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટ હેઠળ દોષી ઠેરવ્યો હતો.

૨૧ મેના રોજ આપેલા ચુકાદામાં કોર્ટે જણાવ્યું હતું કે બીજા દેશનો નાગરિક જે ભારતમાં વિદેશી છે, તે ભારતીય નાગરિક જેવા અધિકારો અને સુવિધાઓનો દાવો કરી શકતો નથી. જો આવી ઉદારતા દાખવવામાં આવે તો તે રાષ્ટ્રીય સુરક્ષા અને ભારતીય નાગરિકોના કાયદેસર અધિકારો માટે જોખમી પુરવાર થઇ શકે છે.

જોકે ૧૪ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ ધરપકડ કરાયા બાદ આરોપી સતત કસ્ટડીમાં તેની સજા પૂર્ણ થઇ ગઇ હોવાનું માનવામાં આવ્યું હતું. કોર્ટે આરોપીને પાછો બાંગ્લાદેશ મોકલવાની પ્રક્રિયા શરૂ કરવાના તપાસકર્તા પક્ષને નિર્દેશ આપ્યા હતા.

૧૪ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ 'પિકલુ ડે' નામથી પ્રવાસ કરનાર શખસ વ્યક્તિ કુવૈતથી ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યો હતો. ઇમિગ્રેશન કાઉન્ટર પર ક્લિયરન્સ દરમિયાન અધિકારીને શખસ પર શંકા ગઇ હતી, કારણ કે તેના પાસપોર્ટમાં માત્ર બાંગ્લાદેશ સુધીનો પ્રવાસ દર્શાવવામાં આવ્યો હતો. ■

મરાઠા અનામત

# ભાજપના વિધાન પરિષદના સભ્યએ જરાંગે સાથે ચર્ચાની તૈયારી દેખાડી

જાલનાઃ મરાઠા અનામત અંગે મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં ફરી શરૂ થયેલા આંદોલન વચ્ચે ભારતીય જનતા પક્ષના વિધાન પરિષદના સભ્ય પ્રસાદ લાડ શુક્રવારે કાર્યકર મનોજ જરાંગેને મળ્યા હતા અને આ મુદ્દા પર વાતચીત કરવાની તૈયારી દેખાડી હતી. એમએલસી મુંબઈથી લગભગ ૪૦૦ કિમી. દૂર આવેલા કાર્યકર્તાના અંતરવાલી સરાટી ગામમાં જરાંગેને મળ્યા હતા. જરાંગેએ કહ્યું કે તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વતી આવનાર કોઈપણ વ્યક્તિનું સ્વાગત કરશે. વાતચીત દરમિયાન લાડે સ્વીકાર્યું કે તેમની અને જરાંગે વચ્ચે અગાઉ વૈચારિક મતભેદો હતા અને બંનેએ જાહેરમાં એકબીજાની ટીકા કરી હતી. જોકે, લાડના કહેવા અનુસાર જરાંગે હંમેશાં એવું માનતા આવ્યા છે કે દેવેન્દ્ર ફડણવીસે છેલ્લા ૭૦ વર્ષમાં મરાઠા સમુદાય માટે અન્ય કોઈપણ નેતા કરતાં વધુ કામ કર્યું છે. તાજેતરની પ્રેસ કોન્ફરન્સમાં પણ જરાંગેએ ફડણવીસની પ્રશંસા કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ સમુદાય માટે કામ કર્યું છે. ૩૦ મેથી વધુ એક આંદોલન શરૂ કરવાના જરાંગેના આહ્વાનનો ઉલ્લેખ કરી લાડે જણાવ્યું હતું કે તેમણે મીડિયા દ્વારા અપીલ કરી હતી કે આકરો ઉનાળો, વાવણીની મોસમ અને શાળા વેકેશનને કારણે આ સમય યોગ્ય નથી. તેમણે જણાવ્યું હતું કે 'મારું માનવું છે કે ૩૦ મે આંદોલન શરૂ કરવાની ખોટી તારીખ હતી. સમુદાયના ઘણા લોકો તેમના ગામડાઓમાં પાછા ગયા હશે. સરકારે પહેલાથી જ ઘણા પગલાં લીધાં છે અને જે કામ થયા છે એની વિગતો મારી પાસે છે.' (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં વાઘના હુમલામાં ચાર મહિલાઓનાં મોત

મુંબઈઃ મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના સિંદેવાહી તાલુકાના ગુંજેવાહી-પવનપર વિસ્તારમાં શુક્રવારે વાઘના હુમલામાં ચાર મહિલાઓનાં મોત થતાં આ વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

વિદર્ભના ચંદ્રપુર જિલ્લામાં તાડોબા-અંધારી વાઘ અભયારણ્ય આવેલું છે. આ પહેલા પણ આ જિલ્લામાં માનવ-વન્યજીવ સંઘર્ષની ઘણી ઘટનાઓ સામે આવી છે. પ્રાથમિક માહિતી અનુસાર, ૧૩ મહિલાઓ તેંદુના પાંદડા એકત્ર કરવા માટે જંગલમાં ગઈ હતી ત્યારે એક વાઘ, જે આ વિસ્તારમાં છુપાયેલો હોવાનું માનવામાં આવે છે, તેણે તેમના પર હુમલો કર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ હુમલામાં ચાર મહિલાઓનાં મોત થયાં છે. આ ઘટનાથી જંગલ વિસ્તારમાં રહેતા ગ્રામજનોમાં ગભરાટ ફેલાયો છે, વન વિભાગની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને વધુ તપાસ શરૂ કરી છે.

તાજેતરનાં વર્ષોમાં માનવ-વન્યજીવ સંઘર્ષની ઘણી ઘટનાઓ જોવા મળી હોવાથી આ પ્રદેશમાં વાઘની હિલચાલ પર અધિકારીઓ નજર રાખી રહ્યા છે. મહારાષ્ટ્ર વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ■






# મહારાષ્ટ્રમાં ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી ચોમાસામાં ૧૨ નોટિકલ માઇલની અંદર યાંત્રિક માછીમારી પર પ્રતિબંધ

મુંબઈઃ મહારાષ્ટ્ર મરીન ફિશિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૮૧ અને તેના ૨૦૨૧ના સુધારા હેઠળ લાગુ કરાયેલ ચોમાસામાં માછીમારી પ્રતિબંધના ભાગ રૂપે, ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી મહારાષ્ટ્રમાં યાંત્રિક અને મોટરાઇઝ્ડ માછીમારી બોટના સંચાલન પર પ્રતિબંધ રહેશે, એમ રાયગઢ વહીવટીતંત્રે શુક્રવારે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું.રાયગઢ-અલીબાગના મત્સ્યઉદ્યોગ (ટેકનિકલ) ના સહાયક કમિશનર સંજય પાટીલે માછીમારો અને બોટ માલિકોને ૬૧ દિવસના પ્રતિબંધનું કડક પાલન કરવા અપીલ કરી હતી

અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે આ પ્રતિબંધ ફક્ત યાંત્રિક અને મોટરાઇઝ્ડ માછીમારી જહાજો પર લાગુ પડે છે, જ્યારે પરંપરાગત બિન-મોટરાઇઝ્ડ માછીમારી બોટને આમાંથી મુક્તિ આપવામાં આવી છે.

હાલમાં સમુદ્રમાં કાર્યરત તમામ યાંત્રિક માછીમારી બોટને ૧ જૂન પહેલા માછીમારી બંદરો પર પાછા ફરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે અને ૩૧ જુલાઈ સુધી ફરીથી દરિયામાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

મત્સ્ય વિભાગે જણાવ્યું હતું કે પ્રતિબંધિત સમયગાળા દરમિયાન માછીમારી કરતી બોટો પર મહારાષ્ટ્ર મરીન ફિશિંગ રેગ્યુલેશન (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ ની કલમ ૧૪ અને ૧૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે, જેમાં અધિકારીઓને મહત્તમ દંડ લાદવાની સાથે જહાજો, માછીમારીનાં સાધનો અને માછલીનો સ્ટોક જપ્ત કરવાની સત્તા આપવામાં આવી છે. અધિકારીઓએ એવી પણ ચેતવણી આપી હતી કે પ્રતિબંધ સમયગાળા દરમિયાન ગેરકાયદેસર રીતે માછીમારી કરતી વખતે જો કોઈ યાંત્રિક અથવા મોટરાઇઝ્ડ માછીમારી જહાજ અકસ્માતનો ભોગ બને તો સરકાર દ્વારા કોઈ વળતર આપવામાં આવશે નહીં. પ્રતિબંધ સમયગાળા દરમિયાન માછીમારી જહાજોની અવરજવર પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મત્સ્ય વિભાગે તમામ માછીમારી સહકારી મંડળીઓ, બોટ માલિકો અને સભ્યોને ચોમાસાની ઋતુ દરમિયાન દરિયાઈ સંવર્ધનને સુરક્ષિત રાખવાના હેતુથી પ્રતિબંધનું પાલન કરવા વિનંતી કરી છે. ■






# થાણેમાં બિઝનેસ લોન અપાવવાને નામે બિલ્ડર સાથે લાખો રૂપિયાની છેતરપિંડી

થાણેઃ થાણે જિલ્લામાં બિઝનેસ લોન અપાવવાને બહાને બિલ્ડર સહિત લાખો રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ બે વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.


બિલ્ડરે ગુરુવારે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ડોંબિવલીના રહેવાસી નિખિલ મદન ભોઇર, તેના સાથીદાર રાજા જોશી તથા અજાણી વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

આરોપીઓએ એપ્રિલમાં બિલ્ડરનો સંપર્ક સાધ્યો હતો અને તેને પંદર કરોડ રૂપિયાની બિઝનેસ લોન મેળવી આપવાનું આશ્વાસન આપ્યું હતું. તેમણે પ્રોસેસિંગ ફી, સ્ટેમ્પ ડ્યૂટી તથા રજિસ્ટ્રેશન ચાર્જને નામે બિલ્ડર પાસેથી ૧૩.૫૦ લાખ રૂપિયા લીધા હતા.જોકે તેમણે બિલ્ડરને લોન અપાવી નહોતી અને પૈસા પણ પાછા કર્યા નહોતા.

એ જ સમયગાળામાં આરોપી નિખિલ ભોઇરે અન્ય બે વ્યક્તિ સાથે પણ આ જ પ્રમાણે છેતરપિંડી આચરી હતી. હાલ આધારવાડી જેલમાં રખાયેલી ૪૨ વર્ષની મહિલાને કાનૂની કાર્ય તથા રૂપિયાની વ્યવસ્થા કરી આપવાને બહાને ભોઇરે રૂપિયા પડાવ્યા હતા. આમ આરોપીઓએ ત્રણ જણ સાથે ૧૮.૧૯ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી અને પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને આરોપીઓની શોધ આદરી હતી. (પીટીઆઇ) ■












# બીડમાં નાણાકીય વિવાદમાં બે જણે હૉટેલિયરનું ગળું ચીરી નાખ્યું

બીડઃ બીડ જિલ્લામાં નાણાકીય વિવાદમાં બે આરોપીએ ૪૩ વર્ષના હૉટેલિયરનું ગળું ચીરીને હત્યા કર્યા બાદ તેના પુત્રને કૉલ કરીને ઘટનાની જાણ કરી હતી.પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લાના પર્લી વૈજનાથ ટાઉનમાં ગુરુવારે રાતે આ ઘના બની હતી. હૉટેલિયરની ઓળખ કારભારી નારાયણ આંધળે તરીકે થઇ હોઇ તેનો આરોપી સચિન રાઠોડ અને સુમિત પવાર સાથે નાણાકીય વિવાદ હતો.ગુરુવારે રાતે સચિન અને સુમિત પવારનો હૉટેલિયર સાથે ઝઘડો થયો હતો. આથી બંને જણે તીક્ષ્ણ હથિયારથી હૉટેલિયરનું ગળું ચીરી નાખ્યું હતું. તે લોહીના ખાબોચિયામાં પડ્યો હતો ત્યારે તેના પુત્રને આરોપી સચિને કૉલ કર્યો હતો અને જણાવ્યું હતું કે મેં તારા પિતા પર હુમલો કર્યો છે અને તે અહીં લોહીલુહાણ હાલતમાં પડ્યા છે.દરમિયાન પુત્ર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પિતાને સારવાર માટે હોસ્પિટલમાં લઇ ગયો હતો, જ્યાં ડોક્ટરે તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.હૉટેલિયરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી એક આરોપીને ઝડપી પાડ્યો હતો, જ્યારે બીજા આરોપીની શોધ ચલાવવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# ટ્રકને પકડીને જોખમી રીતે બાઈક ચલાવી સ્ટન્ટ કરનારાને પોલીસે પકડી પાડ્યો

મુંબઈઃ રસ્તા પરથી પસાર થનારી ટ્રકને પકડીને જોખમી રીતે બાઈક ચલાવી કથિત સ્ટન્ટ કરવા જતાં યુવાને પોલીસ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો. કેળવામાં કથિત રીતે સ્ટન્ટ કરવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતાં જ પોલીસ તપાસમાં લાગી હતી.


પાલઘર જિલ્લની ટ્રાફિક પોલીસે પાલઘરના વેડીનાકા ખાતે રહેતા મનીષ સુખદેવ યાદવ (૨૬)ને શોધી કાઢ્યો હતો. તેની વિરુદ્ધ મોટર વેહિકલ ઍક્ટની કલમ ૧૮૪ હેઠળ જોખમી રીતે વાહન ચલાવી પોતાના અને અન્યોના જીવને જોખમ ઊભું કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. યાદવને ટ્રાફિક પોલીસે દંડ પણ ફટકાર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં પુરપાટ વેગે દોડતી રેતી ભરેલી ટ્રકને પકડીને યુવાન બાઈક ચલાવતો હોવાનું નજરે પડે છે. વાહનોની અવરજવરવાળા માર્ગ પર આ રીતે ખાસ્સા અંતર સુધી યુવાને સ્ટન્ટ કર્યો હતો. આ ઘટના કેળવા પોલીસની હદમાં માકુણસાર-આગરવાડી રસ્તા પર બની હતી. વાયરલ થયેલા આ વીડિયોની પાલઘરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ યતિશ દેશમુખે ગંભીર નોંધ લીધી હતી. તેમણે તાત્કાલિક બાઈકસવારને શોધી કાઢવાનો આદેશ આપ્યો હતો. ટ્રાફિક પોલીસે વીડિયોને આધારે બાઈકના રજિસ્ટ્રેશન નંબર મેળવ્યો હતો. રજિસ્ટ્રેશન નંબરને આધારે પોલીસ યાદવ સુધી પહોંચી હતી. ■

# મહારાષ્ટ્ર એઆઈનું અગ્રણી કેન્દ્ર બની જશેઃ ફડણવીસ

મુંબઈઃ રાજ્ય દેશમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ) નવતર શોધના અગ્રણી કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું હોવાનું જણાવી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ઉમેર્યું હતું કે આગામી મુંબઈ ટેક વીક ૨૦૨૬ ગયા વર્ષની સરખામણીએ વધુ વ્યાપક અને વધુ પ્રભાવશાળી હશે. સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે આ કાર્યક્રમની જાહેરાત કરતા ફડણવીસે કહ્યું કે ભવિષ્યમાં એઆઈ જંગી પરિવર્તન લાવશે અને તમામ ક્ષેત્રોમાં ટેકનોલોજી અપનાવવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો.

મુંબઈ ટેક વીક ૨૦૨૬,૨૯ અને ૩૦ મેના દિવસે જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત થશે. આ આયોજનમાં ઓપનએઆઈ, મેટા, એન્થ્રોપિક અને ગૂગલ ક્લાઉડ સહિત અગ્રણી વૈશ્વિક એઆઈ કંપની સહભાગી થશે. મહારાષ્ટ્ર સરકાર આઈડીએફસી ફર્સ્ટ બેંક અને મેટાના સહયોગથી ટેક એન્ટરપ્રેન્યોર્સ એસોસિયેશન ઓફ મુંબઈ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૧૦ હજારથી વધુ ડેવલપર્સ અને ટેકનોલોજી ઉત્સાહીઓ હાજરી આપે એવી સંભાવના હોવાનું જણાવાયું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભિવંડીમાં ગટર સાફ કરતી વખતે ગૂંગળામણથી મજૂરનું મોત: કોન્ટ્રાક્ટર અને પાલિકા અધિકારીઓ સામે ગુનો નોંધાયો

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં એક નાળાની સફાઈ કરતી વખતે ૪૪ વર્ષીય કામદારનું ગૂંગળામણથી મોત નીપજ્યું હતું, જેના કારણે પોલીસે બેદરકારી બદલ કોન્ટ્રાક્ટર અને મહાનગરપાલિકાના અધિકારીઓ સામે કેસ નોંધ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે, ગુરુવારે સાંજે શાંતિનગર વિસ્તારમાં મીઠાપાડાના રહેવાસી સુભાષ નવશા દિઘે ગટર સાફ કરી રહ્યા હતા ત્યારે ગૂંગળામણથી મૃત્યુ પામ્યા હતા.

પીડિતની પુત્રી દ્વારા નોંધાવવામાં આવેલી ઔપચારિક ફરિયાદના આધારે, શાંતિનગર પોલીસે કોન્ટ્રાક્ટર બાલુ ખરત ચંદિકા અને બીએનએમસીના સ્વચ્છતા વિભાગના સંબંધિત અધિકારીઓ સામે કલમ ૧૦૬(૧) (ઉતાવળ અથવા બેદરકારી મૃત્યુનું કારણ) અને ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૩૦૭ હેઠળ એફઆઈઆર નોંધી છે.

ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે કોન્ટ્રાક્ટરે પીડિતને લાઇફ જેકેટ, હેલ્મેટ, દોરડા અને બૂટ સહિતના જીવનરક્ષક સાધનો વિના ગટર સાફ કરવાની ફરજ પાડી હતી .

આ ઘટના બાદ ભિવંડી નિઝામપુર મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએનએમસી) ઓફિસ ખાતે આદિવાસીઓએ ધરણા આંદોલન કર્યું હતું. આંદોલનકારીઓએ શરૂઆતમાં મૃતકના મૃતદેહનો કબજો લેવાનો ઇનકાર કરી, તાત્કાલિક દંડાત્મક પગલાં અને પીડિત પરિવાર માટે વળતરની માંગ કરી હતી. નાગરિક વહીવટીતંત્રે પીડિતના બાળકોને ૧૦ લાખ રૂપિયાની નાણાકીય સહાય અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. (પીટીઆઈ) ■

# સિદ્ધિવિનાયક મંદિર કોરિડોરનો માર્ગ મોકળો

મુંબઈ: ઘણા સમયથી અટકેલા શ્રી સિદ્ધિવિનાયક મંદિર કોરિડોરના ભૂમિપૂજનનો માર્ગ આખરે મોકળો થયો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં ૨૫ મેના રોજ આ કોરિડોરનો શુભારંભ કરવામાં આવશે. આ પ્રોજેક્ટના કારણે મંદિર પરિસરમાં ટ્રાફિક, ભક્તોની ભીડ અને સુવિધાઓનું સંચાલન વધુ સુવ્યવસ્થિત થશે, એવી માહિતી મંદિરના ટ્રેઝરર આચાર્ય પવન ત્રિપાઠીએ આપી હતી.

મંદિર પરિસરમાં દરરોજ થતી હજારો ભક્તોની ભીડ, ટ્રાફિકની સમસ્યા અને સુવિધાઓનું સંચાલન વધુ સુવ્યવસ્થિત કરવા માટે આ કોરિડોર પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ રસ્તાઓનું સુશોભન, ફૂટપાથનો વિકાસ, અંડરગ્રાઉન્ડ પાર્કિંગ, ભક્તો માટે પ્રતીક્ષા વ્યવસ્થા અને આધુનિક સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરાશે. આ બધું મંદિરના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાને જાળવીને કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો અંદાજિત કુલ ખર્ચ રૂ. ૪૭૦ થી ૫૨૨ કરોડ વચ્ચે છે. કામના પ્રથમ તબક્કા માટે લગભગ રૂ. ૭૮ થી રૂ. ૯૩ કરોડના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. આ કોરિડોર પણ ઉજ્જૈન કોરિડોર જેવો જ બનાવવામાં આવશે.

પ્રભાદેવી ખાતે શ્રી સિદ્ધિવિનાયકના દર્શનાર્થે ભક્તોની વધતી ભીડ અને આ વિસ્તારમાં મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને, બેસ્ટ વહીવટીતંત્રએ શનિવારથી ૨૦ થી ૨૨ મિનિટના અંતરાલ પર નવી એર-કન્ડિશન્ડ બસો ચલાવશે. ભક્તો અને મુસાફરોની સુવિધા માટે, બેસ્ટ પહેલ દાદર સ્ટેશન પશ્ચિમ અને સિદ્ધિવિનાયક મંદિર (પ્રભાદેવી) વચ્ચે શ્રી સિદ્ધિવિનાયક ફેરી એ- ૮૧૪ નામનો નવો એર-કન્ડિશન્ડ સર્ક્યુલર બસ રૂટ શનિવાર, ૨૩ મેથી શરૂ કરશે. ■

# થાણેમાં ૩૪.૧૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત: મુખ્ય સપ્લાયર સહિત પાંચ જણની ધરપકડ

થાણે: કલ્યાણ પોલીસે જિલ્લામાં ૩૪.૧૮ કરોડ રૂપિયાનું હેરોઇન જપ્ત કરીને ડ્રગ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો અને મુખ્ય સપ્લાયર સહિત પાંચ જણની ધરપકડ કરી હતી.

એડિશનલ પોલીસ કમિશનર સંજય જાધવે જણાવ્યું હતું કે કલ્યાણ એન્ટિ-નાર્કોટિક્સ એક્શન ટીમે ઘણા સપ્તાહથી ચાલી રહેલા ઑપરેશન દરમિયાન અનેક રેઇડ પાડી હતી.

પહેલી એપ્રિલે સબ-ઇન્સ્પેક્ટર અનિલ ગાયકવાડની આગેવાની હેઠળ આ ટીમે શહાપુરના રહેવાસી કાસીમ અબ્દુલ સત્તાર વસઇકર (૩૮) અને સાંગલેવાડી રોડના કૃષ્ણા નાગપ્પા હલેમની (૩૬)ને તાબામાં લીધા હતા અને ૯.૨ કિલો હેરોઇન તથા રોકડ જપ્ત કર્યાં હતાં.

બાદમાં આરોપી કાસીમ વસઇકરના નિવાસસ્થાનની તલાશી લેવામાં આવતાં વધુ ૫૩૧.૬૯ ગ્રામ હેરોઇન મળી આવ્યું હતું.

આરોપીઓની પૂછપરછમાં ગણેશન પુથ્થુસ્વામી જંગમર ઉર્ફે અણ્ણા (૭૧) અને સદ્દામ ગફુર શેખ (૩૨)નાં નામ સામે આવ્યાં હતાં. પોલીસે ગણેશન જંગમરને પાંચમી એપ્રિલે મુંબઈથી, જ્યારે સદ્દામ શેખને ૬ એપ્રિલે કલ્યાણથી ઝડપી પાડ્યો હતો.

દરમિયાન એન્ટિ-નાર્કોટિક્સ એક્શન ટીમને ૨૧ મેના રોજ મોટી સફળતા મળી હતી, જ્યારે પોલીસે મુખ્ય સપ્લાયર અને સૂત્રધાર અમજદ યુસુફ પઠાણ (૨૭)ને નાશિક જિલ્લાના ઇગતપુરીથી ઝડપી પાડ્યો હતો. પઠાણ વિરુદ્ધ મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ૨૦થી વધુ ગુના, વસઇકર વિરુદ્ધ ત્રણ ગુના અને સદ્દામ શેખ વિરુદ્ધ સાત ગુના દાખલ છે. આરોપીઓના ફરાર સાથીદારોની પોલીસ હવે શોધ ચલાવી રહી છે. (પીટીઆઇ) ■

# ટૂરિઝમ ડિપાર્ટમેન્ટે વિદેશ પ્રવાસો રદ કર્યા

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે ઇંધણ બચાવવા અને વિદેશી હૂંડિયામણ ભંડારને સુરક્ષિત રાખવાના ઉદ્દેશ્યથી રાજ્યના ટુરિઝમ ડિપાર્ટમેન્ટ અને સંલગ્ન પ્રતિનિધિમંડળોના તમામ પ્રસ્તાવિત વિદેશ પ્રવાસો તાત્કાલિક અસરથી રદ કર્યા છે. રાજ્યના પર્યટન પ્રધાન શંભુરાજ દેસાઈએ શુક્રવારે જારી કરેલા એક નિવેદનમાં

જણાવ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદીની રાષ્ટ્રવ્યાપી અપીલના પ્રતિભાવમાં અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિર્દેશોને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે. અમે ફક્ત સરકારી તંત્રને જ નહીં, પરંતુ રાજ્યભરના નાગરિકોને આપણા રાષ્ટ્રની સર્વાંગી આર્થિક પ્રગતિ માટે ઇંધણ અને વિદેશી હૂંડિયામણ સંરક્ષણની આ ચળવળમાં જોડાવા વિનંતી કરીએ છીએ. મંત્રાલયે આ સંદર્ભમાં ટુરિઝમ ડિપાર્ટમેન્ટના અધિક મુખ્ય સચિવને એક સત્તાવાર આદેશ જારી કરી નાગરિકોને સ્થાનિક અર્થતંત્રને ટેકો આપવા, રાજ્યના સમૃદ્ધ વારસા અને સ્થળોનું અન્વેષણ કરવા, વિદેશી હૂંડિયામણ બચાવવા, ઊર્જા અને સંસાધનોનો બગાડ ઘટાડવા માટે વિદેશી પ્રવાસ કરતાં સ્થાનિક પ્રવાસનને પ્રાથમિકતા આપવા વિનંતી કરી. (પીટીઆઈ) ■

# પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં ૨૦ ટકાનો ઉછાળો

મુંબઈ: પશ્ચિમ એશિયા કટોકટીને કારણે બળતણ પુરવઠામાં સંભવિત અછતના ભયથી થયેલી પેનિક ખરીદીને કારણે મહારાષ્ટ્રમાં મે મહિનાના પ્રથમ પખવાડિયામાં પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં વધારો નોંધાયો છે, એમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

શુક્રવારે મહારાષ્ટ્રના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે મે ૨૦૨૬ ના પ્રથમ પખવાડિયા દરમિયાન રાજ્યમાં ડીઝલના વેચાણમાં ૧૯.૬૬ ટકાનો અને પેટ્રોલના વેચાણમાં ૨૦.૩૯ ટકાનો વધારો નોંધાયો છે. માગમાં કામચલાઉ વધારો થયો હોવા છતાં, ઇંધણનો પુરવઠો અવિરત રહ્યો અને બધી માગ પૂર્ણ થઈ, એમ તેમાં જણાવાયું છે. જોકે, વિભાગે રાજ્યવ્યાપી વેચાણના વાસ્તવિક આંકડા આપ્યા નહોતા,માત્ર પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં ટકાવારી વધારો શેર કર્યો હતો.

વિભાગે જણાવ્યું હતું કે સમગ્ર મહારાષ્ટ્રમાં માત્ર ૧૯ મેના રોજ સરેરાશ દૈનિક વેચાણની સરખામણીમાં ડીઝલના વેચાણમાં ૪૨ ટકા અને પેટ્રોલના વેચાણમાં ૨૧ ટકાનો વધારો થયો હતો, જેમાં ૧૧ જિલ્લાઓ -- અકોલા, છત્રપતિ સંભાજીનગર, બીડ, બુલઢાણા, હિંગોલી, જલગાંવ, જાલના, લાતુર, ધારાશિવ, પરભણી અને વાશિમમાં અસાધારણ માગના અહેવાલ છે.

વિભાગે પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય તણાવને કારણે પુરવઠામાં વિક્ષેપ થવાની અટકળોને કારણે પેનિક ખરીદીને કારણે ઇંધણના વેચાણમાં વધારો થયો હોવાનું જણાવ્યું હતું. તેમણે નાગરિકોને બિનજરૂરી ખરીદી કે સંગ્રહખોરી ન કરવાની અપીલ પણ કરી હતી. ■

# બુલઢાણામાં પેટ્રોલ પંપો પર લાંબી કતાર

બુલઢાણા: પેટ્રોલ-ડિઝલનો પુરવઠો બંધ થઈ જવાના ડર વચ્ચે, રાજ્યના અન્ય ઘણા જિલ્લાઓની જેમ મહારાષ્ટ્રના બુલઢાણામાં પણ લોકો પેટ્રોલ પંપો પર વાહનો સાથે લાંબી લાઈનો લગાવી ઊભા રહેતા જોવા મળ્યા હતા. જો કે, સત્તાવાળાઓએ દાવો કર્યો હતો કે જિલ્લામાં ઇંધણની કોઈ અછત નથી, અને તેમણે લોકોને ડરીને ખરીદી ન કરવા વિનંતી કરી હતી.

પેટ્રોલ પંપની એક તરફ વાહનોની લાંબી લાઈનો અને બીજી તરફ એક પછી એક મૂકેલા ડબ્બાની કતારો, આ દૃશ્ય જિલ્લામાં દરેક જગ્યાએ જોવા મળી રહ્યું છે. પેટ્રોલ પંપો પર ઊમટેલી લોકોની ભીડના વીડિયો અને ફોટા સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે. ■

# મહારાષ્ટ્રનું અર્થતંત્ર સિંગાપોર, યુએઈ કરતા આગળ નીકળી જશે: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રનું અર્થતંત્ર આગામી બેથી ત્રણ વર્ષમાં સિંગાપોર અને યુએઈની અર્થવ્યવસ્થાઓ કરતા આગળ નીકળી જશે એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવી આ પ્રગતિ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ, સ્ટાર્ટઅપ્સ અને માળખાગત સુવિધાઓમાં ઝડપી વૃદ્ધિને કારણે હોવાની સ્પષ્ટતા કરી હતી. મહારાષ્ટ્ર અન્ય કોઈ ભારતીય રાજ્ય સાથે સ્પર્ધા કરી રહ્યું નથી કારણ કે તે પહેલાથી જ વિશ્વની ૩૦મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું હોવાની રજૂઆત તેમણે કરી હતી.

મુંબઈમાં જિયો વર્લ્ડ સેન્ટર ખાતે આયોજિત 'ઇમેજિનએક્સ ૨૦૨૬' કાર્યક્રમમાં ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર ભારતની સ્ટાર્ટઅપ અને યુનિકોર્ન રાજધાની તરીકે ઉભરી આવ્યું છે અને હવે સંશોધન, નવીનતા અને આર્થિક વૃદ્ધિમાં દેશનું અગ્રણી રાજ્ય છે. મહારાષ્ટ્ર હાલમાં ૬૬૦ અબજ ડોલરની અર્થવ્યવસ્થા ધરાવે છે અને એક ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સૌથી વધુ સંભાવના ધરાવે છે.'

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રનું અર્થતંત્ર ૨૦૧૫ માં લગભગ ૧૪ લાખ કરોડ રૂપિયાથી વધીને આજે ૫૪ લાખ કરોડ રૂપિયા થયું છે. આ પ્રગતિ છેલ્લા દાયકામાં ત્રણ ગણાથી વધુ વૃદ્ધિ દર્શાવે છે.

'મહારાષ્ટ્ર અન્ય કોઈ ભારતીય રાજ્ય સાથે સ્પર્ધા કરી રહ્યું નથી. તે પહેલાથી જ વિશ્વનું ૩૦મું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે અને આગામી બે થી ત્રણ વર્ષમાં તે સિંગાપોર અને યુએઈની અર્થવ્યવસ્થાઓને પાછળ રાખી દેશે.' ■

## હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

અંધેરી નિવાસી સ્વ. મંજુલા છોટાલાલ ઠક્કરના સુપુત્ર યોગેશ ઠક્કર (ઉં.વ.૮૦) તે શારદાના પતિ, ગીતા અને ભદ્રેશના મોટાભાઈ, ખુશ્બુ અમર કિરાલે અને પલકના પિતાશ્રી, પ્રીતિના જેઠ, કરસનદાસ દાવડાના જમાઈ, જી કે દાવડા અને સુરેશના બનેવી. તા.૨૧-૫-૨૬ ગુરુવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા સદંતર બંધ છે.

**હાલાઇ લોહાણા**

જામ ખંભાળિયા નિવાસી હાલ મુંબઈ, ધનલક્ષ્મીબેન શિવલાલભાઈ સિમરીયા (ઉં. વ. ૮૩) તે સ્વ. શિવલાલ ગોપાલજી સિમરીયાના પત્ની. ચેતન તથા કેતનના માતુશ્રી. દીપા તથા કોશાના સાસુ. રાજ, ભક્તિ, ટિયાના દાદી. સ્વ. કેશવલાલ આણંદજી ચિતલીયા તથા સ્વ. મણીબેનના દીકરી. ગં.સ્વ. જનકબેન, ગં.સ્વ. નીતાબેનના જેઠાણી. ૨૧/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૩/૫/૨૬ના રોજ ૫ થી ૭. આઈ એમ એ જે આર મહાત્રે માર્ગ, જે.વી. પી.ડી. સ્કીમ ચંદન સિનેમા પાછળ જુહુ.

**કપોળ**

અમરેલી નિવાસી હાલ અંધેરી, સ્વ. ધનગૌરી જગજીવનદાસ પારેખના પુત્ર મહેશભાઈ પારેખ (ઉં. વ. ૭૨) તા. ૨૦/૦૫/૨૬ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. જય તથા અંશિકાના પપ્પા. સ્વ. ભૂપેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. અરુણાબેન, અ.સૌ જ્યોતિબેનના ભાઈ. સસુરપક્ષે અમરેલીવાળા સ્વ. ગંગાદાસ નારણદાસ મહેતાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૪/૦૫/૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ.ટી. રોડ, બોરીવલી પશ્ચિમ.

**પરજીયા સોની**

ગામ લાથી, ગં. સ્વ. સોની લાભુબેન બાબુલાલ ચલ્લા (ઉં. વ.૯૫) તે સ્વ. પ્રવીણભાઈ, ભરતભાઈના માતુશ્રી. દીપકભાઈ, હર્ષભાઈ, દર્પણભાઈના દાદી. શિલ્પાબેન અને રીટાબેનના સાસુ. નિકિતા અને અંજલિના વડસાસુ. નીવ અને ત્રિશાના પરદાદી ૨૧/૫/૨૦૨૬ ના દેવલોક પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રી. વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મંગળાબેન મંગલદાસ શેઠના પુત્ર પ્રવીણ (ઉં. વ. ૭૯) તા. ૨૦-૫-૨૬ બુધવારના શ્રીજીશરણ પામ્યા છે. તે જ્યોતિબેનના પતિ. સ્વ. તૃષાર અને સુમિતના પિતા. અ.સૌ. વર્ષાના સસરા. સ્વ. શશીકાંતભાઈ(નટુ ભાઈ), ઘનશ્યામભાઈ, ભુપતભાઇ પુષ્પાબેન, ધીરુબેન,પદ્માબેન અને સરલાબેનના ભાઈ. રાજુલાવાળા સ્વ.રંભાબેન મનસુખલાલ પ્રેમચંદ મહેતાના જમાઈ. તેમની બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૨૪-૦૫-૨૬ રવિવાર સાંજે ૫ થી ૭. સ્થળ ઠઠાઈ ભાટિયા સેવા ફંડ, હોલ નં-૪, સ્વામી વિવેકાનંદ રોડ, નીઅર શંકરલેન કોર્નર, કાંદિવલી વેસ્ટ.

**પરજીયા સોની**

ગામ ભીંગરાળા હાલ મીરારોડ, ગં.સ્વ. મીનાબેન મોહનલાલ સોની (ઉં. વ..૬૬) ૨૧/૫/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. સ્વ. કાંતાબેન બાબુભાઇ બગસરાના દીકરી, અલ્પેશ, જયેશ, સ્વ. દક્ષા સતીશકુમાર લુહારના માતુશ્રી, નિધિ તથા પર્લના નાની. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૩/૫/૨૬ના રોજ ૫ થી ૬. સોનીવાડી, શિંપોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલી નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. મધુબેન નવનીતભાઈ રમણીકલાલ મહેતાના પુત્ર હિતેનભાઈ (ઉં. વ. ૪૮) તે ધર્મેશભાઈ, સૌરભભાઈ, અમી દીપક પારેખના ભાઈ, ક્રિષ્નાબેન, હિનાબેનના દિયર, સ્મિત, ધ્રુમનના કાકા. મોસાળપક્ષે ખોપાળવાળા સ્વ. ધનજીભાઈ નંદલાલ દેસાઈના ભાણેજ, ગુરુવાર તા. ૨૧.૦૫.૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૩.૦૫.૨૦૨૬ના રોજ ૫ થી ૭. ભાયંદર કપોળવાડી, ગીતાનગર, ફાટકરોડ, ભાયંદર વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. નિર્મળાબેન (બેબીબેન) જયેન્દ્રભાઈ બદિયાણી (ઉં. વ. ૮૪) સ્વ. જયેન્દ્રભાઈ જીવણદાસ બદિયાણીના ધર્મપત્ની, ગોવિંદજી જીવણદાસ ઘાસવાલાના સુપુત્રી. નીતા - અશોકના માતુશ્રી. ઊર્મિ, ઑમના દાદીમા. સ્વ. મોરારજીભાઈ, સ્વ. કરસનદાસભાઈ, સ્વ. જમનાદાસભાઈ, સ્વ. બચીબેન ગોરધનદાસ મોદી, સ્વ. વિજયાબેન શશીકાંતભાઈ ચોલેરા, સ્વ. કલાવતીબેન જીવનદાસ પાબારી, સ્વ. હંસાબેન હરગાવિંદ સોનપાલના બેન. સ્વ. રામજીભાઈ પંચમતિયાના વેવાણ. તા. ૨૧/૫/૨૦૨૬, ગુરુવારના દિવસે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૩/૫/૨૦૨૬, શનિવાર, સાંજના ૪ થી ૬. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટૉકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

કોકિલાબેન શાંતિલાલ પડીયા (ઉં. વ. ૮૨) ગામ ઉના હાલ મલાડ તા. ૧૯-૫-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે ચંદ્રેશભાઇ તથા અરુણાબેન વિનોદકુમાર છાટબાર તથા ઉષાબહેન દિપકકુમાર વિંછીનાં માતુશ્રી. છાયાબેનના સાસુ. દિવ્યેશના દાદી. વિધીના દાદી-સાસુ. વલ્લભદાસ અમરશી સોનેજીના દીકરી. વેણીબેન હરજીવનદાસ સીંધવડ, જયાબેન શાંતિલાલ મચ્છર તથા હીરાબેન હિંમતલાલ જોગીના ભાભી. લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

પ્રવીણ શંકરલાલ પવાણી (ઉં.વ. ૮૦) સોમવાર તા. ૧૮-૫-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. નર્મદાબેન શંકરલાલ પવાણી (કચ્છ ગામ -કેરા)ના પુત્ર. તે અં. સૌ. ચંદ્રિકાબેનના પતિ. વિનેશ અને રીટાના પિતાશ્રી. અરુણાબેન અરવિંદભાઇ ઠક્કર, કંચનબેન રાજુભાઇ, જયશ્રીબેન કનૈયાલાલ ઠક્કર, સુભાષના ભાઇ. સ્વ. જશોદાબેન લાલજી ભીંડે (બેરાજાવાળા)ના જમાઇ. અ. સૌ. વૈશાલીના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

યઝદી સાવકશા ખંબાતા તે કેતીના ધની. તે મરહુમો એમે સાવકશા ખંબાતાના દીકરા. તે બખતાવર તથા મરહુમ કાલીના ભાઇ. તે દેલના ને ખુશરુના મામા. તે મરહુમો વીલુ ફરામરોઝ કરનજીયાના જમાઇ. (ઉં. વ. ૭૨) રે. ઠે. પાંડે સેનેટોરિયમ, રૂમ. નં.૯. વુડ હાઉસ રોડ, કોલાબા-મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગીયારીમાં.

## જૈન મરણ

**ઘોઘારી વિસાશ્રીમાળી જૈન**

અમદાવાદ, સ્વ મહેન્દ્રકુમાર અમૃતલાલ દોશીના ધર્મપત્ની ઉર્મિલાબેન મહેન્દ્રભાઈ દોશી (ઉં.વ.૭૩) તા. ૨૧/૦૫/૨૦૨૬ને ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. તે નિકુંજભાઈ, જાવડભાઈ, દીપ્તિબેન સંજયકુમાર શાહના માતૃશ્રી, મીતાબેનના સાસુ. પારસ તથા સોનાલીના દાદી. હર્ષ, યશ તથા નિશી આનંદકુમારના નાની. પિયર પક્ષે ઉત્તમચંદ વૃજલાલ દીઓરા (પાલીતાણા વાળા) ના દીકરી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખાના કસ્તુરબેન કેશવજી ગોગરી (ઉં. વ. ૭૮)૨૦ મેના અવસાન પામેલ છે. દેવકાબેન ભારમલના પુત્રવધૂ કેશવજીના ધર્મપત્ની ભાવના (કલ્પના), સ્વ. નીતેશ જતીનના માતાજી. ગુંદાલાના ખેતબાઈ મોરારજી ભીમશી રાંભીયાના પુત્રી સ્વ. દામજી, સ્વ. રતીલાલ, સ્વ. પદમશી, ગં.સ્વ. અમૃતબેન લક્ષ્મીચંદના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જતીન ગોગરી, બી /૧૦૩, શિવમ પેલેસ, વેદ નગરી કામરેજ, સુરત-૩૯૪૧૮૦.

દેઢીઆના હેમરાજ દેવશી ગોસર (ઉં. વ. ૯૪) તા. ૨૧.૫.૨૦૨૬ના અરિહંત શરણ પામ્યા છે. સ્વ. માલબાઈ દેવશી કોરશીના સુપુત્ર. ધનબાઈના પતિ. મહેન્દ્ર, વિનોદ, માયા, જયેશના પિતા. હીરજી, નાનજી, રે. મંજલના વિજ્યાબેન (બાંઈયા)ના ભાઈ. ભોજાયના ભચીબાઈ વિશનજી દેવજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયેશ ગોસર : ૨૧૭/૧૦, રવિ વીલા, આર.એ.કે. રોડ, વડાલા, મું-૩૧.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટા ભલગામ નિવાસી હાલ મુલુંડ સ્વ. બીપીનચંદ્ર ગોવિંદજી વોરાના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૭૭) તે ફીલન, સ્વ. મીલન, અલ્પા કેતન ચંદાનીના માતુશ્રી. રક્ષા, ગં. સ્વ. ચંદન તથા કેતન ખુશાલચંદ્ર સંઘનીના સાસુ. સ્વ. ભીખુભાઇ, મનસુખભાઇ, સ્વ. ચંદુભાઇ, રમેશભાઇ તથા સ્વ. કાંતાબેન વૃજલાલ ગોડાના ભાભી. તે દર્શન, રીયેન તથા મૈત્રીના દાદી. સ્વ. અમૃતલાલ, સ્વ. શાંતિલાલ, સ્વ. રસીકલાલ, સ્વ. મનહરલાલ તથા સ્વ. કમળાબેન મનસુખલાલ શેઠ, સ્વ. મુક્તાબેન જયંતીલાલ મડીયાના બેન તે તા. ૨૦-૫-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૫-૨૬ રવિવારના સવારના ૧૦.૩૦થી ૧૨.૦૦. ઠે. ક્રાઉન બેન્કવેટ, ૭મા માળે, વિકાસ સેન્ટર, એન. એસ. રોડ, ઇડસ બેન્કની ઉપર, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

લીંબડી નિવાસી હાલ મુંબઇ સ્વ. હર્ષદરાય દલીચંદ શાહના ધર્મપત્ની કલ્પનાબેન (ઉં.વ.૭૯) તા. ૨૧-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હિમાંશુ, મેહુલ અને મનીષના માતા. સ્વ. પ્રીતિ, મીરા અને કિન્નરીના સાસુ. પાર્શ્વ, ધ્રુવી, મોક્ષા, રૈના, ઋતુ, મન, કાવ્યા, તિર્થા, વંશમકુમાર અને આર્યવીરના દાદી. શોભના-મહેન્દ્રભાઇ, મનીષા-સ્વ. સુરેશભાઇ અને જાગૃતિ-દિનેશભાઇના ભાભી. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. ગુલાબચંદ શિવલાલ શાહના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૪-૫-૨૬ રવિવારના ૧૦થી ૧૨. ઠે. પાટીદાર સમાજ હોલ, ફ્રેન્ચ બ્રિજ, ઓપેરા હાઉસ, મુંબઇ-૪૦૦૦૦૪.

**૫૪ એકડા વીશા શ્રીમાળી જૈન**

કાસોર નિવાસી હાલ ગોરેગાંવ સ્વ. લલિતાબેન કાંતિલાલ શાહના સુપુત્ર રાજેન્દ્ર કાંતિલાલ શાહ (ઉં.વ.૭૭) તા. ૨૦-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હસ્મિતાબેનના પતિ. કવીશ, રેશ્માના પિતા. મિહિરકુમાર, પ્રિયંકાના સસરા. કાવ્યાન, માયશાના નાની. ભાનુબેન દિનેશભાઇ તથા ચારુબેનના ભાઇ. તે કંચનબેન જયંતીલાલના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

છેલ્લા પાનાનું ચાલુ

## ૪ દિવસમાં

બાંધકામોમાંથી ૧૦૦ ટકા દૂર કરવામાં આવ્યા છે. જોકે, અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે કોર્ટના નિર્દેશો હેઠળ લગભગ ૧૦૦ બાંધકામના ફક્ત ગ્રાઉન્ડ ફ્લોર જ રાખવામાં આવી રહ્યા છે. આ માળખાના ઉપરના ભાગો, જે અસુરક્ષિત છે, તેને હાલમાં સમર્પિત ટીમ દ્વારા મેન્યુઅલી તોડી પાડવામાં આવી રહ્યા છે, જેથી નજીકના માળખાઓને નુકસાન ન થાય.

### ધરપકડ કરાયેલા ત્રણ ૧૯ વર્ષના

સોશ્યલ મીડિયા પર વાઇરલ વીડિયોમાં પથ્થરમારો અને લાઠીચાર્જની તસવીરો પણ વાઇરલ થઇ હતી. સ્થાનિક રહેવાસીઓએ આરોપ મૂક્યો હતો કે પોલીસની કાર્યવાહીમાં મહિલાઓ અને બાળકો ઘાયલ થયા હતા. નિર્મલ નગર પોલીસ સ્ટેશનના એક અધિકારીએ કહ્યું હતું કે ધરપકડ કરવામાં આવેલા લોકોમાં દિલશાદ શેખ (૧૯), જાકિર અબ્બાસી (૩૦), સાજિદ અંસારી, સલાહદ્દીન શેખ (૨૬), અરબન ફુરકાન (૨૧), નાજિમ રફીક, દિલશાદ અહમદ (૪૬), મોબીન હમીદ ખાન (૨૬), રહીમ ખાન (૧૯), ઇસરાર ખાન (૧૯), સહિત અન્ય લોકોનો સમાવેશ થાય છે.

### પાંચ પોલીસના જવાન થયા હતા ઘાયલ

પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો ત્યારે ઘાયલ થયેલા પોલીસની પણ ઓળખ કરવામાં આવી હતી, જેમાં પ્રતીક જાધવ, ચંદ્રકાંત દેબારે, નવનાથ મુદગુલ, ઓંકાર કોળી અને દત્તાત્રેય બગુલનો સમાવેશ થાય છે. હોસ્પિટલમાં સારવાર પછી તેમને રજા આપવામાં આવી હતી. ગુરુવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે પોલીસે એ વખતે કાર્યવાહી કરી હતી, જ્યારે હુમલો કરવામાં આવ્યો હતો. અતિક્રમણ વખતે પોલીસ પર પથ્થમારો કરવામાં આવ્યો હતો, પરંતુ પોલીસે પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી.

### ૧૬ જણની ધરપકડ, ૧૫૦ જણની શોધ

બાંદ્રાના ગેરકાયદે અતિક્રમણ હટાવવાની કાર્યવાહીના વિરોધમાં સ્થાનિક લોકોએ બીજી વખત એટલે આજે પણ લોકોએ પોલીસ પ્રશાસન પર પથ્થરમારો કર્યો હતો, જ્યારે તેના વિરોધમાં દોડાદોડી થઈ ગઈ હતી. જોકે, પથ્થરમારો કરનારા સામે રેલવે પ્રશાસને સખત કાયદાકીય કાર્યવાહી કરી છે, જેમાં અત્યાર સુધીમાં ૧૬ની ધરપકડ અને ૧૫૦ની શોધ ચાલુ છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવેના બાંદ્રા સ્ટેશન અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે આવેલા ગરીબનગર વિસ્તારમાં ૫,૨૦૦ વર્ગ મીટર જમીન ખાલી કરાવવા માટે ૧૯ મેના અતિક્રમણ હટાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તંગ પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે પોલીસને ૨ વાર લાઠીચાર્જ કરવો પડ્યો હતો. આ કાર્યવાહી બૉમ્બે હાઇ કોર્ટના નિર્દેશ મુજબ કરવામાં આવી હતી, જ્યારે સ્થાનિકોનું કહેવું છે કે તેમનો સામાન હટાવવા માટે પણ સમય આપવામાં આવ્યો નહોતો.

### રોજના ૧,૦૦૦થી વધુ લોકો તહેનાત

ડિમોલિશન પ્રવૃત્તિની સાથે સાથે દિવસરાત કાટમાળ દૂર કરવાની કામગીરી પણ ચાલુ છે. એક વખત ડિમોલિશન અને કાટમાળ દૂર કરવાની કામગીરી પૂર્ણ થયા પછી સમગ્ર વિસ્તારમાં બેરિકેડિંગ અને ફેન્સિંગનું કામ શરૂ કરવામાં આવશે. કાયદો અને વ્યવસ્થા જળવાય તેના માટે મુંબઈ પોલીસ, સરકારી રેલ્વે પોલીસ (ૠઙજ) અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (છઙઋ) ની ટીમ સહિત દરરોજ લગભગ ૧,૦૦૦થી ૧,૨૦૦ કર્મચારી સ્થળ પર તહેનાત રાખવામાં આવ્યા હતા. ■

## વિધાન પરિષદની

અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ એ ત્રણ બેઠકોની માગણી કરી છે. કુલ ૧૭માંથી ૧૦ બેઠકો પર સાથી પક્ષોએ દાવો કર્યો હોવાથી, મહાયુતિમાં ભાજપ પાસે માત્ર સાત બેઠકો જ બચે છે, જેના કારણે ધર્મસંકટ ઊભું થયું છે.

વિશેષ કરીને, બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા નક્કી કરતી વખતે થાણે અને પુણે મુખ્ય વિવાદનું કેન્દ્ર બની રહ્યા હોવાનું સમજાય છે. આ બંને સ્થળોએ ભાજપનું સંખ્યાબળ સારું હોવા છતાં, સાથી પક્ષોએ અહીં દાવો કર્યો છે. થાણેની બેઠક એકનાથ શિંદેને જોઈએ છે, પરંતુ ત્યાં ભાજપનું સંખ્યાબળ વધારે છે. પુણેની બેઠક સુનેત્રા પવારને જોઈએ છે અને ત્યાં પણ ભાજપનું સંખ્યાબળ વધુ છે. તેથી હવે ભાજપ થાણે અને પુણે પરથી પોતાનો હક જતો કરશે કે કેમ, તે અંગે ચર્ચા ચાલી રહી છે. જો થાણે અને પુણેની બેઠકો છોડવામાં આવે, તો તેના બદલામાં ભાજપ શિવસેના અને રાષ્ટ્રવાદી પાસેથી વધારાની બેઠકો મેળવી લેશે તેવી ચર્ચા ચાલી રહી છે.

રાજ્યની અન્ય કેટલીક બેઠકો પર પણ મહાયુતિમાં જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. શિવસેના નેતા સંજય શિરસાટે દાવો કર્યો છે કે તેઓ છત્રપતિ સંભાજીનગરની બેઠક કોઈ પણ કાળે છોડશે નહીં. આ બેઠક માટે ત્રણેય પક્ષો મક્કમ છે અને જો આ બેઠક પર કોઈ સમજૂતી નહીં થાય, તો મહાયુતિમાં આંતરિક વિવાદ ઊભો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્વાભાવિક છે કે, જો મહાયુતિમાં પરસ્પર સહમતી નહીં સધાય, તો વિધાન પરિષદની ચૂંટણીમાં ધારાસભ્યોની લે-વેચ થવાની આશંકા પણ સેવાઈ રહી છે. ■

## બાઇક ટેકસીના

છે. આના ઉપાય તરીકે, એક દિવસમાં ચાલકને માત્ર એક જ કંપની માટે પરવાનગી આપવા અંગે બેઠકમાં સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો. આ ઉપરાંત કંપનીઓના એપ-આધારિત લાઇસન્સ, ડ્રાઇવર નોંધણી, પોલીસ વેરિફિકેશન અને એપ મેનેજમેન્ટની સ્થિતિમાં રહેલી ખામીઓને દૂર કરીને એક વ્યાપક નીતિ ઘડવાનો નિર્ણય લેવામાં આવ્યો.

મુસાફરોની સલામતી માટે, સરકારે દરેક એગ્રીગેટર એપમાં વાહન લાઇસન્સ નંબર, વાહન નંબર, ડ્રાઇવરનું નામ, ફોટોગ્રાફ અને 'પેનિક બટન' સુવિધા ફરજિયાત બનાવવાની તૈયારી પણ શરૂ કરી દીધી છે. બાઇક ટેક્સી સેવાઓ માટે ફક્ત ઇલેક્ટ્રિક ટુ-વ્હિલર ફરજિયાત છે. પરિવહન અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે આમાં કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. ■

## ઉલ્હાસનગરમાં

નાજુક હોવાથી વધુ સારવાર માટે તેને થાણેની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ જૂની અદાવતને પગલે આ હુમલો થયો હોવાનું જણાઈ રહ્યું છે. કાર અને બાઈક પર સાતથી આઠ જણ રાહદારીઓથી ઊભરાતા કૈલાશ કોલોની ચોક ખાતે આવ્યા હતા. વાહનો ઊભા કરી હુમલાખોરોએ ચૌહાણ ભાઈઓ પર આડેધડ ગોળીબાર કરવા માંડ્યો હતો. ગોળીબારના અવાજથી ડરી ગયેલા રાહદારીઓમાં નાસભાગ મચી હતી તો દુકાનો ધડાધડ બંધ થવા માંડી હતી.

પ્રાથમિક તપાસ બાદ પોલીસે જણાવ્યું હતું કે ૧૫થી વધુ ગોળી ફાયર કરવામાં આવી હતી. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ચૌહાણ ભાઈઓનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અર્જુન ચૌહાણને પણ ગોળી વાગી હોવાથી હૉસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે.

કહેવાય છે કે અંબરનાથ ગાંવના કુખ્યાત ગુંડા સાથે ચૌહાણ ભાઈઓનો વિવાદ થયો હતો. ટેમ્પો ધરાવતા અનિલ ચૌહાણ પાસે હપ્તો માગવામાં આવ્યો હતો, જે આપવાનો તેણે ઇનકાર કર્યો હતો. પરિણામે આ મામલે તેને ધમકી પણ મળી હતી. કહેવાય છે કે તે સમયે અનિલે પોલીસ ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ કડક કાર્યવાહી થઈ નહોતી.

દરમિયાન ગોળીબારની માહિતી મળતાં હિલ લાઈન પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. પોલીસે હુમલાખોરોને ઓળખી કાઢ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## મહિનામાં બીજી વખત

કારણે ૩૩.૫ કિલોમીટરના અંડરગ્રાઉન્ડ કોરિડોરમાં બીજી વખત સર્વિસ ખોરવાઈ હતી. આ મેટ્રો શહેરના મુખ્ય સ્ટેશન છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ અને દક્ષિણ મુંબઈના કફપરેડ વચ્ચે આરે જેવીએલઆર ખોરવાતા પ્રવાસીઓની ટ્રેન વિના ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી. જોકે, ટેક્નિકલ ખામીને કારણે વહીવટી પ્રશાસન પણ હરકતમાં આવી ગયું હતું. બીજી બાજુ લોકોએ વહીવટી પ્રશાસનની કામગીરી અંગે પણ સોશ્યલ મીડિયા પર સવાલો કર્યાં હતા.

આ અગાઉ છઠ્ઠી મેના દિવસે ટી-ટૂ એરપોર્ટ પર આગ લાગવાના કારણે મેટ્રોની ટ્રેનસેવા પર અસર પડી હતી. મળતી માહિતી આજે સવારના લગભગ ૮:૪૫ વાગ્યાના સમયગાળા દરમિયાન સંપૂર્ણ એક્વા લાઇન પર અસર જોવા મળી હતી, ત્યાર પછી લગભગ પોણો કલાક સુધી ટ્રેનસેવા પર અસર પડી હતી, પરિણામે અનેક સ્ટેશન પર પ્રવાસીઓની ભયાનક ભીડ રહી હતી.

સોશ્યલ મીડિયા પર પણ લોકોએ પ્રશાસનની કામગીરી અંગે ગંભીર સવા કર્યા હતા અને કહ્યું હતું કે ટેક્નિકલ ખામી પછી પણ કોઈ પ્રોપર એનાઉન્સમેન્ટ કરવામાં આવતું નથી, પરિણામે લોકો ક્યાં સુધી મેટ્રોની રાહ જુઓ. ગણતરીના કલાકમાં મેટ્રોની ટ્રેનસેવા શરૂ કરવામાં આવી હતી. ડાઉન અને અપલાઈન એમ બંને લાઈનની ટ્રેન પર ટેક્નિકલ ખામીને કારણે અસર થઈ હતી. ટેક્નિકલ ખામીનો ઉકેલ લાવવામાં આવ્યા પછી ટ્રેનસેવા રાબેતા મુજબ ચાલુ થઈ હતી, એમ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશનના અધિકારીએ જણાવ્યું હતું. ■


પ્રિયાંશ આર્ય

# આઈપીએલના જુનિયરો બન્યા ટીમ ઈન્ડિયાના સિનિયરો માટે પડકાર

સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

**ટીમ ઈન્ડિયા પરિવર્તનકાળમાંથી પસાર થઈ રહી છે અને આ વખતની આઈપીએલે ભારતીય સિલેક્ટરોને અસંખ્ય ટૅલન્ટેડ ખેલાડીઓ આપ્યા છે**


રિષભ પંત

જીવનના ૪૦મા વર્ષની નજીક પહોંચી રહેલો રોહિત શર્મા અનફિટ હોવાને કારણે આ વખતની આઇપીએલમાં તમામ મૅચો નથી રમ્યો. તે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં તો શું આગામી વન-ડે સિરીઝોમાં પણ રમી શકશે કે નહીં એ વિશે બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) ચિંતામાં છે. હાર્દિક પંડ્યા વિશે પણ એવું જ છે. તેને પણ આઇપીએલમાં ઈજા નડી અને મુંબઈ ઇન્ડિયન્સના અત્યંત ખરાબ દેખાવને કારણે સતત માનસિક દબાણમાં રહ્યો. ટી-૨૦નો વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન સૂર્યકુમાર યાદવ જરાય ફૉર્મમાં નથી. રિષભ પંત પણ બૅટિંગમાં અસલ ટચ ગુમાવી બેઠો છે. જસપ્રીત બુમરાહ માટે તો ખાસ વર્કલોડ મૅનેજમેન્ટની વ્યવસ્થા રાખવી પડે છે. રવીન્દ્ર જાડેજાનો જમાનો હવે ગયો કે શું?

એક સાથે આ બધા દિગ્ગજોની અહીં ચર્ચા કરવા પાછળનું કારણ એ છે કે આવનારા મહિનાઓમાં તેઓ નબળા ફૉર્મને લીધે કે ઈજાના કારણસર કોઈ મેચ કે સિરીઝ કે ટૂર્નામેન્ટમાં નહીં રમી શકે તો તેમના સ્થાન લેવા માટે ભારતીય સિલેક્ટરોને આ વખતની આઈપીએલમાંથી નવયુવાન ખેલાડીઓની લાંબી ફોજ મળી જ છે.

ઈશાન કિશન પછી હવે શ્રેયસ ઐયર પણ ટીમ ઇન્ડિયામાં ફરી સ્થાન જમાવવા તૈયાર જ છે. રોહિત કે સૂર્યા જો હવે પછી સતત સારું નહીં રમે તો આ બે યુવાન પ્લેયર તેમની જગ્યા લઈ શકે એમ છે. તિલક વર્માએ પણ ટીમમાં સ્થાન ટકાવવું પડશે. કેએલ રાહુલ અને સંજુ સૅમસને પણ આવનારી શ્રેણીઓમાં તક મળતાં સતત સારું રમવું પડશે.

ભારતીય ટીમ હાલમાં મોટા પરિવર્તનકાળમાંથી પસાર થઈ રહી છે. ઓપનિંગ માટે તો સિલેક્ટરોને સંખ્યાબંધ ભરોસાપાત્ર બૅટ્સમેન મળી શકે એમ છે. ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી પસંદગીકારોની પહેલી પસંદ બનશે. ઇનિંગ્સમાં શરૂઆતથી જ ફટકાબાજી કરીને હરીફો પર પ્રભુત્વ જમાવવા માટે કાબેલ, નિર્ભય અને ટૅલન્ટેડ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેન વૈભવ સૂર્યવંશી ભારતની વન-ડે અને ટી-૨૦ બન્ને ટીમમાં જગ્યા મેળવી શકે એવો છે.

દર વર્ષે આઇપીએલમાં ચમકતો ગુજરાત ટાઇટન્સનો શાંત સ્વભાવનો ઓપનર સાઈ સુદર્શન ભારત વતી રમી ચૂક્યો જ છે અને હવે પૂર્ણ સ્તરે ટીમ ઇન્ડિયામાં સામેલ થઈ શકે. આ વખતની આઇપીએલમાં તેના ૬૩૮ રન હાઇએસ્ટ છે. ૨૦૨૫ની સીઝનમાં તે ૭૫૯ રન સાથે નંબર વન હતો અને હજી પ્લે-ઑફમાં તેનાં કરતબ જોવાના બાકી છે.

દમદાર અને વિસ્ફોટક ઓપનર્સ પ્રિયાંશ આર્ય તથા પ્રભસિમરન સિંહ, સ્પિન સામે સારું રમી શકતો અંગક્રિશ રઘુવંશી, અન્ડર-૧૯ વર્લ્ડ ચૅમ્પિયન કેપ્ટન આયુષ મ્હાત્રે તેમ જ મિડલ ઑર્ડરના બૅટ્સમેન નમન ધીર, કાર્તિક શર્મા વગેરે ખેલાડીઓ પણ ટીમ ઇન્ડિયામાં આવવા માટેની કતારમાં જ છે. ટૂંકમાં, ભારત પાસે યશસ્વી જયસ્વાલ ઉપરાંત બીજા ઘણા સારા આક્રમક ઓપનિંગ બૅટ્સમેન અને મિડલ ઑર્ડરના બૅટ્સમેન છે. ખેલાડીઓ ઘણા છે, પણ એમાંથી બેસ્ટ ૨૦-૨૫ પ્લેયર્સને પસંદ કરીને સર્વશ્રેષ્ઠ ટીમ બનાવવાની છે જે ભારતને ૧૯૮૩ અને ૨૦૧૧ પછીનો ત્રીજો વન-ડે વર્લ્ડ કપ અપાવી શકે.


રોહિત શર્મા


વૈભવ સૂર્યવંશી

બીસીસીઆઇને ખરી ચિંતા અફઘાનિસ્તાન, આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડ સામેની આગામી સિરીઝો કરતાં ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપની ટીમ તૈયાર કરવાની છે. ખાસ કરીને એમાં રોહિત શર્મા રમી શકશે કે કેમ? એ વિશ્વ કપ સુધીમાં રોહિત ઉપરાંત વિરાટ કોહલી ફૉર્મ અને ફિટનેસ જાળવી શકશે કે કેમ? હાર્દિક વન-ડેમાં ૧૦ ઓવર પૂરી કરવા માટે થોડા સમયથી અસમર્થ રહ્યો છે એટલે તેનું વન-ડે ભાવિ કેવું હશે? તેના જેવો બીજો ઑલરાઉન્ડર વર્લ્ડ કપ સુધીમાં તૈયાર કરી શકાશે કે નહીં? રવીન્દ્ર જાડેજા હજી ટેસ્ટ ઉપરાંત વન-ડેમાં રમે છે એટલે તેની કરીઅર આગામી વિશ્વ કપ સુધી લંબાશે કે નહીં? તેને તેમ જ અક્ષર પટેલને ચૅલેન્જ આપવા હરપ્રીત બ્રાર, સુયશ શર્મા પણ ટીમ ઇન્ડિયામાં એન્ટ્રી કરવા તત્પર છે. ભુવનેશ્વર કુમાર આઇપીએલ-૨૦૨૬ના કુલ ૨૪ વિકેટના શાનદાર પર્ફોર્મન્સ બદલ ભારત વતી નવી ઇનિંગ્સ શરૂ કરવા માટે નંબર-વન દાવેદાર છે. પ્રિન્સ યાદવ અને ગુરુનૂર બ્રારનો નંબર ટીમ ઇન્ડિયામાં લાગી ગયો છે. અંશુલ કંબોજ, કાર્તિક ત્યાગી, બ્રિજેશ શર્મા, આકીબ નબી, રસિખ સલામ, પ્રફુલ્લ હિંગે, સાકીબ હુસૈન વગેરે પણ દાવેદાર છે.

હાલમાં ક્રિકેટ બોર્ડ તેમ જ સિલેક્ટરોના મનમાં અનેક પ્રશ્નો અટવાયા છે. સિનિયર ખેલાડીઓની કરીઅર પૂરી થઈ ગઈ એવું નથી, ભારત પાસે અન્ય કોઈ પણ દેશ કરતાં વધુ ટૅલન્ટેડ ખેલાડીઓ છે. સિનિયરો જો સાતત્યતા નહીં જાળવે તો ક્રિકેટ જગત આવનારા મહિનાઓમાં ભારતની તદ્દન નવી યંગ બ્રિગેડ જોશે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# સ્ટેગાસ્ટાઇન - ઑલમોસ્ટ કાલ્પનિક લાગતું દૃશ્ય બતાવતો વ્યૂ પૉઇન્ટ...





હજી ગયા અઠવાડિયે એક સાથે ત્રણ કનેક્ટેડ વિષયો એક સાથે ચર્ચા કરવાનું થયું. એક તો એ હતું કે નૉર્વેનું નૉર્થનું નોર્ધર્નલાઇટ્સ માટે સૌથી ખ્યાતનામ ડેસ્ટિનેશન ટ્રોમ્ઝે એકદમ ઓવરલોડ પર પહોંચી ગયું હોવાના સમાચાર ત્યાં રહેતા મિત્રો પાસેથી અને પછી સોશ્યલ મીડિયા પરથી વિગત સાથે મળેલા.

બીજી તરફ ખ્યાતનામ અમેરિકન લિટરરી મૅગેઝિન અને મીડિયા આઉટલેટ 'ન્યૂયૉર્કર'એ બનાવેલી ડૉક્યુમેન્ટરી 'ધ સ્પેક્ટેકલ' જોઈને લોકોનું ફોટા પાડવાનું ઘેલું ખ્યાતનામ કુદરતી દૃશ્યો પર શું અસર કરી રહ્યું છે એ વિચારને નરી આંખે જોવા મળ્યો. અને તેમાં નૉર્વેનાં ઘણાં ડેસ્ટિનેશન શામેલ હતાં. અને ત્રીજી વાત હતી મિત્રો અને કઝિન્સ સાથે હમણાં આ વર્ષે શક્ય હોય એટલું ટ્રાવેલ ન કરવું એની ચર્ચા થઈ. ગયા વર્ષે નૉર્વેનો એક ભાગ જોઈ ચૂકેલી એક મિત્ર ફરી આ વર્ષે સમરમાં નૉર્વેના લોફોટેન આયલૅન્ડ જવા તૈયાર છે.

વળી સામે યુરોપિયન શહેરો તરફથી એવા પણ સમાચાર આવ્યા કે પ્રવાસ સાવ કૅન્સલ પણ ન કરવા. અંતે કરવું શું એ તો હાલના વૉલેટાઇલ માહોલમાં શક્ય શું છે તેના પર જ આધાર રાખે છે. અમે હજી એ જ વ્યસ્ત અઠવાડિયે ગ્વાટામાલાથી અમેરિકા અને કૅનેડા થઈને પાછાં આવ્યાં છીએ. વચ્ચે ઑફિસની કૉન્ફરન્સ માટે પોલૅન્ડ જવાનું પણ બન્યું, અને હજી પરિવાર સાથે બુડાપેસ્ટ જવાનું પણ પ્લાનમાં છે.

દુનિયા હવે એ સ્તરે કનેક્ટેડ છે કે કોવિડ જેવી સિચ્યુએશનને બાદ કરતાં સાવ ટ્રાવેલ થંભી જાય એ તો શક્ય નથી લાગતું. ફેબ્રુઆરી-માર્ચમાં યુએઇની ઍરલાઇન્સ ખોરવાઈ હોવા છતાં લોકો તો પોતાના પ્લાન સાથે આગળ વધી જ રહ્યા હતા. જેટ-ફ્યુઅલના કારણે આગળના સમયમાં શું પરિસ્થિતિ ઊભી થાય છે એ પણ જોવાનું રહ્યું. બાકી જ્યાં સુધી દુનિયા ધબકી રહી છે, લોકો જિંદગીમાં એક ખૂણેથી બીજે ખૂણે જવાના રસ્તા શોધી જ લે છે.

દુનિયા ગમે તેટલી ઊંધીચત્તી થઈ જાય, કુદરતનાં કેટલાંક દૃશ્યો એમનાં એમ જ રહેશે અને કદાચ એવાં દૃશ્યોનો વિચાર કરતી વખતે પણ ખાસ નૉર્વેનાં જ દૃશ્યો ત્યાં ગયેલા કે ન ગયેલા લોકોના મનમાં આવશે. ગયા સમરની ટ્રિપ દરમ્યાન બર્ગનની ચહેલપહેલથી હવે અમે થોડા થાક્યા હતા અને ફરી પાછું ચોર્ડ અને પહાડો વચ્ચે પહોંચી જવા માટે અમે તૈયાર હતા. બસ એક કામ બાકી હતું. અમારે નૉર્વેજિયન વાઇન ખરીદવી હતી, અને તેના માટે અમારે બર્ગનના 'વિનમોનોપોલેટ' એટલે કે સરકાર માન્ય લિકર સ્ટોર પર જવાનું હતું.

નૉર્વેની સરકાર લોકો દારૂ પર કંટ્રોલ રાખે તે માટે છેક ૧૯૨૦ના દશકથી આ વ્યવસ્થા રાખીને બેઠી છે. બાકીના યુરોપ માટે આ ખરેખર અલગ વાત હતી. બર્ગનથી કામ પતાવીને અમે તે દિવસનો અંત એકદમ કુદરતના ખોળે વિતાવવા માટે સજ્જ હતાં.




તેના માટે ફરી અમારે તે રિજનના લામને વટાવીને સ્ટેગાસ્ટાઇન વ્યૂ પૉઇન્ટ તરફ જવું હતું.

જો કાર રેન્ટ કરીને કે પછી કોઈ ટૂરિસ્ટ ગ્રુપના ભાગ રૂપે નૉર્વે ન ગયા હો તો સ્ટેગાસ્ટાઈન પહોંચવાનું જરા મુશ્કેલ બની શકે. આ બસ રસ્તામાં આવે છે અને વ્યૂ પૉઇન્ટ પર ઊભા રહીને ફોટો પાડી લઈશું એવું નથી. ત્યાં પહોંચવા માટે એક અલગ કમિટમેન્ટ કરવું જ રહ્યું. અમને પણ ત્યાં પહોંચતાં સુધી ખબર ન હતી કે ત્યાંનો રસ્તો આટલો મજેદાર બની રહેશે. એટલું જ નહીં, થોડા ટર્ન અને ઢાળ પર તો અમે કોઈ અમ્યુઝમેન્ટ પાર્કની રાઈડમાં બેઠાં હોઈએ એવું લાગતું હતું. અને અંતે ત્યાં પહોંચ્યાં ત્યારે ત્યાં એક મોટા રેમ્પ અને પાર્કિંગ સિવાય કશું જ ન હતું. આ આખુંય ઍડ્વેન્ચર આયરલૅન્ડ ચોર્ડની આસપાસ ગોઠવાયેલું છે. હવે ત્યાં પહોંચવામાં આયરલૅન્ડનાં કર્વ્સ અને વ્યૂઝથી તો અમે પરિચિત થઈ જ ચૂક્યાં હતાં.

હવે ૩૦ મીટર લાંબા આ રેમ્પ પર અમે ચોર્ડ અને પહાડ વચ્ચે ક્યાંક અટકી ગયાં હોઈએ એવું લાગતું હતું. અમે બરાબર સનસેટ જોવા ત્યાં પહોંચી ચૂક્યાં હતાં. તે જ સમયે વાદળોએ પણ સૂરજને ઢાંકવાથી બ્રેક લીધો હતો. જોકે હાઇટ પરથી થોડાં વાદળો પહાડોની વચ્ચે ગોથાં ખાઈ રહ્યાં હતાં. તે સફેદ વાદળ હતાં કે ફૉગ તે નક્કી થઈ શક્યું નહીં. તે સમયે રેમ્પ પર અમારા સિવાય એક જર્મન કપલ હતું. કોલોનનું એ કપલ પોતાના એક વર્ષના દીકરા સાથે કેમ્પર વૅનમાં નૉર્વે ફરવા નીકળેલું. તેમની સાથે અમે આઇટનરરી સ્વેપ કરી. એક મોટું ફૅમિલી રેમ્પનો હિસ્સો પચાવીને ફોટા પાડવામાં વ્યસ્ત હતું. હું તો સાઇડ પરનો વ્યૂ પકડીને ઊભી રહી ગઈ હતી. સાવ રેમ્પના અંત સુધી જઈને ખાલી જગ્યા શોધવાની કોઈ જરૂર પણ ન લાગી. ત્યાં કલાકો સુધી કોઈ અવાજ કે કોઈ ડિસ્ટર્બન્સ વિના રહી શકાય તેમ હતું. અમે ખપ પૂરતા ફોટા લીધા અને શાંતિથી માહોલને માણ્યા કર્યો. નૉર્વેમાં સમરમાં એ જ તો છે. એક સુંદર દૃશ્યને પકડો અને તેની સાથે તમારા વિચારોને પાટે ચઢાવો. નૉર્વેનાં ઘણાં દૃશ્યોને તાક્યા કરવામાં જ મેડિટેશન થઈ જતું હોય તેવું લાગવા માંડ્યું હતું.

આ રેમ્પ સુધી હાઈક કરીને આવનારા લોકો પણ છે. અહીં આ દૃશ્ય જોવા કેમ્પિંગ કરીને રહેનારા અનુભવી પ્રવાસીઓની તે દિવસે ઈર્ષ્યા થતી હતી. એ બધા વિચારો વચ્ચે એ પણ પ્રશ્ન થતો હતો કે આ દૃશ્યો, એ વ્યુ, ખરેખર એ-આઈ જનરેટેડ કે આર્ટિફિશિયલ જ લાગે તો નવાઈ નહીં. આ રેમ્પ હજી ૨૦૦૬માં જ બાંધવામાં આવ્યું છે. તે પહેલાં અહીં માત્ર કૅમ્પર અને હાઇકરને જ મજા કરવા મળતી હતી. હવે આ જ વ્યુને વિન્ટરમાં જોવાની લાલચ થઈ આવતી હતી. નૉર્વેમાં કુદરતી દૃશ્યોની જાણે લત જ લાગી જાય તેવું હતું. ■

# જોગાનુજોગ



## એક આગવી રહસ્ય કથા

ટીના દોશી

જોગીએ આંખો બંધ કરી. બંધ પાંપણોના પ્રદેશમાં કમનીય કામણની કાયા ઊપસી આવી. કામણ હતી જ એવી. કામણગારી. જોગી પર કામણે કામણ કરેલું. પહેલી વાર જોઈ ત્યારે જ. પ્રથમ નજરમાં જ કોઈએ કામણટૂમણ કર્યું હોય એવી જોગીની દશા થઈ ગયેલી. જેમ જેમ એને નિહાળતો ગયો તેમ તેમ શીશામાં ભરેલા જૂના આસવની જેમ કામણનો કેફ વધુ ને વધુ ચડતો ગયો. દિલથી દિમાગ સુધી. નશીલા દ્રવ્યનું સેવન કર્યા વિના જ જોગી હોશહવાશ ગુમાવી બેઠો. ઈશ્વરે રચેલી અનુપમ કલાકૃતિ હતી કામણ. બેનમૂન બ્રહ્માંડસુંદરી. અપ્રતિમ રૂપસૌંદર્યની સમ્રાજ્ઞિ.

કામણનું કામણ એનાં અંગ અંગમાંથી નીતરતું હતું! સ્વર્ગલોકની અપ્સરા રંભા કન્યાનો દેહ ધરે તો કામણરૂપે જ અવતરે. સુરેખ ને સુડોળ શિલ્પ સમી. કામણનાં વિશાળ કમળપંખુડી જેવાં ચંચળ નયનોમાં મદિરાનો નશો હતો, મહુડાની પહેલી ધાર જેવો. સુરાહી જેવી ગરદન. ગુલાબની પાંખડી જેવા કોમળ હોઠ. અમ્રુતરસના બે પ્રવેશદ્વાર. મુલાયમ માખણ જેવી સુંવાળી ત્વચા. ધનુષ્ય આકારની ભ્રમર. ઘાટીલું નાક. કાળો ભમ્મર કેશકલાપ. પાતળી કેડ. પિત્તળ સરખી પીંડિયું. હિંગોળ સરખા હાથ. આરસના બીબા જેવી સંગેમરમરમાંથી કંડારેલી કોમલાંગી. રૂપાની રણકતી ટોકરી જેવો સુમધુર સ્વર. મોગરાની કળી જેવી, પારિજાતના પુષ્પ જેવી, ગુલાબની સુગંધ જેવી, એક ફૂલ સાથે તુલના કરી ન જ શકાય, ફૂલથી મઘમઘતા મહેકતા બગીચા જેવી હતી કામણ.

જોગી વિચારી રહ્યો. કામણ ફૂલ જેવી કોમળ હતી, તો પોતે ફૂલ ફરતે ચકરાવો લેતો ભ્રમર હતો. કાળો ભમરો. રસ ચૂસતો ને ડંખતો. જોગીએ કુટિલ હાસ્ય કર્યું. એ કાંઈ પૂજારી નહોતો. કામણ એની પૂજાનું ફૂલ કે પ્રાર્થનાનું પુષ્પ નહોતી. પોતે કામણ નામના ફૂલને સૂંઘીને, ચૂસીને, મસળીને ને ડંખીને ફેંકી દેશે. જોગી જોગી નહીં, ભોગી હતો. નાયક નહીં, ખલનાયક હતો. અત્યાર સુધીમાં કેટલાંયે ફૂલ રગદોળી ચૂકેલો. શિકાર કરવાની એક જ કાર્યશૈલીથી અનેક ભોળી મૃગલીઓને જાળમાં ફસાવેલી. ફરી એક વાર એ જ ચાલ ચાલીને કામણનું કરી નાખવું છે!

જોગીએ જાળ બિછાવતાં પહેલાં પોતાની કાર્યપદ્ધતિને મનોમન ચકાસી લીધી. ક્યાંય કોઈ કચાશ ન રહી જવી જોઈએ. જોગી પોતે સોહામણો, રૂપકડો ને દેખાવડો હતો એટલે કન્યા પર એ કામણ કરી શકતો. એનો દેખાવ એનું સૌથી મોટું ટ્રમ્પ કાર્ડ હતું. કોઈ ફિલ્મ અભિનેતાને પણ ટક્કર મારે એવા વ્યક્તિત્વને કારણે તો એ કન્યાની બાબતે બ્લાઇન્ડ બાજી રમી શકતો. એની પોણાછ ફૂટની ઊંચાઈ, શ્યામ ચમકતો વર્ણ, વાંકડિયા ઘટાદાર વાળ, ચહેરા પર રમતું રહેતું રમતિયાળ સ્મિત, મોહક ચાલ, દિલફેંક અદા, મારકણી છટા ને તીરછી આંખોનાં તીરથી કન્યાને ઘાયલ થયે જ છૂટકો. અડધી બાજી તો એ પોતાના દેખાવથી જ જીતી જતો.

બાકીની અડધી બાજી જીતવા માટેના મૂળમાં એક પુસ્તક હતું જોગાનુજોગ. કોઈ પણ કન્યાને હૈયાથી શૈયા સુધી લઈ જવાનાં સાત પગથિયાં એમાં વર્ણવેલાં. પુસ્તક એકદમ ઓછા જાણીતા લેખકનું હતું. કોઈએ એનું નામ પણ નહીં સાંભળ્યું હોય, વાંચવાની વાત તો બહુ દૂરની છે! જોગીને ગુજરી જેવી કોઈ જગાએથી જોગાનુજોગ જ એ પુસ્તક જીર્ણશીર્ણ અવસ્થામાં મળી આવેલું. કોઈ સસ્પેન્સ સ્ટોરી સમજીને એ પુસ્તક ખરીદી લાવેલો. પણ વાંચ્યા પછી ખબર પડી કે એ તો ચીંથરે વીંટેલું રત્ન હતું!

જોગાનુજોગમાં લેખકે કહેલું કે બધું જો ઈશ્વર કરશે તો તમે શું કરશો. ઈશ્વરને એનું કામ કરવા દો. તમે પુરુષાર્થ કરો. તમે જ જોગાનુજોગ સર્જો અને પછી જુઓ પરિણામ. પહેલાં અણધાર્યો પ્રસંગ ઊભો કરો. પછી ધારેલી પ્રતિક્રિયા આપો. જોગાનુજોગની હારમાળા સર્જીને માસૂમ કન્યાનો શિકાર કઈ રીતે કરવો અને હૈયાથી શૈયા સુધીની સફર કઈ રીતે કરવી તેના જોરદાર નુસખાઓ જોગાનુજોગમાં લેખકે આલેખ્યા હતા. જોગીએ આ કીમિયાઓ કેટલા કારગત છે તેની ચકાસણી કરવા ગમ્મત ખાતર જ એ અજમાવી જોવાનું નક્કી કરેલું. પુસ્તકમાં જે કહેલા એ જ ક્રમમાં જોગાનુજોગની પરંપરા સર્જી અને એના આશ્ચર્ય વચ્ચે જોગાનુજોગ અસરકારક નીવડ્યા. બેલાથી શરૂ કરીને યામા સુધીની કૉલેજની બધી ફૂલકન્યાઓ સરળતાથી જોગીની છાબડીમાં ઠલવાઈ ગયેલી. બધી જ બાળાઓ સહેલાઈથી એનો શિકાર બની ગયેલી. પુષ્પનો મીઠોમધુરો રસ ચૂસી લીધા પછી જોગી પળવારમાં એને ફેંકી દેતો. બદનામીની બીકે કોઈ રૂપાંગના કોઈને કશું કહેતી નહીં અને જોગીને ફાવતું જડતું. પારેવાનું મહારું ચડાવીને શિયાળની જેમ એ નવા શિકારની પાછળ પડી જતો. કૃષ્ણના મુખવટા પાછળનો કંસ હતો જોગી!

હવે કામણનો વારો. નામનું સ્મરણ થતાં જ જોગીની આહ નીકળી ગઈ. આમ તો કામણ કોઈને કોઠું આપે એવી જણાતી નહોતી. ગયા અઠવાડિયે જ કામણે એની સાથે અટકચાળું કરનાર કોકનો ટોટો પીસી નાખેલો એ વાતનું સ્મરણ થતાં જોગીને ભરશિયાળે પરસેવો વળી ગયો. પણ પછી આયનામાં પોતાનો સોહામણો દેખાવ જોઈને હિંમત એકઠી કરવા લાગ્યો. ધીમે ધીમે એનો આત્મવિશ્વાસ પાછો આવ્યો. પોતે તો જોગી છે જોગી. જોગીનો ડંખ્યો પાણી ય ન માગે. કામણ ક્યા ચીજ હૈ!

બીજે દિવસે જોગીએ જોગાનુજોગનું પહેલું પગથિયું અમલમાં મૂક્યું. કૉલેજ કૅમ્પસમાં આવેલા વિશાળ વટવૃક્ષ હેઠળ કામણ સખીવૃંદ સાથે બેઠેલી ત્યારે જોગી ટહેલતો ટહેલતો ત્યાંથી નીકળ્યો અને કામણની નજરે ચડે એ રીતે હાથમાંની પેન નીચે નાખી દઈને, પોતે એ અંગે અજાણ હોય એ રીતે આગળ વધી ગયો. ચાર ડગલાં ચાલ્યો ત્યાં તો પાછળથી કામણનો કોકિલ કંઠ સંભળાયોઃ અરે જોગી, એક મિનિટ ઊભો રહે..

પણ જોગીએ સાંભળ્યું, ન સાંભળ્યું કરીને પોતાની ધૂનમાં હોય એવો ડોળ કરીને આગળ ચાલતો રહ્યો. કામણે ફરી બૂમ પાડી. અરે જોગી... તારી પેન પડી ગઈ'તી. જોગી ચમકવાનો અભિનય કરીને એકદમ ઊભો રહી ગયો. કામણે પેન આપી અને જોગી નીચું જોઈને બોલ્યોઃ હવે આ પેન ક્યારેય નહીં વાપરું. કેમ? કામણની આંખમાંથી અંગારો ઝર્યો.

'કેમ કે આ પેનને તારા જેવી ત્રિભુવનસુંદરીનો સ્પર્શ થયો છે! હવે એ મારું જીવનભરનું અણમોલ સંભારણું બની રહેશે. માય લકી પેન...' કહીને જોગી તરત જ ચાલતો થયો. જાણે કાંઈ બન્યું જ નથી! જોકે જોગીને ખબર હતી કે મૃગલીના વીંધાવાની ઘટનાનો આરંભ થઈ ચૂક્યો હતો. શબ્દોને સજ્જનતાનો શણગાર કરીને પ્રશંસા કરવાથી કન્યાને સરળતાથી છેતરી શકાય છે એવો એનો જાત અનુભવ હતો. પોતાની પીઠ તાકતી બે ભોળી માસૂમ મુગ્ધ આંખોને એ અનુભવી રહ્યો. જોગીને ખાતરી થઈ ગઈ કે કામણના હૈયામાં રોપેલું બીજ જોતજોતાંમાં પોતાને શૈયા સુધી લઈ જશે!

જોગીએ એક અઠવાડિયું જવા દીધું. ઉતાવળે આંબા પાકતા નથી એવું એ જાણતો હતો. એને ઉતાવળ હતી પણ નહીં. અઠંગ ખેલાડી હતો એ. સગડી પર તાવડીમાં બાજરીનો રોટલો ધીમી આંચે શેકાય અને એની સોડમ ધીમે ધીમે ફેલાય એમ કામણ પર પોતાનો જાદુ આહિસ્તા આહિસ્તા પ્રસરે એવી ચાલ એ ચાલેલો.

જોગીએ બીજા અઠવાડિયામાં કામણ ઘરેથી કૉલેજ આવવા ક્યારે નીકળે છે એ જાણી લીધું. પછીના ત્રીજે દિવસે કામણના કૉલેજ આવવાના રસ્તામાં કેટલીક ખીલીઓ ભભરાવી દીધી અને મનોમન ગણતરી માંડી કે કામણની ગાડીનું પંક્ચર ક્યાં પડશે. પોતે એ જ જગ્યાએ બાઇક સાથે ઊભો રહ્યો. હોમવર્ક બરાબર કર્યું હોય તો જ ધાર્યું પરિણામ મળે. દાખલાનો સરવાળો પોતાની મરજી મુજબનો આવે એ માટે આટલું તો કરવું જ રહ્યું. કામણની કોંટેસા

> **પુષ્પનો મીઠોમધુરો રસ ચૂસી લીધા પછી જોગી પળવારમાં એને ફેંકી દેતો**

દૂરથી દેખાઈ એટલે કોઈની સાથે ફોન પર વાત કરતો હોય એમ સેલફોન કાને દઈને વાતે વળ્યો. પણ ત્રાંસી આંખ કોંટેસા પર જ મંડાયેલી. જોગીની ધારણા મુજબ જ, એની ધારેલી જગ્યાએ જ કામણની કોંટેસા કિચુડાટ કરતી ઊભી રહી ગઈ. છતાં જોગી ફોનમાં મશગૂલ જ રહ્યો. જાણે કાંઈ ખબર જ નથી!

'અરે જોગી....' કામણે બૂમ પાડી. પછી ગાડીમાંથી નીચે ઊતરીને બોલીઃ 'સારું થયું, તું અહીં મળી ગયો. મારી ગાડીમાં એકાએક પંક્ચર પડ્યું છે. ડ્રાઇવર ટાયર બદલે એટલી વારમાં કૉલેજ પહોંચવામાં મોડું થઈ જશે. તું મને બાઇક પર બેસાડીને લઈ જઈશ?'

'પણ કામણ, મેં મારી બાઇક પર આજ સુધી કોઈ છોકરીને બેસાડી નથી. કોઈ તને મારી સાથે જોશે તો કેવું લાગશે? નાહક તારી ને મારી વાતો કરશે...' જોગી યોગીની અદામાં બોલ્યો.

'તું શેનો ગભરાય છે, ચિંતા તો મને હોવી જોઈએ કે કોઈ મને તારી બાઇક પર જોશે તો શું વિચારશે?' કહીને કામણ કૂદીને બાઇક પર બેસી ગઈ. જોગી મનોમન મુસ્કુરાયો. જે કામણ કોઈને દાદ આપતી નહોતી એ સામે ચાલીને પોતાની પાછળ બાઇક પર બેઠી હતી! કૉલેજ પહોંચીને કામણે બાઇક પરથી ઊતરીને આભાર માન્યો ત્યારે જોગી સહેજ અદબથી ગરદન ઝુકાવીને બોલ્યોઃ 'આભાર તો તારો કામણ. તારા જેવી સ્વપ્નસુંદરી મારી બાઇક પર બિરાજમાન થઈ એટલે. હવે આ બાઇક પર મારી પાછળ કોઈને નહીં બેસાડું.' કહીને કામણને બોલવાનો મોકો આપ્યા વિના જોગીએ બાઇક મારી મૂકી.જોગીને ખાતરી થઈ ગઈ કે પોતાના સજ્જનતાના અંચળા અને સભ્ય વર્તનથી કામણ પોતાના પ્રત્યે આકર્ષાઈ છે. એની મોડસ ઑપરેન્ડી મુજબ કામણ પ્રત્યે પોતે આકર્ષાયો હોવાનું ચેષ્ટાઓ દ્વારા વારંવાર જાહેર કર્યું, પણ હાવભાવ અને શબ્દોમાં ક્યાંય છીછરાપણું પ્રવેશવા ન દીધું. પરિણામે હૈયાથી શૈયા સુધીનું અંતર ઘટતું ગયું.

જોગીએ જોગાનુજોગમાં વર્ણવ્યા પ્રમાણેની યોજનાનું આંધળું અનુકરણ કર્યું. ત્રીજા પગથિયામાં કૉલેજમાં રોઝ ડેના દિવસે નજીકથી પસાર થઈ રહેલી કામણને જોઈને હાથમાં રહેલું ગુલાબનું ફૂલ નીચે પડ્યાનો દેખાવ કર્યો. પછી કોમળતાથી એ ગુલાબી ગુલાબનું ફૂલ કામણને આપીને કહ્યુંઃ આમ તો આ ફૂલ લાલ રંગનું હતું, પણ તારું સૌંદર્ય જોઈને ફિક્કું પડી ગયું. લાલમાંથી ગુલાબી થઈ ગયું.' કહીને કામણને મંત્રમુગ્ધ કરી દઈને ચાલતી પકડી. ચોથા પગથિયામાં કામણના હાથમાંનું પુસ્તક છટકી જાય એવો પ્રપંચ કર્યો. પછી પુસ્તક ઉઠાવીને, કામણને પરત કરતાં જાણે દિલ પર કરવત ચાલતી હોવાનો અભિનય કરીને બોલ્યોઃ કાશ! હું પણ પુસ્તક હોત. તારા સુંવાળા હાથના સ્પર્શનું સુખ તો મળ્યું હોત! પાંચમા પગથિયામાં કામણની સતરંગી ફરફરતી ઓઢણી ઊડી જાય એવી ચાલાકી કરી. પછી એ ઓઢણી કામણને પાછી આપીને ફળફળતો નિઃસાસો નાખ્યોઃ 'તારી ઓઢણીની ઈર્ષ્યા આવે છે. એ તારા દેહને વીંટળાઈ શકે છે. કાશ! હું તારી ઓઢણી હોત!' છઠ્ઠા પગથિયામાં જોગીએ ગોઠવેલા છટકામાં સપડાયેલી કામણને ઠોકર વાગી ને એ ગબડવા લાગી. તરત જ જોગીએ એના સુંવાળા દેહને પોતાના કસાયેલા હાથનો ટેકો આપીને ઝીલી લીધી અને તરત જ કામણને અળગી કરી દીધી... આ છ સોપાન સર કરી લીધા પછી કામણનાં કાજળઘેરાં નયનોમાં દેખાતી લજ્જા, એના દેહમાંથી ઊઠતી તડપ, વાત કરવાનું બહાનું શોધતી કામણ, ફરફરતા ને કંઈક કહેવા માગતા ને ન કહી શકતા અર્ધ ખૂલતા ને વળી બિડાઈ જતા ફરકતા હોઠ. આ લક્ષણો જોઈને શિકારના અનુભવી જોગીને હૈયાથી શૈયા સુધીનું અંતર હાથવેંતમાં જણાયું.

હવે સાતમું સોપાન સર કરવાનું હતું. સાતમી ચાલ. સાતમો કોઠો. અત્યાર સુધીમાં જોગીએ સજ્જનતાનો સંપૂર્ણ પરિચય કરાવી દીધેલો. કામણ હવે આંખ બંધ કરીને વિશ્વાસ મૂકે એમ હતી! જોગીએ સાતમું પગથિયું સર કરતાં કામણને પોતાના જન્મદિન નિમિત્તે કૉફી પીવાનું નિમંત્રણ આપ્યું. બીજું કોઈ હોત તો કામણે એક થપ્પડ ચોડી દીધી હોત, પણ આ તો જોગી હતો. ખાનદાની અને શાલીનતાનો અવતાર. કામણે તરત જ નિમંત્રણ સ્વીકારી લીધું. વિશ્વાસે વહાણ ડૂબે ને ભરોસાની ભેંસ પાડો જણે, એ બન્ને કહેવત એણે સાંભળી હતી, પણ જોગીના સંદર્ભમાં આ કહેણીઓનો વિચાર પણ થાય એમ નહોતો.

જોગીની ખરેખરી યોજના તો હવે શરૂ થતી હતી. જોગાનુજોગમાં લખેલું કે અંતિમ પગથિયામાં કૉફીમાં ઘેનની દવા ભેળવી દેવાની. કન્યા બેહોશ થઈ જાય એટલે તમે મદહોશ બની જાવ. જલસા કરો. મોજથી કરો જે કરવું હોય એ. ચક્રવ્યૂહનો સાતમો કોઠો વીંધવા જઈ રહેલા અભિમન્યુની અદાથી જોગી મોરપીંછ રંગના ડ્રેસમાં મોરની જેવી જ ખૂબસૂરત દેખાતી કામણને આલીશાન કૉફી હાઉસમાં લઈ ગયો. વેઇટર કૉફી મેજ પર મૂકી ગયો, એ દરમિયાન જોગીનો સેલફોન રણક્યો. જોગી ચમક્યો. અટાણે વળી કોણ ફોન કરીને હવનમાં હાડકાં નાખે છે? કહીને રોંગ નંબર એમ બબડતાં જોગીએ ફોન મૂકી દીધો અને યોજના મુજબ હાથના ધીમા હડસેલાથી કામણે મેજ પર મૂકેલા ભરતગૂંથણવાળા રંગરંગી બટવાને હળવો ધક્કો માર્યો. બટવો નીચે પડ્યો. કામણ બટવો લેવા નીચે ઝૂકી, એટલે તરત જ જોગીએ યોજના અમલમાં મૂકી. પડીકીમાંથી ઘેનની દવા કામણની કૉફીમાં ઠાલવવા માંડ્યો, ત્યાં તો વાંકી વળેલી કામણ સફાળી બેઠી થઈ ગઈ. કૉફીમાં દવા ભેળવતાં જોગીનો હાથ પકડી લીધો ને એની આંખમાં આંખ પરોવીને બોલીઃ

'જોગી, મને તો ખબર જ છે કે તારા જોગી નામ પાછળનો ચહેરો ભોગીનો છે. તેં મને ફસાવવા માટે રચેલું સાત પગથિયાનું ષડ્યંત્ર પણ હું જાણું છું. હું માત્ર જોવા માગતી હતી કે તું કેટલી હદે નીચો ઊતરી શકે છે. તેં જ્યારે તારી પેન નીચે પાડેલી, ત્યારે મેં એ બાબત પ્રત્યે બહુ ધ્યાન નહોતું આપ્યું. કદાચ પેન ખરેખર ભૂલથી જ પડી હશે એમ માની મેં તને બેનિફિટ ઑફ ડાઉટ આપેલો. પછી તેં મારા રસ્તામાં ખીલીઓ નાખી. ગુલાબી ગુલાબનું ફૂલ આપ્યું, ઓઢણી અને પુસ્તકની ગાંડીઘેલી વાતો કરી, મને ઠેસ વાગે ને તું મને ઝાલી લે... મને ખરેખર તો હસવું આવતું હતું. મારી મુગ્ધતા, મારું આકર્ષણ, એ તો મારો અભિનય જ હતો. પછી તેં મને કૉફી પીવાનું આમંત્રણ આપ્યું ત્યારે મારી રહીસહી શંકા પણ ખાતરીમાં ફેરવાઈ ગઈ કે તું કોઈક ચોક્કસ સ્ક્રિપ્ટને અનુસરી રહ્યો છે... હં...તેં કૉફી પી લીધી? સારું થયું! કારણ મારી કૉફીમાં તુ જે ઘેનની દવા ભેળવી રહ્યો હતો, એ જ દવા મેં તારી કૉફીમાં ભેળવી દીધી છે! ક્યારે એમ? તારો પેલો રોંગ નંબર આવેલોને ત્યારે...હા.. એ ફોન મેં જ કરાવેલો. બેપાંચ સેકન્ડ સુધી તારું ધ્યાન બીજે દોરવાય એ માટે. તારી કૉફીમાં ઘેનની દવા ભેળવવા એટલો સમય પૂરતો હતો. હવે પડ્યો રહેજે ચાર કલાક સુધી.. આમ ડોળા ફાડીને શું જુએ છે? મને તારી યોજનાની કેવી રીતે ખબર પડી એમ! તો સાંભળ... 'જોગાનુજોગ મેં પણ વાંચી છે!'

જોગીની આંખે અંધારાં આવી ગયાં. એ ચક્કર ખાઈને ફસડાઈ પડ્યોઃ આ તે કેવો જોગાનુજોગ! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# વ્હિસ્પરિંગ કર્વ ઑફિસ - ગુજરાત

હેમંત વાળા feedback@bombaysamachar.com









ખુલ્લા માર્ગમાંથી પ્રવેશ, અર્ધ-ખુલ્લી ગોળાકાર જગ્યામાં રિસેપ્શન-આવકાર સ્થાન, તેના સંતુલન માટે લગભગ સમમિતિય સ્થિતિમાં ગોળાકાર કાચની દીવાલોની બનાવાયેલ એમડીની કેબિન, પાછળ એક વર્તુળ-વૃત્તમાં ગોઠવાયેલ અન્ય કાર્યસ્થાન તથા સર્વિસિંગ માટે જરૂરી સેવાઓ માટેના આઠ રૂમ, આ વૃત્તને સમાંતર ગોળાકાર આવનજાવનનો માર્ગ અને આ બધાને અનુરૂપ વણાકાકાર ધાબુ-એસ એસોસિએટ્સ દ્વારા ગુજરાતમાં નડિયાદ પાસેના વસો નજીક વર્ષ ૨૦૨૪માં ડિઝાઇન કરાયેલ આશરે ૩૬૦ ચોરસ મીટર વિસ્તારની વ્હિસ્પરિંગ કર્વની ઑફિસનું આ પ્રાથમિક વર્ણન છે. આ સમગ્ર રચના જે રીતે, તેના પ્રત્યેક સ્થાનથી, જે તે માત્રામાં જે રીતે કુદરત સાથે અસરકારક અને સકારાત્મક સમીકરણ સ્થાપિત કરે છે તે ઉલ્લેખનીય છે, ઇચ્છનીય છે. એકંદરે એમ કહી શકાય કે આ એક બાયોફિલિક સ્થાપત્ય-શૈલી અનુસારની રચના છે. આ સમગ્ર રચનામાં આંતરિક જગ્યાઓ અને પ્રકૃતિ વચ્ચેનો મજબૂત સંબંધ સ્થપાય છે જેને કારણે અહીં કાર્યરત માનવીને સતત કુદરતની હરિયાળી નજરમાં રહી શકે છે. એમ કહી શકાય કે આ પ્રકારની રચનાથી માનવીની કાર્યક્ષમતા વધી પણ શકે. અહીં ક્યારેક એમ પ્રતીત પણ નહીં થતું હોય કે મકાનમાં પ્રવેશ કરી ચુકાયો છે.

સ્થાપત્યમાં વર્ષોથી એક ચર્ચા ચાલી રહી છે. એક મંતવ્ય પ્રમાણે એમ કહેવાય છે કે ઉપયોગિતા અનુસાર મકાનના આકારની પસંદગી થવી જોઈએ જ્યારે અન્ય મંતવ્યમાં એમ કહેવામાં આવ્યું છે કે ભાવનાત્મક દૃષ્ટિએ કે પ્રતીકાત્મક રીતે આકારનું ચયન કરી તેમાં ઉપયોગિતા ગોઠવવી વધુ યોગ્ય છે. આ બીજા પ્રકારની વિચારધારા મુજબની રચના છે. અહીં કુદરત સાથેનો સમન્વય સ્થાપિત કરવા પ્રથમ વર્તુળાકારની પસંદગી થઈ છે અને પછી તેની સાથે ઉપયોગિતા સાંકળવામાં આવી છે. આ રચના પ્રમાણમાં નાની હોવાથી આ રચના-પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ઊભી થઈ હોય એમ જણાતું નથી. સાથે સાથે એમ ચોક્કસ કહી શકાય કે પ્રાપ્ત જગ્યાનો આ રચનાત્મક, સંવેદનશીલ, ભાવનાત્મક અને અસરકારક ઉપયોગ છે.

આ ઑફિસ માટે અન્ય કેટલીક વાતો નોંધપાત્ર છે. એશિયાના સૌથી મોટા ગણાતા બાયોગૅસ પ્લાન્ટ ધરાવતા કૅમ્પસની લીલોતરી વચ્ચે આ રચના કુદરતી સુ-સંવાદિતતા સ્થાપિત કરે છે. આ રચના બાંધકામ અને બાંધકામમુક્ત-સ્થાનો વચ્ચેનો સંવાદ અર્થપૂર્ણ અને રસપ્રદ જણાય છે. અહીં કુદરતી પ્રકાશ મેળવવા માટે કાર્યસ્થળમાં પરોક્ષ રીતે સૂર્યપ્રકાશ મળી રહે તેવી રચના કરાઈ છે. વર્તુળાકારની પસંદગીને કારણે સૂર્યનું કિરણ દીવાલોને ઓછી ગરમ કરે અને તેથી પણ અહીં ઑફિસના વપરાશમાં ઊર્જાની ખપત ઓછી થાય. આમ તો આ રચનાને આધુનિક કહી શકાય, પરંતુ તેમાં આધુનિક શૈલીની જે પ્રચલિત બાબતો છે તે એટલી ઉગ્રતાથી પ્રતીત નથી થતી. આમ તો આ નવીન સ્થાપત્ય અભિગમ નથી પરંતુ તેમાં ચોક્કસ નવીનતા અને તાજગીની અનુભૂતિ શક્ય બને છે.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ એમ કહી શકાય કે અહીં પરંપરાગત લંબીય રચનાના સ્થાને વર્તુળાકારનો ઉપયોગ કરીને એક પ્રકારની પ્રવાહીતતા સ્થાપિત કરવાનો સફળ પ્રયત્ન કરાયો છે. રચનાના આ પ્રકારના અભિગમને કારણે અહીં એક પ્રકારની સૌમ્યતા, સરળતા, શાંતિ અને સ્થિરતાની અનુભૂતિ થતી હશે.

કુદરત સાથે વધુ પડતા જોડાણને કારણે ક્યાંક અગવડતા ઊભી થઈ શકે. અહીં અર્ધખુલ્લી જગ્યાનો ઉપયોગ પણ વધુ છે જે આબોહવાની દૃષ્ટિએ ક્યારેય સકારાત્મક ભૂમિકા ભજવે તો ક્યારેક નકારાત્મક. આ પ્રકારની રચનામાં જો રાચરચીલું સ્થાન મુજબ બનાવાયું ન હોય તો ક્યાંક વિચિત્ર પરિસ્થિતિ પણ ઊભી થઈ શકે. ભલે એકવાર સમગ્ર રચનામાં અનૌપચારિકતા માટેનો લગાવ દેખાતો હોય તે છતાં પણ ઔપચારિકતાની હાજરી પણ વર્તાય છે. સ્વાભાવિક છે કે આ પ્રકારની અને આવી મુક્તતાવાળી રચના માટે પ્રમાણમાં મોટી જમીન જોઈએ. જગ્યાના અભાવવાળા સ્થાને જો અસરકારક આયોજન કરવામાં આવે તો સામાન્ય સંજોગોમાં આટલી ઉપયોગિતા આનાથી અડધા ક્ષેત્રમાં સમાવી શકાય.

બાંધકામ અને વિગતીકરણની દૃષ્ટિએ આ સમગ્ર રચના સરળ છે. કાચ અને બહારની ધારે ગોઠવાયેલી પથ્થરની દીવાલો, અગાસીને ટેકો આપવા ન્યૂનતમ જરૂરિયાત મુજબ ગ્રુપમાં ગોઠવાઈ લોખંડની પાઇપો, ન્યૂનતમ અને સરળ રાચરચીલું, ફ્લોરિંગમાં પટ્ટીઓનો રસપ્રદ ઉપયોગ, જમીન સાથેનું દૃઢ જોડાણ, ખુલ્લાપણાંને લીધે પડછાયાથી સર્જાતી રસપ્રદ ભાત, લીલા રંગનો ભાવનાત્મક ઉપયોગ તથા નાના પ્રમાણમાપથી સરળતાથી સ્થાપિત થતું માનવીય જોડાણ; આ અને આવી બાબતો આ મકાનને વિશેષ બનાવે છે. એમ કહી શકાય કે આ રચનામાં કોઈપણ પ્રકારનો આડંબર નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર અહીંની ગોવર્ધનનાથજી એનર્જીઝ સંસ્થા દરરોજ લગભગ ૨૫૦ મેટ્રિક ટન બાયો વેસ્ટની પ્રક્રિયા કરે છે જેના થકી આશરે ૧૮૦૦૦ ઘન મીટર જેટલો કાચો બાયોગૅસ અને ૭૦૦૦ કિલોગ્રામ જેટલો શુદ્ધ બાયો-સીએનજી ઉત્પન્ન કરે છે. તે ઉપરાંત અહીં કૃષિ પ્રણાલીની જરૂરિયાત મુજબ કાર્બનિક ખાતર પણ ઉત્પન્ન કરવામાં આવે છે.

જ્યારે સંસ્થા પર્યાવરણ માટે આ રીતે કાર્યરત અને સંવેદનશીલ હોય ત્યારે સ્વાભાવિક રીતે તેના વહીવટી મકાનમાં પર્યાવરણની સંવેદનશીલતા અભિવ્યક્ત થવી જ જોઈએ. આ વિચારને માન્ય રાખીને એમ જણાય છે કે સ્થપતિએ સ્થાપત્ય નિર્ધારણ કર્યું છે અને પર્યાવરણની જવાબદારી નિભાવી છે. સાથે સાથે સ્થપતિએ જાણે માનવ અનુભવને સમૃદ્ધ બનાવ્યો છે, ક્યાંક સંવેદનશીલ કુદરત સાથે સંવેદનશીલ ભાવનાત્મક જોડાણ સ્થાપિત કર્યું છે અને એક પ્રકારે ભારતીય સ્થાપત્યની પ્રાચીન પરંપરાને ફરીથી જીવંત કરી છે. ■

એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# બેલ્જિયમમાં શાકાહારનો મહિમા

## યુરોપમાં વેજિટેરિયન રેસ્ટોરાંની સંખ્યા વધી રહી છે

વાયવ્ય યુરોપના દરિયાકાંઠાના વિસ્તારમાં બેલ્જિયમ, નેધરલૅન્ડ્સ અને લક્ઝમબર્ગ (Belgium, the Netherlands, Luxembourg) એ ત્રણ દેશનો સમાવેશ છે. આ ત્રિપુટી Benelux countries તરીકે પણ ઓળખાય છે. ત્રણેય દેશના અંગ્રેજી સ્પેલિંગના પ્રાથમિક અક્ષરોથી આ નામકરણ અસ્તિત્વમાં આવ્યું છે. આ દેશ Benelux Economic Union નામથી ઓળખાતા કરારથી જોડાયેલા છે. એના કારણે ત્રણેય દેશ વચ્ચે લોકોની, માલસામાનની અને સર્વિસનું મુક્ત આદાનપ્રદાન થાય છે. બેલ્જિયમ, નેધરલૅન્ડ્સ અને લક્ઝમબર્ગ ‘લો કન્ટ્રીઝ’ કહેવાય છે, કારણ કે આ દેશનો કેટલોક જમીન વિસ્તાર દરિયાઈ સપાટીથી નીચે છે, જેમ કે નેધરલૅન્ડ્સનો ૨૫ ટકા જમીનનો વિસ્તાર બિલો સી લેવલ - દરિયાઈ સપાટીથી નીચે છે. આ ત્રણ દેશમાં બોલાતી ભાષામાં પણ વૈવિધ્ય જોવા મળે છે. નેધરલૅન્ડ્સ અને ઉત્તર બેલ્જિયમમાં ડચ ભાષા બોલાય છે (બેલ્જિયમમાં આ ભાષા ‘ફ્લેમિશ’ તરીકે ઓળખાય છે) જ્યારે બેલ્જિયમના દક્ષિણ વિસ્તારમાં ફ્રેન્ચ ભાષાનું ચલણ છે. લક્ઝમબર્ગમાં ફ્રેન્ચનું પ્રભુત્વ ધરાવતી જર્મન બોલી ચલણમાં છે. પહેલા વિશ્વયુદ્ધ વખતે નેધરલૅન્ડ્સ તટસ્થ રહ્યું હતું જ્યારે જર્મન દળોએ બેલ્જિયમ અને લક્ઝમબર્ગમાં આધિપત્ય જમાવ્યું હતું. યુદ્ધ સમાપ્ત થયા પછી ત્રણેય દેશ ‘નાટો’ (નૉર્થ એટલાન્ટિક ટ્રિટી ઑર્ગેનાઇઝેશન)ના બત્રીસ સ્થાપક દેશ પૈકી હતા. ત્યાર બાદ Benelux Economic Union અસ્તિત્વમાં આવ્યું. ત્રણેય દેશમાં સંસદીય લોકશાહી અને વંશપરંપરાગત રાજાશાહી અસ્તિત્વ ધરાવે છે. ત્રણ દેશમાંથી સૌથી લાંબું રોકાણ અમારું તો નેધરલૅન્ડ્સમાં (ત્રણ મહિના) થયું હતું. જોકે, બલ્જિયમમાં થોડું ફરવા મળ્યું અને અમુક સ્થળે પહોંચી શકાય એમ નહોતું, પણ એની મળેલી જાણકારી રસપ્રદ હોવાથી વાચકો સુધી એ પહોંચાડવી જ જોઈએ એવો નિર્ણય કર્યો.

### યુરોપમાં શાકાહારનો મહિમા



જેન્ટઃ યુરોપનું વેજિટેરિયન કૅપિટલ

અચરજ સાથે આનંદ થાય એવી જાણકારી એ મળી કે બલ્જિયમનું જેન્ટ શહેર યુરોપના ‘વેજિટેરિયન કૅપિટલ’ તરીકે ખ્યાતિ ધરાવે છે. સરકાર તરફથી ઉત્તેજન મળવાને કારણે તેમ જ શાકાહારી વાનગી ધરાવતા ફૂડ જૉઇન્ટ્સ અને રેસ્ટોરાંની વિશેષ પ્રમાણમાં હાજરી આ વિચારધારાને પ્રોત્સાહન આપે છે. આ ખિતાબની જેન્ટને લ્હાણી નથી કરવામાં આવી બલકે કોશિશો અને કાર્યક્રમોને પગલે એ મેળવવામાં આવ્યો છે. આજથી ૧૭ વર્ષ પહેલાં ૨૦૦૯માં અઠવાડિયામાં એક દિવસ માંસાહારનો ત્યાગ સત્તાવાર સ્વરૂપે ઘોષિત કરનારો પ્રથમ દેશ બન્યો હતો. સ્થાનિક સરકારે આ અનોખી ઝુંબેશનું નેતૃત્વ કરી પ્રત્યેક મ્યુનિસિપલ ઑફિસ, પબ્લિક સ્કૂલો તેમ જ કેફેટેરિયામાં દર ગુરુવારે માંસાહારી વાનગી આપવા પર પ્રતિબંધ મૂકી દીધો.

આ શહેરમાં વીગન (માંસાહાર ઉપરાંત દૂધ, ચીઝ, માખણ, યોગર્ટ જેવી વાનગીઓનો ત્યાગ) અને વેજિટેરિયન રેસ્ટોરાંની સંખ્યા માથાદીઠને હિસાબે ગણીએ તો લંડન અથવા પેરિસ કરતાં પણ વધારે છે. અલબત્ત, એકંદર સંખ્યા બંને શહેર કરતાં ઓછી હશે. શહેરમાં પ્લાન્ટ બેઝ્ડ (મતલબ કે છોડ પર ઊગતી વસ્તુઓ) વાનગીઓ આરોગવાને પ્રાધાન્ય આપવામાં આવે છે. જાણવાની વાત તો એ છે કે વર્ષો જૂના બેલ્જિયમની રેસ્ટોરાંમાં, ચિપ્સ વેચતી સ્થાનિક દુકાનો તેમ જ કૅફેમાં પણ વીગન અને શાકાહારી વાનગીઓના અનેક વિકલ્પ ઉપલબ્ધ હોય છે. મળેલી જાણકારી અનુસાર જેન્ટમાં ૧૦૦થી વધુ રેસ્ટોરાંમાં શાકાહારી ભોજનનો મહિમા છે. અહીંની રેસ્ટોરાંમાં ખાઈએ એટલી વાનગીના પૈસા આપવાનો અલાયદો શિરસ્તો છે. ત્રણ યુરોની બેઝિક પ્રાઇઝ ચૂકવી ગાજર, પાલક, શક્કરિયા અને બદામના બુફેથી શરૂઆત કરવાની અને પછી દર ૧૦૦ ગ્રામ વધારે લો એના પૈસા આપવાના. અહીંની એક રેસ્ટોરાં તો સોશ્યલ રેસ્ટોરાં તરીકે જાણીતી છે, કારણ કે અહીં ભોજન સાથે રોજગાર વિનાના બેકાર લોકો માટે ખાસ એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે.

### સેન્ટ માઇકલ બ્રિજ અને થ્રી ટાવર્સ



ટાવર્સઃ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા ત્રણ લૅન્ડમાર્ક

જેન્ટ વ્યાપાર તેમ જ ધર્મ બાબતે ઐતિહાસિક શહેર છે. એની સાથે જોડાયેલી આધ્યાત્મિક કથાને કારણે એમાં રસ ધરાવતા લોકો આ શહેરની વિસ્તારપૂર્વક મુલાકાત લે છે. સેન્ટ માઇકલ બ્રિજ આ શહેરનું પ્રમુખ આકર્ષણ છે. અહીંથી શહેરના ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા ત્રણ લૅન્ડમાર્ક (થ્રી ટાવર્સ) જોવાનો લ્હાવો ચૂકવા જેવો નથી એમ અમને ખાસ કહેવામાં આવ્યું હતું. આ લૅન્ડમાર્ક છે સેન્ટ નિકોલસ ચર્ચ, બેલફ્રાય અને સેન્ટ બેવો કથિડ્રલ. ચર્ચ અને કથિડ્રલ તો રોમ અને વેનિસમાં જોઈને ધરાઈ ગયા હતા એટલે એના માટે બહુ ઉત્સાહ નહોતો, પણ ૧૪મી સદીમાં બાંધવામાં આવેલા બેલફ્રાય માટે ઉત્સુકતા હતી. અહીં એક મોટો ઘંટ બેસાડવામાં આવ્યો છે જેનો પ્રાથમિક હેતુ કેવળ ધાર્મિક હતો. જોકે, પછી એ સમયની જાણ કરતું સાધન બની ગયો અને આગની દુર્ઘટનાથી તેમ જ દશ્મનના આગમનની ચેતવણી આપવા પણ આ ઘંટનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો. બ્રિજ પરથી દૃશ્ય એટલું મનોરમ્ય લાગે છે કે અનેક સહેલાણીઓ અહીં સેલ્ફી લેતા હોય છે.

### પવનચક્કી

પવનચક્કી એટલે પવનના જોરથી ફરતા ચક્કર સાથે યોજાયેલું યંત્ર જેની મદદથી પાણી ખેંચવાનું, અનાજ દળવાનું વગેરે અનેક કામ લેવાય એવું શાળાના ભણતરમાં આવતું હતું. શરૂઆતમાં આ યંત્રનો ઉપયોગ દળવા કે પીસવા માટે કરવામાં આવતો હોવાથી પવનની મદદથી ચાલતી દળવા કે પીસવા માટેની ચક્કી પવનચક્કી નામ પડ્યું હોવાનું માનવામાં આવે છે. અંગ્રેજીમાં એને માટે ‘વિન્ડમિલ’ શબ્દ છે. યુરોપમાં વૈકલ્પિક ઊર્જાને મહત્ત્વ આપવામાં આવતું હોવાથી બેલ્જિયમ અને નેધરલૅન્ડ્સમાં સારી સંખ્યામાં વૈવિધ્યપૂર્ણ વિન્ડમિલ જોવાનો મોકો મળ્યો. અમને જે પવનચક્કી જોવા મળી એ ૨૪૭ મીટર ઊંચી અને પાંચ હજાર ઘરને વીજળીનો પુરવઠો પહોંચાડવાની ક્ષમતા ધરાવતી હતી. જોકે, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ત્રણ વિન્ડમિલ ન જોઈ શકાઈ એનો અફસોસ જરૂર થયો. ■



વિન્ડમીલઃ વૈકલ્પિક ઈંધણની દિશામાં પ્રગતિ

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# પૈસા બચાવો... ભવિષ્યમાં કદાચ ‘સ્વદેશી’ સોનું ખરીદવા મળશે!



થોડા દિવસ પહેલાં પ્રધાનમંત્રી મોદીએ દેશની જનતાને આવતા એક વર્ષ સુધી સોનાની ખરીદી ન કરવા માટે અપીલ કરી. મધ્ય-પૂર્વની કટોકટી લાંબા ગાળાના યુદ્ધમાં પરિણમે તો ભારતે આર્થિક મોરચે ઘણો સંઘર્ષ વેઠવાનો આવશે.

એવું થાય તો આગોતરી તૈયારી તરીકે આપણે વિદેશી મુદ્રાભંડાર જાળવી રાખવો જોઈએ એની સાથે જ ઊર્જાની બને એટલી બચત કરવી જોઈએ. આ અગાઉ મનમોહનસિંહના કાર્યકાળમાં વિત્તમંત્રી તરીકે પી. ચિદમ્બરમ પણ આવી અપીલ કરી ચૂક્યા છે. એ વખતે તો યુદ્ધ જેવી કોઈ કટોકટીય નહોતી. ૧૯૬૨માં ભારત-ચીન યુદ્ધ વખતે તત્કાલીન પ્રધાનમંત્રી નહેરુએ સોનું સરકારને દાન કરવાની અપીલ કરેલી.

ભારતમાં સોનાની ખરીદી લગ્નપ્રસંગ અને દિવાળી કે અક્ષયતૃતિયા જેવા તહેવારો સાથે અનિવાર્યપણે જોડાઈ ગઈ છે. ભારતીયો જેટલું સોનું ખરીદે છે, એ પૈકીની અડધોઅડધ ખરીદી લગ્નપ્રસંગ નિમિત્તે થાય છે. આની સારી બાજુ એ કે ભારતીય પરિવારોમાં સોનાની ખરીદી સ્વરૂપે લાંબા ગાળાની બચત થતી રહે છે. પરિવારના કઠિન સમયમાં આ જ સોનું જીવાદોરી સાબિત થાય. વળી સોનાને કારણે ભારતીય બજારો ઓછામાં ઓછા અડધો કરોડ લોકોને સીધી કે આડકતરી રીતે રોજગારી આપે છે. જોકે આ વાત માત્ર આટલા પૂરતી જ સીમિત નથી. ખાટલે મોટી ખોડ એ છે કે ભારત જેટલું સોનું ખરીદે છે એટલું ‘પ્રોડ્યુસ’ નથી કરી શકતું. આ વિશે જરા વિસ્તારે સમજવી પડે.

સોનું પણ કોલસાની માફક વિવિધ દેશોમાં આવેલી ખાણોમાંથી ખનીજ સ્વરૂપે મળી આવે છે. ચીનની ખાણોમાંથી સૌથી વધુ વાર્ષિક ૩૭૦-૩૮૦ ટન કાચું સોનું નીકળે છે. એ પછી રશિયા, ઑસ્ટ્રેલિયા, કૅનેડા અને અમેરિકાની ગોલ્ડ માઇન્સનો નંબર આવે. ભારતમાંથી દર વર્ષે માત્ર દોઢ-બે ટન કાચું સોનું જ નીકળે છે. સામાન્ય સમજ એવી છે કે સોનાની સૌથી વધુ ખાણ આફ્રિકી દેશોમાં છે. આ વાત સાચી છે, પણ જે આફ્રિકન દેશોમાં સોનાની ખાણ છે, એ દરેક દેશ વાર્ષિક સો-દોઢસો ટન કાચું સોનું ખોદી કાઢે છે. આ બધાનો એટલે કે આફ્રિકન દેશોનો સહિયારો આંકડો ચીન કરતાં વધી જાય. એ રીતે જોઈએ તો કાચું સોનું મેળવવામાં આફ્રિકા પહેલા નંબરે ખરું, પણ વિટંબણા એવી છે કે અહીંની પ્રજા પોતે પારાવાર ગરીબીમાં સબડે અને ખાણમાં મજૂરી જ કરી જાણે છે.

જે રીતે પેટ્રોલિયમના ભંડાર ધરાવતા મધ્ય-પૂર્વના દેશો શ્રીમંત થયા, એ રીતે કાચું સોનું પકવતા આફ્રિકન દેશો સમૃદ્ધિ પામવામાં નિષ્ફળ રહ્યા, કારણ કે એમની પાસે સોનાના શુદ્ધિકરણની રિફાઇનરી નથી.

બીજી તરફ સ્વિટ્ઝરલૅન્ડ પાસે સોનાની ખાણ નથી, તેમ છતાં ગોલ્ડ રિફાઇનરીઝ સહિતના ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ

નેટવર્કને કારણે આ દેશ આજે દુનિયાનું ‘ગોલ્ડ હબ’ ગણાય છે. સ્વિસ ગોલ્ડની શુદ્ધતા ઉપર આખી દુનિયાને અતૂટ ભરોસો છે. ખેર, આપણે ભારત તરફ પાછા ફરીએ.

**ભારત કેટલું સોનું પેદા કરે છે?**

ભારત પાસે આઠેક જેટલી ગોલ્ડ માઇન્સ-ખાણ છે. બ્લૉક બસ્ટર ફિલ્મ ‘કેજીએફ’ દ્વારા કાવેરી ગોલ્ડ ફીલ્ડ આખા દેશમાં જાણીતી થઈ, પણ કર્ણાટકમાં આવેલ આ ગોલ્ડ માઇન હવે વર્ષોથી બંધ છે. બ્રિટિશર્સ એમાંથી આઠસો ટન સોનું ઉલેચી ગયા હોવાનો અંદાજ છે. બ્રિટિશરોએ ભારતને રેલવે અને રસ્તાઓ બાંધી આપ્યા એ વાત યાદ કરાવી કરાવીને આપણે ત્યાંનો એક પરમ બૌદ્ધિક વર્ગ પોરસાતો રહે છે, પણ એમને ખબર નથી કે ધોળિયાઓએ એ બધું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભારતના ખનીજો સહિતની સમૃદ્ધિ ઉલેચી જવા માટે ઊભું કરેલું.

આંધ્ર પ્રદેશના રામગીરી નજીક આવેલી ખાણનો ઇતિહાસ પણ કંઈક આવો જ છે. બ્રિટિશર્સ અહીંથી ઘણું સોનું ખોદી ગયા છે. હજી પણ આ ખાણમાં ચારેક ટન સોના સહિત કોપર, લેડ અને ઝિંકનો ભંડાર મળે એમ છે. આશરે બે દાયકા કરતાં વધુ સમયથી બંધ પડેલી આ ખાણ હાલમાં સરકાર હસ્તક છે. અહીં ફરીથી ખનન શરૂ કરવાની શક્યતાઓ ચકાસવાનું કામ ચાલુ છે. બીજી તરફ, કર્ણાટકના રાયચુર ખાતે આવેલી હટ્ટી ગોલ્ડ માઇન ભારતની એકમાત્ર ઍક્ટિવ ગોલ્ડ માઇન છે. જે વાર્ષિક ધોરણે દોઢથી બે ટન સોનું મેળવે છે. સોનાની આ ખાણ બે હજાર વર્ષ જૂની હોવાનું મનાય છે. અહીં ખનીજમાંથી સોનું મેળવવા માટેની રિફાઇનરી પણ છે, જે દરરોજ ત્રણ હજાર ટન ખનીજ પ્રોસેસ કરી શકે છે. આ હિસાબે જરા વિચાર કરો કે આખા વર્ષ દરમિયાન હજારો ટન ખનીજ પ્રોસેસ કર્યા પછી માત્ર દોઢ-બે ટન સોનું પ્રાપ્ત થાય છે!

**ભારતનું ભવિષ્ય શું?**

સદ્‌નસીબે અંગ્રેજોએ પાવડે પાવડે ખનીજ સંપત્તિની લૂંટ ચલાવી હોવા છતાં ભારત પાસે સોનાની કેટલીક એવી ખાણ છે જે નજીકના ભવિષ્યમાં સોનાનું પ્રોડક્શન શરૂ કરી શકે એમ છે. આમાં ઉત્તર પ્રદેશની સોનભદ્ર ગોલ્ડ માઇનનું નામ પ્રથમ ક્રમે આવે. ‘જિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા’ દ્વારા ૨૦૨૦માં શોધાયેલી આ ખાણ સાતસો ટન ગોલ્ડ ઓર ધરાવતી હોવાનો અંદાજ છે. સાથે જ આસપાસના વિસ્તારોમાં સિલ્વર, કોપર અને આયર્ન પણ મળી આવવાની શક્યતા છે. સોનભદ્ર ખાણમાં પ્રોડક્શન શરૂ થયા બાદ આખા વિસ્તારની ઇકૉનૉમીને જોરદાર વેગ મળે એવી સંભાવના જોવાઈ રહી છે. એ સિવાય કર્ણાટક અને ગોવાની બોર્ડર પર આવેલી ગણાજુર ગોલ્ડ માઇન પણ ખનનની પરમિશન મળે એની રાહ જોઈ રહી છે. ૨૦૨૧માં પર્યાવરણીય પ્રશ્નોને કારણે સરકારે આ માઇનની લીઝ રદ કરેલી. એ મુદ્દે કોઈ ઉકેલ જડશે તો અહીંથી પણ વર્ષે દોઢ ટન સોનું પેદા થઈ શકશે. આ ઉપરાંત ઝારખંડની લાવા ગોલ્ડ માઇન પણ ભારતનું આર્થિક ભવિષ્ય ચમકાવે એવી ભારોભાર શક્યતા છે.

આ બધું વાંચીને તમેય આજથી જ પૈસાની બચત કરવા માંડો. ભવિષ્યમાં ‘સ્વદેશી’ સોનું ખરીદવા માટે એ રકમ કામ આવશે.

ભવિષ્યનો આ વિચાર કરીને હમણાં તો આનંદો...! ■

ઉડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# જોબ મેળવવી એ બહુ સહેલી છે!




‘ગણપત કમ હિયર’ ચંદુએ તેના પીએ ગણપતને ઇન્ટરકૉમ પર સૂચના આપી. ચંદુ એક્સપોર્ટ-ઇમ્પોર્ટનો બિઝનેસ કરતો હતો. તેની કંપનીમાં કેટલીક પોસ્ટ ભરવા ઍડ્વર્ટાઇઝમેન્ટ આપેલી. બે-ત્રણ જગ્યા સામે ઘણાએ ઈમેલથી અરજી કરેલી.

‘સર, કાંઈ કામ છે?’ ગણપત દરવાજો ખોલી ચંદુની ચેમ્બરમાં દાખલ થયો. ગણપત ચંદુનો પીએ હતો. પીએ બૉસની ઍર ટિકિટ બુક કરવા, મૅડમને શૉપિંગ કરવા, બૉસના ઘરનો ટપકતો નળ રિપેર કરવા, ગૅસનો બાટલો બુક કરવો, સાળીને ઍરપોર્ટ રિસિવ કરવા જેવાં કામો કરતો હોય છે.

‘ગણપત, આપણે રિક્રૂટમેન્ટ માટે ઍડ આપેલી છે. કેટલી અરજી આવી છે?’ ચંદુએ સવાલ પૂછ્યો.

‘સર, મારે ચેક કરવું પડશે. એપ્રોક્ષમેટલી ત્રણસો ઈમેલ આવ્યા હશે.’

‘ગણપત, એક કામ કર. એ તમામ ઈમેલ મને લૅપટૉપ પર શૅર કર... હું તેને ચેક કરી લઉં,’ ચંદુએ સૂચના આપી.

ગણપતે ત્રણસો ઈમેલ બૉસ સાથે શૅર કર્યા આજકાલ પિંક કૉલર જોબ. બ્લુ કૉલર, સેમી ગ્રે અને વ્હાઇટ કૉલર પૈકી ભણેલાગણેલા યુવકયુવતીઓ ફર્સ્ટ વ્હાઇટ કૉલર જોબ પર પસંદગીનો કળશ ઢોળતાં હોય છે. નોકરી માટે સતત વાંચન કરીને સોડા બૉટલના કાચ જેવા જાડા ગ્લાસનાં ચશ્માં પહેરતાં હોય છે. નોકરી માટે પ્રિલિમિનરી, ફિઝિકલ ટેસ્ટ, મેઇન પરીક્ષા, ઇન્ટરવ્યૂ એમ કેટકેટલા કોઠા વીંધતા હોય છે. ઘણીવાર તો નોકરી મેળવવા ગરજ મુજબ એજન્ટોને લાખો રૂપિયા આપી માથે ઓઢીને રોતા હોય છે. પાંચ હજાર રૂપરડીની દસ જગ્યા માટે પચાસ લાખ અરજી આવે છે. પીએચડીથી લઈને દસમું પાસ પણ અરજી કરે છે. છેલ્લે કેટલાને નોકરી મળે છે? દસ જણને નોકરી મળે, ત્રણ જણનું વેઇટિંગ લિસ્ટ બને. બાકી ૪૯,૯૯,૯૮૭ યુવાનો પાછા બીજે અરજી કરે છે. આપણે ત્યાં નોકરી અને ભણતરનો સંબંધ મારી મચડીને જોડી દેવાયો છે. તમે ડિગ્રી મેળવી એટલે સામા પગલે નોકરીએ તમને કંકુચોખા ચોડવા જ જોઈએ એવું માનવાનો વર્ગ બહુમતીમાં છે. સામા પક્ષે હાલના જમાનામાં નોકરીની જગ્યાની જરૂરત મુજબ ભણેલગણેલ અભણ લાયકાત ધરાવતા નથી તેવો બળાપો કંપનીના વહીવટદારો કરતા હોય છે.

‘સર, ગરમ ગરમ ચા,’ એમ કહીને પ્યુને ચાનો કપ ટેબલ પર મૂક્યો. ચંદુની વિચારધારા અટકી. ચાની ચુસકી લેતાં લેતા ચંદુએ પહેલી અરજી જોવાનું શરૂ કર્યું.

‘સર, મારું નામ શુભ મલ્હોત્રા છે. મારી ઉંમર તેત્રીસ વરસ છે. નોકરી માટે આ મારી એક હજાર એકમી અરજી છે. ઑફિસોના ધક્કા ખાઈને ચપ્પલના તળિયા ઘસાઈ ગયા છે. હું અનાથ છું. મારી જિંદગીમાં મારા નામ સિવાય મારી સાથે કોઈ શુભ ઘટના ઘટી નથી. મને જૉબની તાતી જરૂરિયાત છે. હું વગર પગારે પણ નોકરી કરવા તૈયાર છું,’ શુભે નોકરી મેળવવા રોદણાં રોયાં હતાં. કદાચ નોકરી મેળવવા માબાપને કાગળ પર મારી નાખેલા.

‘વૉટ એ પુઅર ગાય,’ ચંદુએ તેના નામ પર ચોકડી મારી. ચંદુએ બીજી અરજી ખોલી.

‘સાહેબ. મારું નામ ઉષા છે. મારી ઉંમર ચોત્રીસ વરસ છે. મારી કમનસીબી એ છે કે મારાં લગ્ન ગોઠવાતાં નથી. મને નોકરી મળતી નથી. મે કંપની સેક્રેટરીનો કોર્સ કરેલ છે. ઇન્ટરવ્યૂ આપીને થાકી ગઈ છું. હું ઉષામાંથી સંધ્યા થઈ છું અને સંધ્યામાંથી નિશા થઈ જઈશ. મારે નોકરીની જરૂરત છે. હું તમામ પ્રકારની સેવા આપવા પણ તૈયાર છું. મને નોકરી આપવા પ્રાર્થના છે.’ ઉષાની અરજી વાંચીને ચંદુની આંખ ભીની થઈ. ચંદુની તો ખાનગી પેઢી છે. ત્યાં કંપની સેક્રેટરીની પોસ્ટ તો લક્ઝરી ગણાય.

‘સર, મારું નામ ભાગ્યશ્રી છે. હું નામ પૂરતી ભાગ્યશ્રી છું. મારા પતિનો અકસ્માત થતાં તે અપાહીજ થઈ ગયા છે. ઘર ચલાવવાની જવાબદારી મારી પર આવી પડી છે. અડધા પગારે પણ નોકરી કરવા તૈયાર છું.’ ચંદુએ અરજી વાંચીને ડિલિટ કરી.

એક ભાઈના પિતાજી પારકી સ્ત્રીના મોહમાં ઘર છોડી ભાગી ગયેલ. તેની લાચાર માને ટેકો આપવા નોકરીની ભીખ માગતો હતો. ચંદુનું મન ચકરાવે ચડી ગયું.

એ પછીની એક અરજી પોતાના લૅપટૉપની સ્ક્રીન પર જોતાં ચંદુના હોશકોશ ઊડી ગયા. ચંદુને ચક્કર આવી ગયાં. ગળું સુકાઈ ગયું. આંખે અંધારા આવી ગયા. અરજદારે તેનું નામ ‘ડાયા ડૉન’ લખ્યું હતું . ડાયાએ બાયોડેટા સાથે ચંદુના બે-ત્રણ સાવ અશ્લીલ ફોટા એટેચ કરેલા. જેને જોતાં જ ચંદુ ધ્રૂજી ઊઠ્યો. ફોટા સાથે આવું કંઈક લખેલું :

‘આ તો ટ્રેલર છે, ચંદુડિયા. તારા તો આનાથી વધુ ખતરનાક ફોટા એપસ્ટિન ફાઇલમાંથી બહાર આવ્યા છે. એ ફોટો મારી પાસે છે, એ વાયરલ ન કરવા હોય તો મને નોકરીએ રાખી લે, નહીં તો...’

ડાયાની આ ઈમેલ ધમકી ખતરનાક બૉમ્બ જેવી હતી.

બીજા ઉમેદવારોના રિઝ્યુમ તડકે મૂકીને ચંદુએ ગણપત પાસે ડાયાની એપૉઇન્ટમેન્ટનો ઑર્ડર તૈયાર કરાવ્યો. તેના પર સહી કરીને ઑર્ડર ડાયા ડોનને હાથોહાથ પહોંચાડ્યો .

નોકરી મેળવવી એ કાઈ રૉકેટ સાયન્સ નથી. નોકરી મેળવવી કેટલી ઇઝી એટલે કે આસાન કામ છે. આંગળી પર ગોવર્ધન પર્વત ઊંચકવા જેટલું સહેલું છે. અલબત, ડાયા ડોન જેવી કાબેલિયત કે આવડત જોઈએ. ચપટી વગાડવાનું પૂરું થાય તે પહેલાં નોકરી રૂમઝૂમ પગલે દરવાજાને દસ્તક દે છે. જરૂર છે માત્ર ને માત્ર આવડતની.... ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હૈદરાબાદનો ૫૫ રનથી વિજય

હૈદરાબાદઃ હૈદરાબાદની ટીમે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુને ૫૫ રનથી હરાવી હતી. બેંગલૂરુની ટીમ ૨૦ ઓવરમાં ૨૦૦ રન કરી શકી હતી.

સનરાઇઝર્સ હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૫૫ રન ફટકાર્યા હતા. આ ઇનિંગમાં ઇશાન કિશને સૌથી વધુ ૭૯ રન કર્યા હતા. અભિષેક શર્માએ ૫૬ રન ફટકારી મજબૂત શરૂઆત અપાવી હતી. હેનરિક ક્લાસેને પણ ૫૧ રન ફટકાર્યા હતા.

સનરાઇઝર્સ હૈદરાબાદની શરૂઆત ખૂબ જ સારી રહી હતી. ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ પહેલી વિકેટની ૪૫ રનની ભાગીદારી નોંધાવી હતી. રસિક સલામે ટ્રેવિસ હેડ (૨૬) ને આઉટ કરીને આ ભાગીદારીનો અંત કર્યો હતો. હેડના આઉટ થયા પછી પણ અભિષેક શર્માએ આક્રમક બેટિંગ યથાવત રાખી અને માત્ર ૨૦ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. સ્પિનર સુયશ શર્માએ અભિષેકને આઉટ કર્યો. અભિષેકે ૨૨ બોલમાં ૫૬ રન કર્યા હતા. જેમાં પાંચ છગ્ગા અને ચાર ચોગ્ગાનો સમાવેશ થાય છે.

અહીંથી હેનરિક ક્લાસેન અને ઇશાન કિશને ત્રીજી વિકેટ માટે ૧૧૩ રનની ભાગીદારી નોંધાવી, જેના કારણે સનરાઇઝર્સ હૈદરાબાદ મોટા સ્કોર સુધી પહોંચ્યું હતું. આરસીબી તરફથી રસિક સલામે બે વિકેટ લીધી જ્યારે કૃણાલ પંડ્યાએ એક વિકેટ લીધી હતી. ■

# આજે લખનઊ સામે પંજાબની ‘કરો યા મરો’ મેચ, પ્લેઓફમાં પહોંચવા જીત જરૂરી

લખનઊઃ ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬ની ૬૮મી મેચ લખનઊ સુપર જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાશે. પંજાબની પ્લેઓફની આશા જીવંત રાખવા માટે ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી ઈકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે લખનઊ સામે મોટી જીત હાંસલ કરવી પડશે.

પંજાબ કિંગ્સની સતત છ મેચમાં હાર થઈ છે. પંજાબે તેની પ્રથમ છ મેચ જીતી હતી, પરંતુ ૨૫ એપ્રિલે દિલ્હી કેપિટલ્સ સામે ૨૬૫ રનનો રેકોર્ડ લક્ષ્યાંક હાંસલ કર્યા પછી તે સતત હારનો સામનો કરી રહી છે. ગયા સીઝનના રનર્સ-અપ પંજાબ કિંગ્સ તેની પ્રથમ સાત મેચમાં છ જીત સાથે ટાઇટલ માટેની દાવેદાર દેખાતી હતી, પરંતુ સતત છ હારના કારણે તેની પ્લેઓફની આશાઓ જોખમમાં મુકાઈ ગઈ છે. પાંચમા ક્રમે રહેલા પંજાબે શનિવારે અહીં તેમની અંતિમ લીગ મેચમાં લખનઊને હરાવવું પડશે એટલું જ નહીં, પરંતુ પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે રવિવારની બે મેચ (મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઇડર્સ વિરુદ્ધ દિલ્હી કેપિટલ્સ) નાં પરિણામો પર પણ આધાર રાખવો પડશે. શ્રેયસ ઐયરની કેપ્ટનશિપ હેઠળની ટીમ ઈચ્છશે કે રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ બંને પોતપોતાની મેચ હારી જાય.

જો રાજસ્થાન રોયલ્સ મુંબઈને હરાવે છે તો પંજાબની પ્લેઓફમાં પહોંચવાની આશાઓ સમાપ્ત થઈ જશે. જ્યારે કેકેઆર દિલ્હી કેપિટલ્સને હરાવે છે તો મામલો નેટ રન રેટથી નક્કી થઈ શકે છે. પંજાબનો કેકેઆર કરતા થોડો સારો નેટ રન રેટ છે. પંજાબને લાંબા સમય સુધી ખરાબ પ્રદર્શન પછી તેનું ફોર્મ પાછું મેળવવાની જરૂર છે. તેમના ટોચના ક્રમના બેટ્સમેન પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ અને કૂપર કોનોલી, સીઝનની શરૂઆતમાં જેટલા આક્રમક રીતે રમી રહ્યા હતા તેટલા આક્રમક રીતે રમી રહ્યા નથી. પ્રિયાંશે તેની છેલ્લી સાત ઇનિંગ્સમાં ફક્ત એક જ અડધી સદી ફટકારી છે અને છેલ્લી મેચમાં ખાતું ખોલવામાં નિષ્ફળ ગયો છે. પ્રભસિમરન પણ સાતત્ય શોધવા માટે સંઘર્ષ કરી રહ્યો છે, તેણે તેની છેલ્લી પાંચ ઇનિંગ્સમાં ફક્ત એક અડધી સદી ફટકારી છે. ■

# અંડર-૧૮ મહિલા એશિયા કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમ જાહેર

નવી દિલ્હીઃ હોકી ઇન્ડિયાએ શુક્રવારે મહિલા અંડર-૧૮ એશિયા કપ માટે ૧૮ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આ ટૂર્નામેન્ટ ૨૯ મેથી ૬ જૂન સુધી જાપાનના કાકામિગાહારામાં રમાશે. સ્વીટી કુજુરને ટીમની કેપ્ટન બનાવવામાં આવી છે.

આ ટીમમાં કુજુર સિવાય નૌશીન નાઝ, પ્રિયંકા મિન્ઝ, સંદીપ કુમારી અને નેન્સી સરોહા ફોરવર્ડ લાઇનમાં સામેલ કરાયા છે. મિડફિલ્ડમાં શ્રુતિ કુમારી, દિયા, સ્નેહા દાવડે, રશ્મિન કૌર, નમ્મી ગીતાશ્રી અને પુષ્પા માંઝી અને ડિફેન્સમાં સુગન સાંગા, નીલમ ટોપનો, રૂબીના બકસલા, કિરણ એક્કા, સુલોચની અને ગોલકીપર મહેક પરિહાર અને ખિલી કુમારીનો સમાવેશ થાય છે. ભારતીય ટીમે આ ટુર્નામેન્ટ માટે ભોપાલમાં રાષ્ટ્રીય શિબિરમાં ભાગ લીધો હતો. દરમિયાન, ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયા સામે ચાર મેચની શ્રેણી પણ રમી હતી. ટુર્નામેન્ટમાં ભારતને પુલ-એમાં રાખવામાં આવ્યું છે, જ્યાં તેનો સામનો કોરિયા, મલેશિયા અને સિંગાપોર સામે થશે.

ભારત ૩૦ મેના રોજ મલેશિયા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે, ત્યારબાદ ૩૧ મેના રોજ કોરિયા અને ૨ જૂનના રોજ સિંગાપોર સામે મેચ રમશે. પુલ-બીમાં ચીન, જાપાન, ચીની તાઇપેઈ અને બાંગ્લાદેશનો સમાવેશ થાય છે. સેમિફાઇનલ ૫ જૂને અને ફાઇનલ ૬ જૂને રમાશે. ■

# કોલકાતામાં પેલેસ્ટિન અને સ્પેનિશ ફૂટબોલરોના ગોલની મદદથી ઈસ્ટ બેંગાલે રચ્યો ઈતિહાસ

## સેલિબ્રેશન માટે હજારો પ્રેક્ષકો કોલકાતાના મેદાન પર ઊતરી આવ્યા!

કોલકાતાઃ ઈસ્ટ બેંગાલે ગુરુવારે રાત્રે અહીં ભારતીય ફૂટબોલની સૌથી મોટી ટૂર્નામેન્ટ ઇન્ડિયન સુપર લીગનો તાજ પહેલી વખત જીતી લીધો હતો.

પશ્ચિમ બંગાળના રાજકીય શાસનમાં તાજેતરમાં જ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો સૂર્યોદય થયો અને હવે ઈસ્ટ બેંગાલની ટીમ માટે સોનાનો સૂરજ ઊગ્યો છે.

રાજ્યની ટોચની ફૂટબોલ ક્લબોમાં ગણાતી ઇસ્ટ બેંગાલની ટીમનું ૨૨ વર્ષનું સપનું સાકાર થયું છે. સ્પેનના વાય. એઝેજજારી અને પેલેસ્ટિનના એમ. રાશીદે ઇન્ટર કાશી ટીમ સામે એક-એક ગોલ કરીને ઈસ્ટ બેંગાલને નિર્ણાયક મેચમાં વિજય અપાવ્યો હતો. ઇન્ટર કાશીનો એકમાત્ર ગોલ સ્પેનિશ ખેલાડી ઓલફ્રેડ પ્લેનાએ કર્યો હતો.

રેફરીએ અંતિમ સિટી વગાડતા જ ચાહકો રોમાંચિત થયા હતા, તેમની ખુશીનો કોઈ પાર નહોતો. થોડી જ મિનિટોમાં લગભગ આખું સ્ટેડિયમ મેદાનમાં ઊતરી આવ્યું હતું. ૧૯૮૩માં લોર્ડ્સમાં ભારતે વેસ્ટ ઇન્ડીઝને હરાવીને પહેલી વખત વર્લ્ડ કપ જીતી લીધો હતો ત્યારે લોર્ડ્સના મેદાન પર હજારો પ્રેક્ષકો ઊતરી આવ્યા હતા એવો માહોલ ગુરુવારે કોલકાતાના સ્ટેડિયમમાં જોવા મળ્યો હતો. આ અભૂતપૂર્વ ઉત્સાહિત વાતાવરણમાં પ્રેઝન્ટેશન સમારોહમાં વિલંબ થયો હતો. ઈસ્ટ બેંગાલે ઇન્ટર કાશી ટીમને ૨-૧થી માત આપી એ સાથે તાજ ઈસ્ટ બેંગાલના કબજામાં આવી ગયો હતો. સોકરઘેલા રાજ્યની બીજી મોટી ટીમ મોહન બાગાનને પણ આ ટૂર્નામેન્ટ જીતવાનો મોકો હતો, પરંતુ ગોલ ફરકમાં ઈસ્ટ બેંગાલની ટીમ મેદાન મારી ગઈ હતી. હજારો ઘા, એક અમર તાજ અહીંના કિશોર ભારતી સ્ટેડિયમની એક ગેલેરીમાં લગાવવામાં આવેલા બેનરમાં લખાયેલા આ શબ્દો ગુરુવારની સાંજે માત્ર બે રંગની વાત કરતા હતાઃ લાલ અને સોનેરી. ઈસ્ટ બેંગાલ વિરુદ્ધના મજાક, કટાક્ષ અને મીમ્સથી ભરેલા વર્ષો હવે આખરે પૂરા થયા. આઈએસએલની અગાઉની સીઝનોમાં નિરાશા અને ટીકાના અનેક ઘા સહન કર્યા બાદ ઈસ્ટ બેંગાલે આખરે ટીકાકારોની બોલતી બંધ કરી જ દીધી.

ઈસ્ટ બેંગાલે પ્રથમ વખત આઈએસએલનો ખિતાબ જીત્યો અને ગુરુવારે આખા શહેર લાલ-સોનેરી રંગમાં રંગાઈ ગયું હતું. ■

સઉદી પ્રો ફૂટબોલ લીગ

# રોનાલ્ડો બે ગોલ કરી અલ નાસરને બનાવી ચેમ્પિયન, દમૈકને ૪-૧થી હરાવ્યું

રિયાધઃ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની કેપ્ટનશિપ હેઠળની અલ નાસરે સિઝનના અંતિમ દિવસે સઉદી પ્રો લીગ (એસપીએલ)નું ટાઇટલ જીત્યું હતું. ગુરુવારે રાત્રે રિયાધના અલ-અવ્વલ પાર્ક ખાતે રમાયેલી ફાઇનલમાં અલ નાસરે દમૈક ક્લબને ૪-૧થી હરાવી હતી.

આ જીત માટે અલ નાસરે સાત વર્ષની રાહ જોવી પડી છે. ક્લબે ૨૦૧૮-૧૯ પછી પહેલી વાર લીગ ટ્રોફી પર કબજો કર્યો છે. આ પોર્ટુગલના સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું સઉદી ક્લબ સાથેનું પહેલું મોટું સત્તાવાર ટાઇટલ પણ છે.

રોનાલ્ડો અલ નાસરમાં જોડાયા પછી ત્રણ વર્ષથી વધુ સમયમાં આ ટીમની પહેલી મોટી ટ્રોફી છે. પોર્ટુગલની વર્લ્ડ કપ ટીમમાં સામેલ થયાના બે દિવસ પછી જ રોનાલ્ડોએ ટ્રોફી જીતી હતી. રોનાલ્ડો રેકોર્ડ છઠ્ઠા વર્લ્ડ કપમાં રમશે. અલ-નાસર તરફથી સાદિયો માને અને કિંગ્સલી કોમાને પણ ગોલ કર્યા હતા. રોનાલ્ડોએ બીજા હાફમાં બે ગોલ કરીને મેચનું પાસું પલટી દીધું હતું. ■

# વિનેશ ફોગાટને દિલ્હી હાઈ કોર્ટની રાહત

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે શુક્રવારે ભારતીય કુસ્તી મહાસંઘને ફટકાર લગાવી છે. વાસ્તવમાં ઠપકો આપ્યો હતો. ભારતીય કુસ્તી મહાસંઘે મહિલા રેસલર વિનેશ ફોગાટને ઘરેલુ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે અયોગ્ય જાહેર કરી હતી. કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે નિષ્ણાતોની એક ટીમ બનાવીને વિનેશની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને એ ખાતરી કરવામાં આવે કે તે ટ્રાયલ્સમાં ભાગ લઈ શકે.

મુખ્ય ન્યાયાધીશ ડીકે ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કરિયાની બનેલી બેન્ચે ટિપ્પણી કરી હતી કે ભારતીય કુસ્તી મહાસંઘનું ટોચના ખેલાડીઓને ભાગ લેવાની મંજૂરી આપવાની તેની ભૂતકાળની પ્રથાનું પાલન નહીં કરવું ઘણું બધુ કહે છે.

બેન્ચે કેન્દ્ર સરકારને એ સુનિશ્ચિત કરવા કહ્યું છે કે ફોગાટને આગામી એશિયન ગેમ્સ માટે પસંદગી ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવે. વિનેશ મેટરનિટી લીવ પછી રમતમાં વાપસી કરવા માગ છે.

બેન્ચે એ વાત પર ભાર મૂક્યો કે દેશમાં માતૃત્વની ઉજવણી કરવામાં આવે છે. સંઘે ‘‘બદલાની ભાવના’’થી કામ ન કરવું જોઈએ. કોર્ટે કેન્દ્ર સરકારને ફોગાટનું મૂલ્યાંકન કરવા માટે એક નિષ્ણાત પેનલ બનાવવા કહ્યું, કારણ કે સરકારી વકીલે દલીલ કરી હતી કે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો ચોક્કસ કેસોમાં પાત્રતા માપદંડોને હળવા કરે છે.

ફોગાટના વકીલે બેન્ચને વિનંતી કરી કે તેણીને ટ્રાયલ્સમાં ભાગ લેવાની તક આપવામાં આવે. વકીલે દલીલ કરી હતી કે નવ મેના રોજ ગોંડામાં એક સ્થાનિક સ્પર્ધામાં ભાગ લેવાના એક દિવસ પહેલા તેમને આપવામાં આવેલી કારણદર્શક નોટિસ સૂચવે છે કે કોઈ તેમને ભાગ લેતા અટકાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

કોર્ટે આ નોટિસ પર નારાજગી વ્યક્ત કરતા દાવો કર્યો હતો કે ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાંથી ગેરલાયક ઠેરવવામાં આવી તે રાષ્ટ્રીય શરમનો વિષય છે અને પ્રશ્ન કર્યો હતો કે શા માટે એવું ન માનવું જોઈએ કે ડબલ્યૂએફઆઈ એ તેમના માટે પસંદગીના માપદંડોમાં ફેરફાર કર્યો છે. ■

# ચેન્નઈના કેપ્ટન ગાયકવાડને ૨૪ લાખ રૂપિયાનો દંડ

અમદાવાદઃ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને ગુજરાત ટાઇટન્સ સામેની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) મેચ દરમિયાન સ્લો ઓવર-રેટ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. ગુજરાત ટાઇટન્સે ગુરુવારે અહીં પોતાની અંતિમ લીગ મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સ પર ૮૯ રનથી શાનદાર જીત મેળવીને આઈપીએલ પ્લેઓફમાં ટોચના બેમાં સ્થાન મેળવ્યું હતું.

આ હાર સાથે પાંચ વખતની ચેમ્પિયન સીએસકેની પ્લેઓફમાં પહોંચવાની છેલ્લી આશા પર પાણી ફરી વળ્યું હતું. આઈપીએલએ શુક્રવારે એક નિવેદનમાં કહ્યું હતું કે ‘‘આઈપીએલની સ્લો ઓવર રેટ સાથે જોડાયેલી આચારસંહિતાની કલમ ૨.૨૨ હેઠળ ચેન્નઈ સુપરકિંગ્સનો આ સીઝનનો બીજો ગુનો હતો જેના કારણે ગાયકવાડને ૨૪ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે.’’ તે સિવાય ઇમ્પેક્ટ ખેલાડીઓ સહિત પ્લેઇંગ ઇલેવનમાં સામેલ અન્ય ખેલાડીઓને ૬ લાખ રૂપિયા અથવા તેમની સંબંધિત મેચ ફીના ૨૫ ટકા, બેમાંથી જે ઓછું હશે તેટલો દંડ ફટકારવામાં આવ્યો છે.

# પાકિસ્તાનની હોકી ટીમની હાલત કફોડી, ખેલાડીઓને નથી રહ્યો પગાર

કરાચીઃ પાકિસ્તાનની હોકી ટીમ આર્થિક તંગીનો સામનો કરી રહી છે. હોકીના ખેલાડીઓને હજુ પણ નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે કારણ કે તેમને પાકિસ્તાન હોકી ફેડરેશન (પીએચએફ) તરફથી હજુ સુધી તેમના બાકી રહેલા રૂપિયા મળ્યા નથી. આ વર્ષે ઓગસ્ટમાં નેધરલેન્ડ અને બેલ્જિયમમાં યોજાનાર એફઆઈએચ વર્લ્ડ કપ પહેલા તેમના દૈનિક તાલીમ શિબિરના ભથ્થામાં પણ કાપ મૂકવામાં આવ્યો છે. રાષ્ટ્રીય ફેડરેશને જાહેરાત કરી છે કે રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓ અને અધિકારીઓને હવે વિદેશી પ્રવાસો પર ૧૧૦ ડૉલરનું ભથ્થું મળશે. જોકે, ખેલાડીઓએ ફરિયાદ કરી છે કે તેમના ટ્રેનિંગ કેમ્પના ભથ્થાને ૧૧ ડૉલર (આશરે ૩,૦૦૦ પાકિસ્તાની રૂપિયા) થી ઘટાડીને ૩.૫ ડૉલર (આશરે ૧,૦૦૦ રૂપિયા) કરવામાં આવ્યું છે. પીએચએફના એક સૂત્રએ જણાવ્યું હતું કે અનુભવી ખેલાડીઓએ પીએચએફને તાલીમ શિબિરના સમયગાળા માટે તેમના ભથ્થાઓની પુષ્ટી કરવા કહ્યું હતું.

પાકિસ્તાને ગુરુવારે બેલ્જિયમ અને ઇંગ્લેન્ડમાં આવતા મહિને યોજાનારી એફઆઈએચ પ્રો લીગ મેચો માટે તેની ૨૦ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી, પરંતુ હજુ સુધી કેપ્ટનનું નામ જાહેર કર્યું નથી. ખેલાડીઓ પીએચએફના વલણથી નાખુશ છે. નામ ન આપવાની શરતે એક ખેલાડીએ કહ્યું કે ભૂતકાળમાં પીએચએફના અધિકારીઓએ આવાં જ વચનો આપ્યાં હતાં પરંતુ ક્યારેય તે પૂરાં કર્યા નથી. ■

---

ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પાળિયો | વારો |
| પાળી | ખાંભી |
| પાંગળું | ખીલવું |
| પાંગરવું | જંગલી |
| પાશવી | નિર્બળ |

## જાણવા જેવું

શિકારી પક્ષીઓ માળા એવી રીતે બાંધે કે એકબીજાની નજરે ન ચડે. ઘણાં શિકારી પક્ષીઓ માળા બાંધતાં નથી, પણ વૃક્ષના થડની બખોલમાં અથવા પહાડની ભેખડ વચ્ચે ઈંડાં મૂકવાનું પસંદ કરે છે. આ પક્ષીઓની દૃષ્ટિ શક્તિશાળી હોવાથી ઊંચાઈ પરથી પાણીની અંદરની માછલીનો શિકાર કરી શકે છે.

## ગુજરાત મોરી મોરી રે

દીપક ઘીવાલા દિગ્દર્શિત સુપરહિટ નાટકનું નામ જણાવો જેના પરથી હિન્દી ફિલ્મ ‘આજ કી તાજા ખબર’ બની હતી.

અ) મોગરાના સાપ
બ) સૌભાગ્ય સુંદરી
ક) ચકડોળ
ડ) હિમડંખ

## નોંધી રાખો

*મકાન કેટલું મજબૂત હોય એ માટે કહેવાય છે કે એની બાંધણીથી નહીં પણ એમાં રહેતા લોકોની લાગણીથી મજબૂત બને છે.*

## શબ્દલાલિત્ય

### આડી ચાવી

૧. પ્રોત્સાહન મળે તેવું (૫)
૪. પૈસાદાર, તવંગર (૪)
૭. માફી (૨)
૮. ભસ્મ (૨)
૯. શૃંગારરસ (૪)
૧૧. આનંદ (૨)
૧૨. ગત, વીતી ગયેલું (૩)
૧૩. પેટ કરાવે --- (૨)
૧૪. લશ્કર, ફોજ (૨)
૧૫. વાંસળી, બંસરી (૨)
૧૭. બહુ થોડું, જરા (૨)
૧૮. કામઠું (૩)
૧૯. બળિયા સાથે --- ભીડવી નહીં (૨)
૨૦. ઈશારાથી થતું (૪)
૨૩. બ્રાહ્મણ (૨)
૨૪. પ્રીતિ, સ્નેહ (૨)
૨૫. વર્તણૂક, ચાલચલણ (૪)
૨૬. જરૂરિયાતમંદ (૫)

### ઊભી ચાવી

૧. જોનારો (૩)
૨. લક્ષ્મી (૨)
૩. દેડકો (૩)
૪. પાયમાલ, ખેદાનમેદાન (૩)
૫. લખાણ (૨)
૬. ફરક, ભેદ (૪)
૧૦. મુસાફરી (૩)
૧૧. જીદ્દ, દુરાગ્રહ (૨)
૧૨. બીજું (૨)
૧૫. દેશ તેવો --- (૨)
૧૬. સ્ત્રી પુરુષનું જોડું (૩) (જો.છૂ.)
૧૭. ટોળું, સમૂહ (૨)
૧૮. બાણાવળી (૪)
૨૦. હમણાંનું, હાલનું (૩)
૨૧. પાલખી ઉપાડનાર, ભોઈ (૩)
૨૨. મૂળ ગામ કે દેશ (૩)
૨૩. શોભા, પ્રકાશ (૨)
૨૪. મહાવરો, આદત (૨)

ગયા વખતનો ઉકેલ

## ઓળખાણ પડી?

સાઉથ આફ્રિકા વતી આકર્ષક બૅટિંગ કરનારા અને આઈપીએલમાં પણ ચમક દેખાડનારા ખેલાડીની ઓળખાણ પડી?

અ) કવીન્ટન ડી કોક
બ) ડેવિડ મિલર
ક) હેનરિક કલાસન
ડ) કોર્બિન બોશ




## સુડોકુ-૯૨૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | | | ૨ | | | ૭ | ૧ |
| ૨ | ૭ | | ૧ | | ૯ | | ૬ | ૮ |
| ૧ | | | | | | | | ૯ |
| | ૪ | | ૨ | | ૭ | | ૮ | |
| ૭ | | | | | | | | ૩ |
| | ૨ | | ૩ | | ૬ | | ૪ | |
| ૫ | | | | | | | | ૪ |
| ૬ | ૩ | | ૫ | | ૪ | | ૧ | ૭ |
| ૮ | ૯ | | | ૩ | | | ૫ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૮ | ૬ | ૭ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૪ | ૧ | ૩ | ૯ | ૮ | ૫ | ૬ | ૨ | ૭ |
| ૬ | ૨ | ૭ | ૧ | ૪ | ૩ | ૫ | ૯ | ૮ |
| ૨ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૬ | ૩ |
| ૩ | ૬ | ૧ | ૪ | ૫ | ૭ | ૯ | ૮ | ૨ |
| ૮ | ૭ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ | ૫ |
| ૧ | ૩ | ૫ | ૨ | ૬ | ૪ | ૮ | ૭ | ૯ |
| ૯ | ૮ | ૬ | ૭ | ૩ | ૧ | ૨ | ૫ | ૪ |
| ૭ | ૪ | ૨ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ | ૬ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પાવન | પવિત્ર |
| પાવરધું | કુશળ |
| પાવો | વાંસળી |
| પાશ | ફાંસો |
| પાસે | નજીક |

ગુજરાત મોરી મોરી રેઃ
જશવંત ઠાકર

ઓળખાણ પડી?
અશોક માંકડ

માઈન્ડ ગેમ :
૬૦૨

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
શિંગોડા

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

કથા અનુસાર ભીલ સમુદાયની શબરીની ઝૂંપડીમાં બેસી ભગવાન શ્રી રામે કયું ફળ આરોગ્યું હતું એનું નામ જણાવો.

અ) સીતાફળ બ) બોર ક) જામફળ ડ) જાંબુ

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૭, ૩૭, ૬૭, ૧૦૭, ૧૫૭ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૫૭ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૮૭ બ) ૧૯૭ ક) ૨૧૭ ડ) ૨૩૭

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) હર્ષા મહેતા (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મહેશ સંઘવી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) કમલ માતલિયા (૧૪) ભરત કજરિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જયવંત પદમશી ચિખલ (૧૯) ભાવના કર્વે (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અરવિંદ કામદાર (૨૩) અંજુ ટોલિયા (૨૪) નિતીન જયંતીલાલ બજરિયા (૨૫) પુષ્પા ખોના (૨૬) અલકા વાણી (૨૭) ડાયના સંતોકે (૨૮) ડો. પ્રકાસ કટકિયા (૨૯) સુભાષ મોમાયા (૩૦) નીતા દેસાઈ (૩૧) લજિતા ખોના (૩૨) તાહેર ઔરંગાબાદવાલા (૩૩) શીરીન ઔરંગાબાદવાલા (૩૪) પુષ્પા પટેલ (૩૫) પ્રતીમા પમાણી (૩૬) ધીરેન ઉદેશી (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) મહેશ દોશી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) વિરલભાઈ ઉદય શેઠ (૪૪) પ્રીતિ ચંદ્રાબેન શશીકાંત ધોળકિયા (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૭) પ્રિતી ઉદય શેઠ

## ૪. ધાર્મીક સંબંધી

**શ્રી ગોવર્ધન નાથજી હવેલી** સેક્ટર- ૨૯, વાશી
**વ્રજના અદભુત મનોરથો**
**વ્રજના કારીગરો દ્વારા**
**તા.૧૫ જુન સુધી દરરોજ (સાંજે ૬:૩૦ થી ૮:૦૦)**
**ચોર્યાસી સ્તંભમાં આંખ મિચોતી (શનિવાર– 23 May)**
**કેળ ના બંગલા- (રવિવાર– 24 May)**
આ અલૌકિક દર્શનનો લાભ લેવા વૈષ્ણવોને ભાવભર્યું આમંત્રણ
(બી-૧૭૬૪૨)

## ૯. લગ્ન સંબંધી

■ મુંબઈની અપરણિત જૈન એડવોકેટ યુવતી, 38/5'4" માટે યોગ્ય યુવક આવકાર્ય. 9137293116. (દહેજ નહીં). (બી-૧૭૫૪૪)

■ **27, B. TECH IT 5'8", બેંગલુરુમાં સોફ્ટવેર એન્જિનિયર 65,00,000 + મુંબઈ પરિવાર, કાર્યરત શિક્ષિત કન્યા આવકાર્ય. 9224449011. (દહેજ નહીં). (બી-૧૭૫૧૨)**

■ સેવાનાં ધોરણે ગુજરાતી કચ્છી તમામ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓ માટે મેટ્રિમોનીયલ સર્વિસ. ૮૬૫૫૧૮૫૬૬૭. (દહેજ નહીં.) (૧૦૫૩-એ)

**લાઈફ પાર્ટનર**
મીટ (પરિચય મેળાવડો) કુંવારા લગ્નોત્સુક દિકરાઓ અને દિકરીઓ માટે, રવિવારે, 24/05/2026, સંપર્ક:- શ્રી હરિ ઈચ્છા ફાઉન્ડેશન: 9082825482. (દહેજ નહીં). (૧૦૩૦-એ)

**યુવતી જોઈએ**
1979 બોર્ન, બીકોમ, ડિવોર્સી યુવક માટે (એક હાથમાં નજીવી નબળાઈ). 9223363207/ 8356857995. (દહેજ નહીં). (એસડીબીજી-૩૨૯૫)

■ મુંબઈનાં LUXURIOUS એરીયામાં બીજનેશમેન યુવક. 1994 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં) (બી-૧૭૬૪૧)

■ શિકાગો 1995, 6' PHD MS હેન્ડસમને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ જૂહુ 1984, MBA, LLB સ્માર્ટ કપોળને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ અમેરિકા સીટીઝન 1994, MS કોમ્પ્યુટર પટેલને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ અમેરિકામાં 1994, માસ્ટર એન્જીનિયર 5'11" હેન્ડસમને ક્વોલિફાઈડ કન્યા. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ અમેરિકા સીટીઝન 1994, 6'2", MIS કોમ્પ્યુટરને ક્વોલિફાઈડ કન્યા. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ ફિઝિયોથેરાપી 1996 બ્યુટીફૂલ એક્ટિવ ડાયવોર્સીને વેલસેટ એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ પ્લાસ્ટિક સર્જન 1992, વેરી ઈન્ટેલીજન્ટ બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ પાર્લામાં 1995 MCOM ડાયવોર્સી બિઝનેસમેન કપોળને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ અમેરિકામાં 1995 PHD 5'6" બ્યુટીફૂલને સીટીઝન યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

■ અમેરિકામાં 2000 ગ્રેજ્યુએટ બ્રાહ્મણ બ્યુટીફૂલ કન્યાને સીટીઝન યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૦૨-ડી)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry). (1069-A)**

## ૧૨. યાત્રા સહેલગાહ

**ગંગાસાગર/જગન્નાથપુરી**
ચંપારણ્ય, ચારધામ, બનારસ, અયોધ્યા, નેપાળ, વ્રજયાત્રા, રામેશ્વરમ - 7303560200. (૧૦૫૧-એ)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર - બંગલો**
ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વીમીંગપૂલ. Cham House - 9820065681. (૫૪૩/એ)

**સફર ફરવા**
માટે ઓલ ઈન્ડિયામાં દેવ દર્શન. તમારી સાથે રહીને માર્ગદર્શન આપીશું. અને એકલા જ છો, અમે પણ એકલા જ, ખર્ચ તમારો (પરસ્પર સંપૂર્ણ સંતોષ મળશે.) અનિલ- 9512116294. (બી-૧૭૬૪૦)

**નીતા હોલિડેઝ**
**30% ડિસ્કાઉન્ટ ધ બાઈક રિસોર્ટના ડાયરેક્ટ ડિસ્ટ્રીબ્યુટર મહાબળેશ્વર - શાંતિ વિલા, માથેરાન, ગોવાના આકર્ષક પેકેજ માટે સંપર્ક: 9819377444 / 9821909749. (૧૧૦૬-બી)**

## ૧૪. નોકરી ખાલી છે

■ **રાખડીના હોલસેલ દુકાનમાં વેચાણ માટે તથા કોમ્પ્યુટર બીલીંગ માટે ફ્રેશર અથવા અનુભવી સ્ટાફ જોઈએ છે. સંપર્ક: મહેન્દ્રભાઈ, ભૂલેશ્વર, મુંબઈ ૪૦૦૦૦૨. ફોન: 9324021953. (એસડીબી-૩૨૯૪)**

**પ્રખ્યાત ચેરીટેબલ ટ્રસ્ટને જોઈએ છે.**
**એડમીનીસ્ટ્રેટિવ/કોમર્શિયલ મેનેજર**
મુખ્ય જવાબદારીઓ :
- ઓફિસનો વહીવટ
- રસોડાનું સંચાલન
- રહેઠાણ વ્યવસ્થાનું સંચાલન
- દરેક વિભાગોનું મેનેજમેન્ટ અને સુપરવીઝન

લાયકાત :
- સંબધિત ક્ષેત્રમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ
- કમ્પ્યુટર અને મોર્ડન ટેક્નોલોજીના જાણકાર
- મજબૂત નેતૃત્વ, શિસ્ત અને ટીમ મેનેજમેન્ટ કૌશલ્ય
- ગુજરાતી ભાષાનું સંપૂર્ણ જ્ઞાન

પગાર : ઉમેદવારની આવડત અને અનુભવ મુજબ.
ઈચ્છા ધરાવતા ઉમેદવારો તેમનો ફોટોગ્રાફ અને બાયોડેટા નીચે મુજબના ઈમેઈલ અથવા સંપર્ક નંબર પર મોકલવા.
**Email: DAHR@rubymills.com**
**Contact: +91 93215 39787**
(બી-૧૭૬૩૫)

**તક**
નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ/ફુલટાઈમ કામ. તાલીમ ઉપલબ્ધ. ઓફિસ સપોર્ટ મળશે. કોઈ રોકાણ નહીં:- 9320132162. (૧૧૦૪-સી)

**BUSINESS / CAREER OPPortunity Program at Andheri (West). Contact : Maymoll : 9167673056. (SDB-3252)**

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**
**લીવલાયસંસથી**
**એલ.ટી. રોડ, ૨ બેડરૂમ નવું બીલ્ડીંગ (૫૫૦૦૦/- ભાડું ૨,૦૦,૦૦૦) આશર એસ્ટેટ: ૯૮૨૦૦૧૦૬૦૦. (૧૦૭૪-ડી)**

■ કાંદીવલી (વેસ્ટ) 1 બેડરૂમ વેચાણથી, 99 લાખ સંપર્ક જીગર- 8169358143. (જેપી/૪૫૬૩-સી)

**અંધેરી વેસ્ટ**
લલ્લુભાઈ પાર્ક 3 બેડ ગાર્ડન ફેસિંગ ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી અમિત- 7045622403. (બી-૧૭૫૭૭)

## ૧૭. જગ્યા આપવી છે

**સાન્તાક્રુઝ વેસ્ટ**
3 બેડ અર્જન્ટ વેચાણથી સ્ટેશન નજીક ગુજરાતી લોકાલીટી અમિત- 7045622403. (બી-૧૭૫૭૮)

**વિલેપાર્લે (વેસ્ટ)**
અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 - બેડરૂમ- 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન "નવકાર એસ્ટેટ" : 9082631731. (જેપી/૪૫૬૨-ડી)

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૧૦૯૨-ડી)**

**માટુંગા**
**ફાઈવ ગાર્ડન**
**બેથી પાંચ બેડરૂમના લક્સરીયઝ ફ્લેટો રેડી બંધાતામાં લેવા મળો:**
**જવાહર ઠક્કર**
**9821363113**
(૩૪૧)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો- રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૫૫૧)

**અંધેરી (વેસ્ટ)**
2 BHK ગ્રીનકોર્ટ (2.50 કરોડ), 3 BHK (4 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ), અંધેરી-ઈર્લા 3 BHK ભાડેથી (1.75 લાખ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુસ્કીમ લીવલાયસંસથી. "ગૌતમ જોષી" 9322236433 - 9821069632. (૧૦૮૯-એ)

**ORCHID SUBURBIA**
**કાંદિવલી (વેસ્ટ): ફુલ્લી ફર્નીશ્ડ, 2 બેડરૂમ, 750' યુઝેબલ કારપેટ હાયર ફ્લોર (2.40 CR.) 7666644727. (૧૦૯૨-જી)**

**કાંદિવલી (વેસ્ટ)**
મેફેર ગ્રીન્સ, ટાવરમાં ૨ બેડરૂમ, ૮૧૭ કારપેટ, ૨ પોડિયમ પાર્કિંગ - ૨.૨૫ કરોડ વેચવાનો છે. સંપર્ક: ઓનર - ૯૮૯૨૮૭૨૩૯૧. (બી-૧૭૬૦૬)

**અંધેરી**
2.5 બેડરૂમ, 1250' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ભાડેથી. એજન્ટ:- 8850666935. (બી-૧૭૬૨૧)

**નેરલમાં બંગલો**
**માથેરાનનો નજારો, 4 બેડરૂમ હોલ કિચન + ટેરેસ 5000' ચોરસ ફૂટ પ્લોટ વેચવાનો - 8082433133. (૧૦૪૪-એ)**

**દેવલાલી**
**ભાડેથી. ૧,૨,૩ બેડરૂમનાં ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટો. પરેશ - 9930803959, 9930106054. (૧૦૮૪-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**દેવલાલી**
**વેચાણથી 2 બેડરૂમની જોડી 2250' કારપેટ, નવા બિલ્ડીંગમાં પરેશ - 9930803959 - 9930106054. (૧૦૮૪-સી)**

**દેવલાલી**
**વેચાણથી/ ભાડેથી 6 બેડરૂમનો ફુલ્લી ફર્નિશ્ડ બંગલો 3200' પરેશ - 9930803959 - 9930106054. (૧૦૮૫-એ)**

**સાઉથ મુંબઇ - વર્લી**
અલુરા - લોઢા પાર્ક, B વિંગ, એમીનીટીસ વ્યુ 2 બેડરુમ 893' મીડલ ફ્લોર, રેડી પઝેશન 5.5 cr, key with us.
કિયારા લોઢા પાર્ક 2 બેડરુમ 933' હાયર ફ્લોર 6.25 કરોડ.
અન્ય પ્રપોઝલ
મારકિસ, પાર્કસાઇડ, ટ્રમ્પટાવર, અડરીના.
**SFRC**
**9821036552/9920655056**
(૧૦૭૭-એ)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન, દેરાસર નજીક, ફૂલ સ્પીડમાં બંધાતાં ટાવરોમાં 2/3 બેડરૂમના (તેમજ) 2/3/4 બેડરૂમના રેડીમાં ફ્લેટો વ્યાજબી ભાવે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૨૨૭)**

**"શુભમ", "ઋષભ"**
**V. P. રોડ, પ્રાર્થનાસમાજ. 2.5 + 3 BHK - વેચાણ/ ભાડેથી - નવું બિલ્ડિંગ - FULL SEA VIEW. "જયેશ લબ્ધિ": 9323088090. (૧૦૬૬-એ)**

**18TH AVENUE**
વિલેપાર્લે (વેસ્ટ) બજાજ રોડ,
Project By: VRAJ GROUP
2 બેડ 736 કારપેટ
3 બેડ 934 કારપેટ
- 2 મહિનામાં પઝેશન
- સ્ટેશન નજીક



BOUTIQUE બિલ્ડીંગ જીમ અને રૂફટોપ ગાર્ડન સાથે.
**CALL : 91366 63063**
(બી-૧૭૪૯૩)

**મલાડ (વેસ્ટ)**
**૧ બેડરૂમ 435', ૨ બેડરૂમ 722', ૩ બેડરૂમ 851' કાર્પેટ મોર્ડન એમેનીટીઝવાળા રેડી પઝેશન ફ્લેટો OC સાથે પ્રાઈમ લોકેશન વેચાણથી લેવા - 9833834414, 9833834415. (એસડીબી-૩૨૬૦)**

**મલાડ (વેસ્ટ)**
માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા. ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૩૨૮૬)

**પાર્લા**
2 બેડરૂમ, 666' કાર્પેટ, અને 660' કાર્પેટ વેચાણથી, અને 3 બેડરૂમ 1215' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે, વેચાણથી. એજન્ટ:- 8850666935. (બી-૧૭૬૨૦)

**સીધા માલિક તરફથી**
**અવંત હેરિટેજ III,**
**જોગેશ્વરી પૂર્વ (અંધેરી પૂર્વ)**
પ્રીમિયમ 2 BHK, 517 ચો. ફૂટ RERA કાર્પેટ સાથે ખાનગી બાલ્કની, 1 પાર્કિંગ. WEH, JVLR, મેટ્રો અને મુંબઇ એરપોર્ટથી ઉત્તમ કનેક્ટિવિટી. કિંમત: ₹1.80 કરોડ + ટ્રાન્સફર ચાર્જીસ. માત્ર ખરેખર રસ ધરાવતા ખરીદદારો જ સંપર્ક:
**માલિક : +91 88795 76464**
(બી-૧૭૬૩૬)

**મલાડ વેસ્ટ**
વેચવાનું છે એસ વી રોડ નજીક, દેરાસરની સામે, ૨ બેડરૂમ ફુલ્લી ફર્નીશ રેરા કાર્પેટ ૬૭૮ વિથ પાર્કિંગ ૨.૧૧ cr નિગોસિબલ ઓનર ૯૮૩૩૭૦૧૬૬૫. (એસડીબી-૩૨૮૭)

**વર્સોવા યારી રોડ**
લોઢા અમૃત તારા અનફર્નીશ્ડ 2 બેડ હાયરફ્લોર સીવ્યુ, 82000 ભાડે. 9819569698. (૧૧૧૦-એ)

**PREM GROUP** LIFE BEYOND SQ. FT. Since 1985
**PREM AJANTA** FOR AN ETERNAL LIFE
કાલિદાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સામે, મુરાર રોડ, મુલુન્ડ (પ.)




જ્યાં પ્રેમ નો વારસો અને આધુનિકતા મળે, પ્રેમ અજંતા ના ઘર માં તમારું દરેક સ્વપ્ન ફળે
RERA No. P51800056385 www.maharera.maharashtra.gov.in
**પ્રીમિયમ 4 BHK ના ઘર (2 BHK ની જોડી)**
યોગ રૂમ: શાંતિનો સ્પર્શ | પ્લે એરિયા: બાળપણની મસ્તી | જીમ: તંદુરસ્ત જીવનની ચાવી | જૈન દેરાસર પાસે
પ્રેમ એસોસિયેટ્સ નો પ્રકલ્પ
Corporate Office: 1st Floor, Out House, Dinmani Sadan, R.R.T. Road, Mulund (W), Mumbai - 80
Contact: 9892257774 / 9892226818 / 02225644964 / 9769762525
9769762525
*The images shown are for representational purposes only.
(બી-૧૭૬૩૭)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. ૩ બેડરૂમ, હોલ, કિચન, ૯૫૦' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ. "બ્રોકર" 9323030141, 8169019857. (૧૧૦૦-એ)

**મલાડ (પશ્ચિમ)**
**રામચંદ્ર લેન, ઑફ એસ. વી. રોડ**



સેમ્પલ ફ્લેટ તૈયાર | કબજો ટુક મહિનામાં
**૨ બેડરૂમ-હોલ-કિચન**
**₹૧.૯૨ કરોડ** બધુ સામેલ
- રૂફટોપ સુવિધાઓ
- દેરાસર નજીક
- પ્રાઇમ લોકેશન

**મિલન મંદિર એન એક્સ**
**8779693399**
**Maharera Reg. No. P51800076809**
(એસડીબી-૩૨૬૮)

**લોઅર પરેલ**
ફુલ્લી ફર્નિસ્ડ, 3bhk, હાયર ફ્લોર, જીમ, પુલ, બે પાર્કિંગ, જૈન દેરાસર નજીક. સંપર્ક: રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૬૨૪)

**જુહુ**
3 બેડરૂમ, 1100' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે, ભાડેથી, અને 3 બેડરૂમ 1225', 1257', 1458' કાર્પેટ વેચાણથી. એજન્ટ- 8850666935. (બી-૧૭૬૧૯)

**ભાડેથી**
**જવાહર નગર ગોરેગામમાં હવા ઊજાસવાળો સ્પેશિયસ 3 બેડરૂમ 1,00,000/- "9222124066". (જેપી/૪૫૬૩-ડી)**

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
**NEELSIDHI BRINDAVAN**
**ON VALLABH BAUG LANE GHATKOPAR EAST 400077**
**3 BHK** LUXURY FLATS
**₹ 3.51 CR*.** ONWARDS
*T & C Apply
**READY POSSESSION**
**OC RECEIVED**
**98334 69305**
(B-17473)

**વિલેપારલા (વેસ્ટ)**
બજાજ રોડ, ૨ બેડરૂમ, ૮૧૦ કારપેટ, ૧ ઓપન પાર્કિંગ - ૩.૨૪ કરોડ વેચવાનો છે. સંપર્ક: ઓનર - ૯૮૯૨૮૭૨૩૯૧. (બી-૧૭૬૦૭)

**દેવલાલી**
**વેચાણથી દેરાસરની બાજુમાં, ૨ બેડરૂમનાં જૂજ ફ્લેટ બાકી, કબજો ફક્ત ૩ મહિનામાં, મહારેરા રજિસ્ટર પ્રોજેક્ટ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર. સોલ એજન્ટ: પરેશ રાયચંદ ધરમશી- 9930803959, 9930106054. (૧૦૮૪-ડી)**

**શ્રી નિકેતન**
**M/S Dipti Enterprises**
**લીંક રોડ કાંદીવલી (વેસ્ટ)**
- રેડી પજેસન નો GST,
- O.C. Received
- 1-2-3 BHK ના ફ્લેટો
- Rate Rs 25000/- psf onwards

**9819603333**
**9920177007**
**9920390666**
(બી-૧૭૬૨૯)

**કાંદિવલી (વેસ્ટ)**
બાલાસિનોર સોસાયટીમાં ફક્ત 2 બંગલા- વહેલો તે પહેલો. REDEVLOPMENT by TDR possible- વ્યાજબી ભાવ. સંપર્ક જલારામ- ઈન્દ્રપ્રસ્થ બોરીવલી. 9820441711. (૧૦૯૭-સી)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
ઈસ્ટ એવન્યુ-૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વેન્ટ ટોઈલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડિંગ, વેચવાનો ફોન : 9820156133. (બી-૧૭૬૩૩)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઈલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ઓનર:- 9820156133. (બી-૧૭૬૩૨)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લા (પૂર્વ)**
સુભાષ રોડ - ૨ બેડરૂમનો ફ્લેટ, એરિયા ૭૫૦' કારપેટ, ૨,૫૦,૦૦૦,૦૦/-. "સંજય પટેલ" 9820292381. (બી-૧૭૬૩૧)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કિંગ) વેચાણથી ૧૪૦ લાખ (નેગોશીએબલ) 7045336155. (એસડીબી-૩૨૯૬)

**તારદેવ**
કન્વર્ટેડ બે બેડરૂમ (૫૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (ફર્નિશ્ડ) ૨૨૫ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૨૯૭)

**તારદેવ**
બે બેડરૂમ (૯૦૦ કાર્પેટ) (પાર્કિંગ) ૪૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૨૯૮)

**સીક્કાનગર પાસે**
બે બેડરૂમ (૮૦૦ કાર્પેટ) (ગેરેજ) ૪૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૨૯૯)

**પ્રાર્થનાસમાજ**
ત્રણ બેડરૂમ (૧૧૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (પાર્કિંગ) ૭૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૦૦)

**બાબુલનાથ**
(નવું બિલ્ડિંગ) ત્રણ બેડરૂમ (૧૩૦૦ કાર્પેટ) (ફુલ્લી ફર્નિશ્ડ) (ત્રણ પાર્કિંગ) ૧૩ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૦૧)

**BHUTRA** A legacy of trust
P51800054761 www.maharera.mahaonline.gov.in
**બોરીવલી વેસ્ટમાં અદભૂત નજારા અને લક્ઝરીનો નવો અનુભવ કરો**
**અંજની શિખર**
બાંધકામ તૈયાર: પઝેશન ડિસેમ્બર 2026



પ્રીમિયમ 2 BHK લક્ઝરી ઘરો | 732 અને 807 સ્ક્વેર ફૂટ RERA કાર્પેટ
શો ફ્લેટ અને સેમ્પલ ફ્લેટ જોવા માટે તૈયાર છે
- નવું ડેવલપમેન્ટ (બ્રાન્ડ ન્યૂ પ્રોજેક્ટ)
- ભવ્ય ગ્રાઉન્ડ + 22 માળનું ટાવર
- જોડી ફ્લેટનો વિકલ્પ ઉપલબ્ધ
- બાલ્કની સાથે વિશાળ ઘરો
- ખુલ્લો નજારો અને ઉત્તમ વેન્ટિલેશન
- શાંત અને પ્રાઇવેટ લો-ડેન્સિટી લિવિંગ

આજે જ અદભૂત નજારાનો અનુભવ કરો – વિઝિટ માટે બુકિંગ કરો
Project Financed by ICICI Home Finance
ઓપોઝિટ જી-ફોર્સ, દેરાસર લેન, હરિદાસ નગર, બોરીવલી વેસ્ટ
**સેલ્સ ઓફિસ: +91 9137842107 / 9821061741**
(બી-૧૭૬૨૭)

**વાલ્કેશ્વર**
જૂના ભાડે બે બેડરૂમ (૬૫૦ કાર્પેટ) (સી વ્યુ) ૨૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૦૨)

**વાલ્કેશ્વર**
ચાર બેડરૂમ (૨૦૦૦ કાર્પેટ) (ફૂલ સી ફેસ) (ગેરેજ) ૨૨ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૦૩)

**અંધેરી/ પાર્લા**
1 બીએચકે 45 થી 60 હજાર, ૨ બીએચકે 75 હજારથી 1 લાખ, 3 બીએચકે 1 લાખથી 1.50 લાખ ભાડેથી લેવા. 8356857995/ 7506776398. (એસડીબીજી-૩૩૦૪)

**ઘાટકોપર (ઈસ્ટમાં)**
**વેચાણથી - રો-હાઉસ બંગલો, નો-ટ્રાફિક, નો-પોલ્યુશન. સંપર્ક:- 9323650893/9222710284. (૧૧૦૩-સી)**

**અંધેરી (વેસ્ટ)**
**દાઉદ લેન, સારી સોસાયટીમાં 3 બેડરૂમ (900') અનફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી આપવાનો. (પાર્કિંગ સાથે) બ્રોકર્સ- 9725950270. (૧૧૦૧-બી)**

**૧૪ માંથી ૧૧ સ્લેબ રેડી, માર્ચ ૨૦૨૭ કબજો**
**ઘાટકોપર (ઈસ્ટ) - સેમ્પલ ફ્લેટ રેડી**
**ધ મેન્શન (THE MANSION) by DNK**
- ગ્રાઉંડ + ૩ પોડિયમ + ૧૦ રેસિડેન્શિયલ ફ્લોર
- ૧૦'૧૦" ફ્લોર ટુ ફ્લોર હાઈટ
- ૩, ૪, ૫ BHK પ્રીમિયમ અપાર્ટમેંટ્સ
- ડબલ હાઈટ એન્ટ્રન્સ લોબી
- દરેક ફ્લેટ ૩-સાઇડ ઓપન
- દરેક લિવિંગ રૂમમાં બાલ્કની
- વાહન માટે ટુ-વે રેમ્પ
- ૧૦૦% સરફેસ કાર પાર્કિંગ
- એક્સક્લુસિવ લેન્ડસ્કેપ્ડ એમેનિટી પોડિયમ
- ૩ હાઇ-સ્પીડ મોડર્ન લિફ્ટ
- વોકિંગ અને જોગિંગ ટ્રેક
- ડેડીકેટેડ યોગા અને મેડીટેશન ઝોન
- ફિટનેસ સેંટર અને સોસાયટી ઓફિસ
- બાળકો માટે પ્લે એરિયા

**3 BHK** : 939 | 1011 | 1141 | 1244 **4/5 BHK** : 1343 | 1428 | 2399 | 2583
**સાઇટ એડ્રેસ: ખોખાણી લેન, ઓફ ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ)**
**DNK : 98212 38408 / 98198 48956**
MahaRERA Registration No.: P51800080426 | Website: https://maharera.maharashtra.gov.in/
(કેપી-૨૫૩૭-એ)

**જૂહુ સ્કીમ**
**૨ બેડરૂમનો વિશાળ ફર્નિશ્ડ ફ્લેટ, અલગ સર્વન્ટ બાથરૂમ. અંદાજે ૧૦૦૦ ફુટ, ૫મે માળે, લિફ્ટ. ૧ પાર્કિંગ. જમનાબાઈ સ્કૂલ અને દેરાસર પાસે વેચવાનો છે. સંપર્ક: 9892168687. (એસડીબી-૩૨૮૮)**

**બોરીવલી વેસ્ટ**
મનપેશ્વર, 2 BHK ભાડેથી, 500 કાર્પેટ, 44,000 ભાડું, 1.50 લાખ ડિપોઝિટ, 9619167234. (૧૧૦૯-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (વેસ્ટ)**
**૨ બેડરૂમનો ફર્નિશડ ફ્લેટ, ૨ બાથરૂમ + ૩૦૦ ફુટ એટેચડ ટેરેસ, દાદાભાઈ રોડ, ચત્રભુજ સ્કૂલ પાસે, ૧ પાર્કિંગ સાથે વેચવાનો છે. સંપર્ક: 9892245522. (એસડીબી-૩૨૮૯)**

**વિલેપાર્લે વેસ્ટ**
મોર્ડન એમિનિટિઝ વાળા ૩ બેડરૂમ વેચવાના છે. એરિયા ૯૨૦/૧૦૮૫/૧૧૨૫/૧૨૫૫, એસ.વી. રોડ - સ્ટેશન પાસે. (બ્રોકરેજ નહીં). વધુ માહિતી અને ભાવ માટે નામદેવ 9322671121. (એસડીબી-૩૨૯૦)

**વિલેપાર્લે વેસ્ટ**
૨ બેડરૂમ, મોર્ડન એમિનિટિઝ, એસ.વી. રોડ - સ્ટેશન પાસે વેચવાનો છે. એરિયા ૫૫૫ કાર્પેટ ૨.૩૦ કરોડ, ૭૫૦ કાર્પેટ ૩.૧૦ કરોડ. નામદેવ 9322671121. (એસડીબી-૩૨૯૧)

**જુહુસ્કીમમાં/પાર્લામાં/અંધેરીમાં**
લીવલાઈસન્સથી/વેચાતામાં સ્ટુડન્ટો/ફેમિલી માટે, 1થી 4 બેડરૂમના, ફર્નિશ્ડ ફ્લેટો. લેવા રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૨૯૨)

**બોરીવલી (ઈસ્ટ)**
**દેરાસર, સ્કૂલ, માર્કેટ, સ્ટેશન નજીક, 2 બેડરૂમ - 649' કારપેટ વેચવાનો. (1.40 CR.) 9773938161. (૧૧૦૧-સી)**

**અંધેરી (વેસ્ટ)**
જે. પી. રોડ, ભરડાવાળી, નવું બિલ્ડીંગ, 2/3 બેડરૂમ, 2.25/ 3.25 કરોડ, કાર પાર્કિંગ સાથે. સંપર્ક: મનીષ- 9324512690. (બી-૧૭૬૩૪)

**કાંદિવલી વેસ્ટ**
1 બેડરૂમ નવા ટાવરમાં 1.12 cr મા પાર્કિંગ સાથે, 1.18 cr મા ફર્નિચર અને પાર્કિંગ સાથે, અને 1.24 cr મા ફર્નિશ્ડ ફુલ પેકેજમાં મળશે. સંજીવ- 9821925693. (બી-૧૭૬૩૯)

**કાંદિવલી વેસ્ટ**
1 રૂમ કીચન 55 લાખ, 1 બેડરૂમ 90 લાખ, 1.5 બેડરૂમ 1.21 cr and 2.5 બેડરૂમ 1.45 cr નવા એમીનીટીઝવાળા ટાવરમાં દહાનુકરવાડી મેટ્રો સ્ટ્રેશન પાસે મળશે. સંજીવ 9821925693. (બી-૧૭૬૩૮)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. M.G. રોડ, પૂજા હોટલ પાસે, 2 બેડરૂમ, હોલ, કિચન-750' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર, વિશાલ મહેશ ઠક્કર - (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૦૭-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી પંતનગર, 4 બેડરૂમ હોલ, કિચન-1200' કારપેટ, ફર્નિશ્ડ, પાર્કિંગ સાથે. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૦૭-સી)**

**20,000/ 25,000**
દહિસરમાં 1 બેડરૂમ - 73,00,000/- 1 રૂમ - 18,000/ 60,00,000. ભવ્યભાઈ:- 7021281534. (૧૧૦૫-બી)

**કાંદિવલી (વેસ્ટ)**
વીર ટાવરમાં 3 & 4 BHK Flat સ્પેશિયસ કાર્પેટ, Upper Floor, મોર્ડન એમેનીટીઝ સાથે, સ્કૂલ, કોલેજ, માર્કેટ, કચ્છી-ગુજરાતી-રાજસ્થાની જૈન પાડોશ, દેરાસર અને ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, સંપર્ક: દિનેશ સાવલા - 9757252097. (૧૧૦૫-ડી)

(જુઓ પાનું ૧૦) ▶▶

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પોતાનું ઘર, એક સુખની અનુભૂતિ કરાવે છે. રીડેવ્લોપમેન્ટમાં જવાની શક્યતા. ગારોડિયાનગર-૧ બેડરૂમ, હોલ, કિચન-560' કારપેટ, 1.30 CR, સેમિફર્નિશ્ડ, રાજાવાડી-૧ બેડરૂમ, હોલ, કિચન - 525' કારપેટ, 1.62 CR, DA સાઈન. ગારોડિયા નગર-૨ બેડરૂમ, હોલ, કિચન-735' કારપેટ, કલ્સ્ટર રીડેવ્લોપમેન્ટ પ્રોસેસ. HOME ALONE PROPERTY- જુગ્નું શાહ - 9833352224. (૧૧૦૭-ડી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. તિલક નગર, ૨ બેડરૂમ, હોલ, કિચન, 700' કારપેટ, હાયરફ્લોર, OC, પાર્કિંગ સાથે. બ્રોકર - 9323030141, 8169019857. (૧૧૦૮-એ)

**સાન્તાક્રુઝ ઈસ્ટમાં ડુપ્લેક્સ**
સેનનગર સ્ટેશન પાસે, 1800' - 4 બેડ ડુપ્લેક્સ 6,25,00,000+ 2 પાર્કિંગ. 9819569698. (૧૧૧૦-એ)

**બેંકના સસ્તામાં**
કાંદિવલી 48,00,000/- 68,00,000/- અંધેરી 38,00,000/- સાંતાક્રુઝ 500' 48,00,000/- વાલકેશ્વર 500' 95,00,000/- મુલુન્ડ 26,00,000/- ભાયંદર 10,00,000/- મીરારોડ 32,00,000/- નાયગાવથી વિરાર 6,00,000/- 8879860919. (૧૧૦૫-એચ)

**બોરીવલી પશ્ચિમ**
**ગુજરાતી મારવાડી જૈન ફેમિલી યોગ્ય 3/૪ બેડરૂમના લકઝરીયસ ફ્લેટો. મંડપેશ્વર રોડ 3/૪ બેડરૂમ 1129'/1615' બેડરૂમ, એલટી રોડ વીર સાવરકર ગાર્ડન 3/૪, ૨ બેડરૂમ જોડી, હરિદાસ નગર 3/૪ બેડરૂમ, ચીકુવાડી 3/૪ બેડરૂમ. આધુનિક સુવિધાની સાથે સુંદર લેઆઉટ વાળા પસંદગીના પ્રાઈમ લોકેશન ફ્લેટો માટે આજેજ સંપર્ક કરો. કે એન્ડ કે કન્સલ્ટન્સી. કલ્પેશ આશર 9820893700. (૧૧૦૫-એ)**

**અંધેરી (ઈસ્ટ)**
1 અને 2 BHK અને જોડી ફ્લેટ, ઈસ્ટ-વેસ્ટ ઓપન, 75% વર્ક કમ્પ્લિટેડ, કચ્છી/ વાગડ/ જૈન ગુજરાતી/ મારવાડી પાડોશ, હાઈવે અને મોગરા મેટ્રો સ્ટેશનની પાસે, કોમ્પલેક્ષમાં જ દેરાસર અને ઉપાશ્રય. સંપર્ક - 9757252097/ 9653676971. (૧૧૦૫-ઈ)

**SOUTH MUMBAI RAJASTHAN ESTATE**
**New Available Many Flats for Purchase and Sale. Please Contact (1) Gopalbhai Jaipurvala. M. 9322898994 (2) Mukesh Mehta 9967502537. (343)**

**TANNA HEIGHTS**
**Parekh Gally, Kandivali (West) 2 Bedroom, 725' Carpet Sale. Higher Floor, South-West Open. OC Received. Owner : 9821049249. (1068-A)**

**"PRITHVI"**
**Offers on outright a large 3 BHK only for Vegeterians in Santacruz West nr Podar School, Jain Derasar & Thakurji's Haveli wd 3 sides open views, bright & well ventilated flat wd a clear title for only 5.50 crs, 9820149838/ 9869070183. (JP/4563-A)**

*NEAR THANE STATION* *Very Hot Property* *With Car Parking* *2 BHK Near Vandana Cinema* *Untouchable Flat* Carpet... 578 with Teress *Price... 1.48 Cr* negotiable Please Contact Mahendra Kalore *8693 800 400* Neeta Properties Manpada. (B-17630)

**BEST DEAL**
Kandivali West, 1 Bed, 2 & Jodi Options, Fitout, All Amenities, Podium. 9930049998. (545/A)

**BORIVALI WEST**
Near Poisar Gymkhana 2 Bedroom 696' sqft Builtup + 1 Parking, fully Furnished for Sale. Vijay Realtors: 9224214227 / 9594404050. (1110-B)

**CHINCH BUNDER**
Bhat Bazar Near Masjid Bunder, Saraswati Sadan, 1st Floor, Residence / Office, 600' and 300' for Sale. WhatsApp on: 9870185484 / 9867814975. (1104-F)

**DADAR / MATUNGA (WEST)**
**2 Bedrooms + Covered Parkings 3 / 3.25 / 3.50 Crores. 3 Bedrooms + 3 Parkings 5.50 / 6.25 Crores. On Leave / License Near Hinduja Hospital 2 Bedrooms + Parking 135000/- "Divine Housing" 9820126355 / 9322155751. (1106-A)**

**VILEPARLE (EAST)**
Luxury 3 BHK with attached toilets, Fully Furnished, Fully A/C, 1400 Carpet, 3 Car Parks, Higher Floor, 3 Side Open, Big Gym, Spacious Compound, Immediate Sale, Contact: 9820072941, Brokers welcome. (1105-F)

## ૧૮. જગ્યા જોઈએ છે

**સાઉથ મુંબઈ**
પ્રતિષ્ઠિત વિસ્તારમાં 3 BHK, જૈન દેરાસર નજીક, બે પાર્કિંગ સાથેનો ફ્લેટ જોઈએ છે. સંપર્ક: રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૫૮૪)

**મુલુંડ વેસ્ટમાં**
રુનવાન સેંચ્યૂરી એલ. બી. એસ. રોડ પર ૨ બી.એચ.કે.ની જોડી ફ્લેટ તાત્કાલિક ખરીદવા જોઈએ છે. સંપર્ક કરો મોબાઈલ:- ૯ ૭ ૦ ૨ ૪ ૩ ૪ ૩ ૪ ૩ / ૯૭૬૮૩૩૬૬૬૧. (એસડીબીજી-૩૩૦૬)

**PALGHAR**
**We are Interested in Purchasing Distress / Auction Flat at Plaghar, Immediate Payment, 09029456280. (1082-A)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
**ઋષભ ઉપાધ્યાય 9049625073**
**હિતેષ ઉપાધ્યાય 9326470109**
(એસડીબી-૩૨૬૫)

## ૨૦. ધંધાદારી જગ્યા

**લાલબાગ પરેલ**
દાદર તારદેવ - જોઈએ છે 200'-250' દુકાન વેચાણથી. 2 કરોડમાં. 9819569698. (૧૦૯૭-ઈ)

**ઓફિસ ભાડેથી**
કાંદિવલી (વેસ્ટ) મયુર સિનેમાની સામેની ગલી, 225' કાર્પેટ, Rent 17000/- owner 9820413408. (જેપી-૪૫૬૪-સી)

■ દાદર (પૂર્વ) / પરેલ (પૂર્વ)માં વેચાણથી લગભગ 500 ચોરસ ફૂટ ઓફિસ જગ્યાની જરૂર છે. સંપર્ક કરો - 8169062119. (એસડીબી-૩૨૮૨)

**LEASE SHOWROOM GOREGAON EAST**
**700 to 3500 sq.ft. Gr+1**
**Shops ideal for 24/7 use**
**Brand Display / Bike / Hotel / Cloud Kitchen / Boutique / Gym-Zumba / Delivery**
**MILAN KAMDAR**
98200 17603
93222 68936 (WA only)
kamdarestate@yahoo.com
(KP-2536-A)

**બીલીમોરા ઇસ્ટ સોમનાથ રોડ**
**સ્ટેશન નજીક, ગોહર બાગ, ગ્રાઉન્ડ ફ્લોરમાં દુકાનો અને પહેલે માળે કમર્શિયલ જગ્યા 2000' ફૂટ ભાડેથી આપવાની સંપર્ક: જતીન પાગધર : 8850215700. (૧૦૪૪-બી)**

**ઘાટકોપરમાં ઓફિસો**
**Risk ના લેવું એજ સૌથી મોટું Risk છે. ભાડેથી પ્રાઈમ લોકેશનમાં, 220' કારપેટ - 40K, 270' કારપેટ - 45K, 400' કારપેટ - 52K, 950' કારપેટ - 1.50 'LAC, 2500' કારપેટ - 5 LAC, 11000' કારપેટ - 12 LAC, ફુલ્લી ફર્નિશ્ડ, પાર્કિંગ મળશે. HOMEALONE PROPERTY - અભિષેક - 9082522655, જુગ્નું શાહ - 9833352224. (૧૦૮૪-એફ)**

**મલાડ (વેસ્ટ)**
**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે.- 9820054730, 9920041841. (એસડીબી-૩૨૮૫)**

■ તારદેવ ભાટિયા હૉસ્પિટલ પાસે, ૨૨૫' કાર્પેટ, ૧૪ ફીટ હાઈટ, સેલ્ફ કન્ટેન્ડ સંપર્ક: રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૫૮૩)

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**
**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોર્પોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૦૯૨/સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**અંધેરી (વેસ્ટ)માં**
લીવલાયસન્સથી સ્ટેશન, પાનેરી પાસે ક્લાસીસ/સીએ/ક્લિનિક/ઓફિસ માટે જગ્યા 770 કાર્પેટ, લિફ્ટ + પાર્કિંગ. 3,00,000/ 95,000. લેવા રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૨૯૩)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ભાડેથી, પંતનગર, શુભમ એવન્યુ - ઓફિસ - 225' કારપેટ, સેલ્ફ કન્ટેઈન, હાયર ફ્લોર, પાર્કિંગ સાથે. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૦૭-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદીવલી (વેસ્ટ)**
260 ફુટ ઓફિસ લાયક એસવી રોડ જ્યોતી પાર્ક ફર્સ્ટ ફ્લોર વેચાણથી આપવાની. (ઓનર) 9930050563, 9920550563. (૫૪૫/બી)

**લોઅર પરેલમાં**
1800' થી 2200' આયુર્વેદિક ક્લિનિક માટે ભાડેથી જોઈએ છે. 7021580266. (૧૧૦૯-ડી)

**COMMERCIAL PREMISES**
Borivali to Malad. Buy, Sell, Rent in Prime Locations. "Hardik" 9819381681. (JP/4560-B)

**VIKHROLI (WEST)**
Zero Maintenance, 1200 square feet, Indraprastha Commercial, Lal Bahadur Shashtri Marg, Second Floor, 2 Lifts, Close to Railway Station, Upcoming Metro, Next to Hiranandani & Others 3 IT Parks @ 3.10 Cr. Contact: Owner Dinesh 9820155784. (B-17625)

**MAHABALESHWAR HOTEL**
**Urgent for Sale. Owner Shifting to USA - Profitable Prime Location - 365 Days working - Modern Kitchen Restaurant & Pantry Staff Quarters / Indoor / Outdoor Games Swimming Pool - Large Waterfall - Conference Hall - Security arrangement Lease Plot area - 30 Guntha. Contact - Jalaram - Indraprasth - Borivali. 9820441711 / 9820035393 / 9833230506. (1109-A)**

**KALINA**
**PREMISES AVAILABLE ON LEAVE & LICENCE**
• Area 1000 sqft to 15000 sqft
• Rate charged on carpet area
Contact : 7400026775
(1076-A)

**GHATKOPAR (EAST)**
Offices available for Doctor, Dentist, Lawyers, CA, Architects, MNC, IT, Freelancer, Co Working, Professional Consultation Firm, Banks, Mutual Fund, Share Market, New Startup in Newly under construction 16 Storied Tower, Possession soon. MG. Road. 9757252097 / 9769345176. (1105-C)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થનાસભા 3500/- થી 7000/-**
કાંદિવલીમાં (બીજે ટ્રાન્સપોર્ટના અલગ). લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, ANNIVERSARY બજેટથી. ભક્તિ સંગીત ક્લાસ (ગુજરાતી - હિન્દી ભજનો). મનસુખભાઈ: 9326801860, 8169552801. (૧૦૯૨-એ)

**અધિક માસ ભજન 5000/-માં**
કાંદિવલી (ઘરમાં) બીજે ટ્રાન્સપોર્ટના અલગથી, સિંગર્સ, વાદ્યવૃંદ, સાઉન્ડ સાથે. મનસુખભાઈ 9326801860, 8169552801. (૧૦૯૬-સી)

**''રણજીત ભરત ડોસા''**
**''પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ'', ''જૈન'', ''અગ્રવાલ'', ''મહેશ્વરી'' - ગુજરાતી, હિંદી પ્રાર્થના માટે - 9821172223. (૯૫૬/એ)**

**બજેટ મુજબ**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી, પ્રાર્થના. કમલેશ માંડલિયા:- 9820889938. (૧૧૦૪-ઈ)

## ૨૭. ઔષધ ઉપચાર

**દુખાવો**
ઘૂંટણ, કમર, હાથપગ, ગર્દન, ખભો ઘરેબેઠાં દવા વગર મટાડો. 9867226594. (૧૧૦૪-એ)

## ૩૧. નાણાંકીય

**GREAT OPPORTUNITY**
મ્યુચલફંડમાં પૈસા રોકવાની ઉત્તમ તક, આપનો શુભચિન્તક અભય - 9223481847. (બી-૧૭૩૫૮)

## ૩૨. જમીન-મિલકત

**ટિટવાલા (ઈસ્ટ)**
**વેચાણથી, 400-800 સ્કવેર યાર્ડ પ્લોટ સંપર્ક:- 9323650893 / 9222710284. (૧૧૦૩-એ)**

**મલબાર હિલ**
પૂરું બિલ્ડિંગ - 1400 મીટર પ્લોટ OC/ Conveyance સાથે 350 કરોડ:- 8007342828. (૧૧૦૫-જી)

## ૩૨. જમીન-મિલકત

**LONAVALA**
**Bungalow with 4 Bed Room & 4 Bathroom with Garden Near Swami Mandir Lonavala for Sale 1.70 Cr. Negotiable Contact Ashok 9820353241. (342)**

**WORLI TO PRABHADEVI**
Require Land SRA / Redevelopment / Society Minimum 2000 square meter for Development. Call Ashok Shah 9821036552. (1109-C)

**AGRICULTURAL LANDS**
At Dahanu Taluka, In between Highway and Railway Line, Approx. 100 to 150 Acres Land for Sale on as is where is basis. Please Contact. Rajesh : 9320656987. (SDB-3283)

## ૩૩. ધંધાદારી

**પાણીની ટાંકીઓ**
મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ:- 9820776583/ 9892298963. (૧૦૬૦-એ)

**અધિક માસ**
તથા શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગીફ્ટ આઈટમો ફેક્ટરી ભાવે- 9930310057. (બી-૧૭૫૭૬)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૪૯૯)

**RENT AGREEMENT**
ઓનલાઈન કરીશું. (મુંબઈ-બહારગામ) દુકાન, ફ્લેટ લેવા-વેચવા 9920459827, 9987527093. (૧૧૦૧-એ)

**બિલ્ડિંગ રીપેરિંગ**
વોટર પ્રુફિંગ સ્પેશિયાલિસ્ટ. પેઈન્ટિંગ, ટેરેસ, પેરાપીટ વોલ. 9987414990. (૧૧૦૨-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**
સમસ્યાઓનું સમાધાન. લવ પ્રોબ્લેમ પતિથી દુ:ખી સાસ બહુનો ઝગડો સંતાન કેવામાં નથી કામ ધંધોમાં રુકાવટ એકતરફી પ્રેમ (ફિસ કામ પછી) 9321554879. (બી-૧૭૫૬૭)

**સચોટ જ્યોતિષ**
**જન્મતારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ ક્યારે - કયા મહિનામાં - સાલમાં થશે? તેનું માર્ગદર્શન. (ફી લેવામાં નથી આવતી). વાતો ન કરો, રિઝલ્ટ માંગો. 7304586200. (૧૦૯૬-એ)**

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફિંગ**
**લીકેજ, બિલ્ડિંગ, ટેરેસ, બંગલો, ક્રેક ફિલિંગ, વોટર ટેંક. ખાત્રી પૂર્વક લીકેજ બંધ: 8879844887. (૧૦૯૨-ઈ)**

**વોટરપ્રુફિંગ વર્ક**
PU ફોમ ઈન્જેકશન ગ્રાઉન્ટિંગ તોડયા વગર વોટરપ્રુફિંગ વર્ક- બાથરૂમ, ટોયલેટ, સ્વિમિંગ પૂલ, વોટર ટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૫૪૬/એ)

■ ડામર કામ પાણીની ટાંકી સાફ કરી આપીશું. 9867559203. (૩૪૪)

**KRISHNA WATERPROOFING**
Terrace, Society, House, Slab, Roof Repair and Waterproofing. - 7900063270. (B-17626)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૪૪૫)

# એસબીઆઇ કર્મચારીઓની પચીસ મેથી દેશવ્યાપી હડતાળની ચીમકી

નવી દિલ્હી: ઓલ ઇન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા સ્ટાફ ફેડરેશનના બેનર હેઠળ એસબીઆઇ કર્મચારીઓએ પૂરતી સ્ટાફ ભરતી સહિતની તેમની વિવિધ માગણીઓ પૂર્ણ કરવા માટે ૨૫ મેથી બે દિવસીય રાષ્ટ્રવ્યાપી હડતાળ પર ઊતરવાની ચીમકી ઉચ્ચારી છે. જો આ હડતાળ થશે તો તેની અસર પાંચ દિવસ સુધી દેશભરમાં એસબીઆઇના બેંકિંગ કામકાજ પર પડશે. કારણ કે હડતાળની તારીખ પહેલા ચોથો શનિવાર અને રવિવાર આવી રહ્યો છે. વળી હડતાળ સમાપ્ત થયાના એક દિવસ પછી ૨૭ મેના રોજ ઇદ નિમિત્તે ઘણાં રાજ્યોમાં રજા રહેશે.

એઆઇએસબીઆઇએસએફએ એક નિવેદનમાં જણાવ્યું કે માગણીઓમાં મેસેન્જરની ભરતી, આર્મ્ડ ગાર્ડની ભરતી અને એનપીએસ કર્મચારીઓ માટે પેન્શન ફંડ મેનેજર બદલવાનો વિકલ્પ આપવાનો પણ સમાવેશ થાય છે. યુનિયને એવી પણ માગ કરી કે બેંક કાયમી નોકરીઓનું આઉટસોર્સિંગ બંધ કરે, કારણ કે તેથી ડેટા લીક, દુરુપયોગ થવો, છેતરપિંડી અને ઓળખ ચોરીનું સીધું જોખમ ઊભું થાય છે. જે ગ્રાહકોનો વિશ્વાસ જોખમમાં મૂકે છે. તેમજ બેંકને તેની પ્રતિષ્ઠા અને કાનૂની રીતે ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે. બીજી એક માગ બોર્ડમાં 'વર્કમેન એમ્પ્લોયી ડિરેક્ટર'ની નિમણૂક સાથે સંબંધિત છે. યુનિયને કહ્યું કે પ્રતિનિધિ યુનિયને આપેલા પેનલમાંથી નિમણૂકો કરવાનો નિયમ હોવા છતાં કર્મચારીઓના આ લોકશાહી અને કાનૂની અધિકારની સતત અવગણના કરવામાં આવી રહી છે. ■



**મહાઆરતી:** મધ્ય પ્રદેશના ધારમાં આવેલા વાગ્દેવી (સરસ્વતી) સ્થળને મધ્ય પ્રદેશ હાઈ કોર્ટે હિન્દુ મંદિર જાહેર કર્યાને પગલે ભોજશાળા પરિસરમાં શુક્રવારે મહાઆરતી કરી રહેલા લોકો. (એજન્સી)

# જૈન દેરાસરની ચોરાયેલી ૧૦૦ વર્ષ જૂની મૂર્તિ જપ્ત

ચતરા: ઝારખંડના ચતરા જિલ્લાના શાંતિનાથ દિગંબર જૈન મંદિરમાંથી ૨૪ તીર્થંકરોની લગભગ ૧૦૦ વર્ષ જૂની અષ્ટધાતુ (આઠ ધાતુઓનું મિશ્રણ) મૂર્તિની ચોરીનો કેસ ઉકેલતા પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે. આ જાણકારી એક અધિકારીએ આપી હતી.

ચત્રાના પોલીસ અધિક્ષક (એસપી) અનિમેષ નૈથાનીના જણાવ્યા અનુસાર પોલીસે તેના ખુફિયા નેટવર્કનો ઉપયોગ કરીને ચોરીના બે કલાકમાં મૂર્તિને પાછી મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. તેમણે કહ્યું કે ચોરીના આ કેસમાં એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. તેમજ ગુનો આચરવામાં વપરાયેલી બાઇક જપ્ત કરવામાં આવી છે. જપ્ત કરવામાં આવેલી મૂર્તિની કિંમત ૫૦ લાખ રૂપિયા છે.

એસપીએ જણાવ્યું કે અજાણ્યા ચોરો સામે એફઆઇઆર નોંધવામાં આવી હતી અને તપાસ હાથ ધરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇને ઇટખોરી સ્ટેશન ઇન્ચાર્જના નેતૃત્વમાં વિશેષ દરોડા ટીમની રચના કરવામાં આવી હતી અને સંદીપ સિંહની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલી વ્યક્તિએ આપેલી માહિતીના આધારે ચોરાયેલી મૂર્તિ મળી આવી હતી.

પોલીસે દાવો કર્યો છે કે ધરપકડ કરાયેલો ચોર ચેઇન સ્મોકર અને ડ્રગ્સનો વ્યસની છે. તેણે ગાંજાના નશામાં ચોરી કરી હતી. જ્યારે એસપીએ વધુમાં જણાવ્યું કે ચોર મૂર્તિ વેચવા માટે દિલ્હીના કારોલ બાગ જવાનો ઇરાદો ધરાવતો હતો. ■

# દિલ્હીમાં ૧૦૦ 'ઑક્સિજન પાર્ક' શરૂ કરાશે

નવી દિલ્હી: દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેણુકા ગુપ્તાએ શુક્રવારે જાહેરાત કરી હતી કે દિલ્હી સરકાર દ્વારા શહેરની આબોહવા સુધારવા અને પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા ઝાડનું ઘેરું આવરણ ઊભું કરાશે. ઉત્તર દિલ્હીના બુરારીના મુખમેલપુરમાં ત્રણ એકર ભૂમિમાં ઊભા થનારા બગીચાનો શિલાન્યાસ કર્યો હતો. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે દિલ્હી છેલ્લાં કેટલાં વર્ષોમાં ગૅસ ચેમ્બર બની ગયું છે અને દિલ્હીમાં પ્રદૂષણને ડામવાના કોઈ પગલાં લીધાં નહોતાં. મારી સરકાર એક વર્ષથી પ્રદૂષણને ડામવા કામ કરતી હતી અને ૧૦૦ ઑક્સિજન પાર્કનું નિર્માણ એ અમારી પહેલનો ભાગ છે. મુખ્ય પ્રધાને માહિતી આપી હતી કે બગીચામાં ફળદાયી વૃક્ષો લગાડવામાં આવશે જે પક્ષીને આશરો આપશે અને પ્રાણવાયુ પૂરો પાડશે. ગાઢ વૃક્ષો ધરાવતો આ બગીચો દિલ્હીની જરૂરિયાત છે. ■

# કોંગોમાં ઇબોલાના સારવાર કેન્દ્રને આગ ચાંપી

બુનિયા: પૂર્વ કોંગોમાં ઇબોલાનો પ્રકોપથી સૌથી વધુ અસરગ્રસ્ત રવામ્પારા શહેરના લોકોએ ઇબોલા સારવાર કેન્દ્રને આગ ચાંપી હોવાની ઘટના બની છે. આ જાણકારી એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આપી હતી.

આ ઘટના એક સ્થાનિક વ્યક્તિના મૃતદેહને લઇ જતાં રોકવામાં આવ્યા બાદ બની હતી. આ આરોગ્ય સંકટને નિયંત્રિત કરવામાં ડોક્ટરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેને કારણે લોકોમાં ભય અને ગુસ્સો સતત વધતો જોવા મળી રહ્યો છે.

રવામ્પારામાં આગજનીની આ ઘટના તે પડકારોને ઉજાગર કરે છે, જેનો સામનો આરોગ્ય કર્મચારીઓ કરી રહ્યા છે. તેઓ ઇબોલા વાઇરસના આ દુર્લભ પ્રકોપને રોકવા માટે કડક પગલાં લઇ રહ્યા છે, પરંતુ આ પગલાં સ્થાનિક રિવાજો- જેમ કે અંતિમ સંસ્કારને લગતી વિધિઓ સાથે મેળ ખાતા નથી.

આ રોગચાળો કેટલાક અઠવાડિયાથી એવા વિસ્તારોમાં વકરી રહી છે જ્યાં આરોગ્ય સુવિધાઓનો ભારે અભાવ છે. તેમજ જ્યાં સશસ્ત્ર સંઘર્ષને કારણે ઘણા લોકોને તેમના ઘરો છોડીને વિસ્થાપિત થવાની પણ ફરજ પડી છે. અત્યાર સુધીમાં આ રોગચાળામાં ૧૪૮ લોકોના મોતની આશંકા છે. જ્યારે આશરે ૬૦૦ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. વિશ્વ આરોગ્ય સંગઠને આ રોગચાળાને આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે.

અગાઉ ૨૮ થી ૩૧ મે દરમિયાન યોજાનારી ઈન્ડિયા-આફ્રિકા ફોરમ સમિટ મુલતવી રાખવાનો ભારત અને આફ્રિકા યુનિયને નિર્ણય લીધો હોવાની વિદેશ ખાતાએ ગુરુવારે જાહેરાત કરી હતી.

સમિટ મુલતવી રાખવા માટે કોઈ સત્તાવાર કારણની જાહેરાત કરવામાં નથી આવી, પરંતુ મળેલી જાણકારી મુજબ આફ્રિકામાં ફાટી નીકળેલો ઈબોલા રોગચાળો આ માટે કારણભૂત હોવાનું માનવામાં આવે છે.

અરસપરસની વાતચીત બાદ સમિટ તેમ જ તેને સંબંધિત અન્ય બેઠક માટેની નવી તારીખ નક્કી કરવામાં આવશે. (એજન્સી) ■

# રસ્તા પર નમાજ પઢવા પર પ્રતિબંધ મૂકો: વિહિપ

નવી દિલ્હી: રસ્તા પર નમાજ પઢવા પર પ્રતિબંધ મૂકવાની માગણી કરતાં વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ)એ આક્ષેપ કર્યો હતો કે આ પરંપરાનો આશય ધાર્મિક નહીં, પરંતુ હિન્દુ સમાજ અને વહીવટીતંત્રને ડરાવવા તાકાતનું પ્રદર્શન કરવાનો છે. વિહિપ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં સંગઠનના જૉઈન્ટ સેક્રેટરી સુરેન્દ્ર જૈને કહ્યું હતું કે 'રસ્તા પર નમાજ એ પ્રાર્થના નથી, પરંતુ ગડબડ અને અશાંતિ ઊભી કરવાનું કૃત્ય છે.' રસ્તા પર નમાજ પઢવી એ માત્ર દેશના બંધારણ જ નહીં, પરંતુ માનવતા અને ઈસ્લામની પણ વિરુદ્ધનું છે.

તેમણે દાવો કર્યો હતો કે દેશની અનેક અદાલતે રસ્તા પર નમાજ પઢવા પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપેલો છે અને સુપ્રીમ કોર્ટે પણ આ પ્રથાને નામંજૂર કરેલી છે. આમ છતાં તેનું પાલન કરવામાં નથી આવી રહ્યું. રસ્તા પર નમાજ પઢવાને મામલે રાજ્ય સરકાર અને વહીવટીતંત્ર દ્વારા મૂકવામાં આવેલા પ્રતિબંધને અમે આવકારીએ છીએ, એમ તેમણે કહ્યું હતું.

ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા રસ્તા પર નમાજ પઢવા પર મૂકવામાં આવેલા પ્રતિબંધને તેમણે એમ કહીને આવકાર્યો હતો કે રસ્તાઓ લોકોની સુવિધા અને અવરજવર માટે છે.

દિલ્હીમાં રેલવે ટ્રેક પર નમાજ પઢાતી હોવાને કારણે ટ્રેનસેવા કલાકો સુધી ખોરવાઈ જાય છે તો ગુરુગ્રામમાં રસ્તા પર નમાજ પઢવામાં આવતી હોવાને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. એ લોકો એમ કહે છે કે અમે માત્ર પાંચ જ મિનિટ માટે નમાજ પઢવા માગીએ છીએ, પરંતુ આમ કહીને તેઓ કોને મૂર્ખ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે?

ગુરુગ્રામમાંથી પસાર થતા જયપુર હાઈવે પર નમાજ પઢવામાં આવે છે ત્યારે કલાકોનો ટ્રાફિકજામ થાય છે. (એજન્સી) ■

# કેરલમમાં દૂધનો ભાવ ચાર રૂપિયા વધશે

તિરુવનંતપુરમ (કેરળ) : દૂધના મોટા સહકારી ફેડરેશન મિલ્માએ પહેલી જૂનથી કેરળમાં દૂધના ભાવમાં ચાર રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. અધિકારીઓએ કહ્યું હતું કે કેરળ કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (કેસીએમએમએફ) જે મિલ્માના નામે ઓળખાય છે એની બોર્ડ ઑફ ડિરેક્ટરની બેઠકમાં ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. તેના ચેરમેન કે. એસ. મણિએ પત્રકારોને કહ્યું હતું કે ભાવવધારાથી થનારી આવકનો મોટો ભાગ ખેડૂતોને મળશે. પહેલી જૂનથી દૂધનો ભાવ લિટરદીઠ ચાર રૂપિયા વધશે. મિલ્મા એ ખેડૂતોની સહકારી સંસ્થા હોવાથી આનાથી થનારી આવકનો મોટો ભાગ ખેડૂતોને મળશે. તેમના જણાવ્યા પ્રમાણે વધારાના ભાવની આવકનો ૮૩.૭૫ ટકા ભાગ ખેડૂતને મળશે. લિટરદીઠ વધેલા ચાર રૂપિયામાંથી ૩.૩૫ રૂપિયા ખેડૂતને મળશે. આને અમુક ભાગ સહકારી સોસાયટી અને વેન્ડરને મળશે. ડાબેરી સરકાર ભાવમાં વધારો કરવાની મિલ્માની ભલામણને બહાલી આપી હતી, પરંતુ આચારસંહિતા અમલમાં હોવાથી તેનો અમલ થયો નહોતો. (એજન્સી) ■

# બેન્ક શેરોની આગેવાનીએ લેવાલીનો ટેકો જળવાતાં સેન્સેક્સમાં ૨૩૨ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સકારાત્મક વૈશ્વિક વલણો વચ્ચે સ્થાનિક ધોરણે બેંક શેરોની આગેવાનીએ લેવાલીનો ટેકો જળવાઇ રહેતા શુક્રવારે શેરબજારના બેન્ચમાર્ક સૂચકાંકો ઊંચા સ્તરે બંધ થયા હતો. યુએસ-ઈરાન શાંતિ વાટાઘાટોમાં પ્રગતિની આશાએ પણ બજારોના સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૨૩૧.૯૯ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા વધીને ૭૫,૪૧૫.૩૫ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૬૨૭.૬૧ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા વધીને ૭૫,૮૧૦.૯૭ સુધી આગળ વધ્યો હતો. નિફ્ટી ૬૪.૬૦ પોઇન્ટ અથવા તો ૦.૨૭ ટકા વધીને ૨૩,૭૧૯.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

એક્સિસ બેન્ક, ટ્રેન્ટ, આઇસીઆઇસીઆઇ બેન્ક, એશિઅન પેઇન્ટ, હિંદુસ્તાન યુનિલીવર, એચડીએફસી બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક અને બજાજ ફાઇનાન્સ સેન્સેક્સના ટોચના સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે સન ફાર્મા, આઇટીસી, પાવરગ્રીડ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપલુઝર રહ્યા હતા.

કોર્પોરેટ પરિણામ મિશ્ર રહ્યા હતા. રિલાયન્સ પાવરે માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૪૯૪ કરોડની ખોટ નોંધાવી છે. જીએસએફસીનો માર્ચ ક્વાર્ટરનો નફો ૨૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૨.૧૪ કરોડ નોંધાયો છે. પેજ ઇન્ડસ્ટ્રીઝનો નફો નવ ટકા વધ્યો છે. સુઝલોનને સનરાઇઝ એનર્જી પાસેથી ૧૯૫ મેગા વોટનો વીન્ડ એનર્જી કોન્ટ્રેક્ટ મળ્યો છે. ગોદરેજ પ્રોપર્ટીઝે ગુરગામના ત્રણ હાઉસિંગ પ્રોજેક્ટ માટે ટાટા પ્રોજેક્ટને રૂ. ૧૧૦૦ કરોડના કોન્ટ્રેક્ટ આપ્યા છે.

વેદાંતાની સબ્સિડરી તલવાંડી સાબો પાવર લિમિટેડે સુપ્રીમ કોર્ટના ચૂકાદા અનુસાર પંજાબ સ્ટેટ પાવર કોર્પોરેશનને અંદાજે રૂ. ૧૨૭ કરોડની પેનલ્ટી ચુકવવી પડશે. કુલ આવક પણ ઘટીને રૂ. ૧૯૪૬.૩૩ કરોડ રહી છે. એક્સપોર્ટ માર્કેટમાં હાજરી ધરાવતી હાઇ પ્રિસિઝિન એલ્યુમિનિયમ કાસ્ટિંગના સ્થાપિત ઉત્પાદક, સ્વસ્તિક કાસ્ટલ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૯.૫૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૬.૧૯ કરોડની કુલ આવક, ૨૦.૫૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૬.૨૨ કરોડનો એબિટા અને રૂ. ૩.૨૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

નિયોજન કેમિકલ્સ લિમીટેડે ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ચોથા ત્રિમાસિક ગાળામાં (સંયુક્ત), વાર્ષિક ધોરણે ૨૨ ટકાના વધારા સાથે રૂ. ૨૪૭ કરોડની આવક નોંધાવી છે. ઉપરોક્ત સમયગાળામાં એબિટા ૨૧ ટકાના સુધારા સાથે રૂ. ૪૪ કરોડના સ્તરે પહોંચ્યો છે અને કરબાદ નફો રૂ. ૧૧ કરોડના સ્તરે છે. કંપની બોર્ડે શેરધારકોની મંજૂરીની શરતે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે શેરદીઠ એક રૂપિયાના ડિવીડન્ડની ભલામણ કરી છે.

તાજેતરના એક મહત્વપૂર્ણ ફેરફારમાં બજારનું વલણ એવું જોવા મળ્યું છે કે જેમાં ઘટાડા સામે લેવાલી અને ઉછાળે વેચવાલીનો તાલ જોવા મળે છે. જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ ડો. વી.કે. વિજયકુમાર કહે છે કે, તાજેતરના સત્રોમાં, નીચા ઓપનિંગમાં ખરીદી અને ઊંચા ઓપનિંગમાં વેચવાલી જોવા મળી છે. આ પ્રવૃત્તિમાં સંસ્થાકીય રોકાણકારો ભૂમિકા ભજવી રહ્યાં હોવા જોઈએ. છૂટીટેલ ટ્રેડર્સે આ વલણને ખૂબ જ કુશળતાપૂર્વક સંભાળવું પડશે.

અમુક સકારાત્મક બાબતો જોઇએ તો હોર્મુઝ સ્ટ્રેઇટનો માર્ગ હજુ અવરોધીત હોવાથી ક્રૂડ ઓઇલના ભાવ ઊંચે છે, પરંતુ બ્રેન્ટ ક્રૂડ ૧૦૫ ડોલરની નીચે આવ્યું છે અને ફોરેક્સ માર્કેટમાં રૂપિયો ૯૬.૯૬ના સ્તરથી ૯૬.૨૦ સુધી પાછો ફર્યો છે. વ્યાપક બજારમાં ઝડપી પ્રવૃત્તિ થઈ રહી છે. સારા પરિણામો અને આશાવાદી વૃદ્ધિ અંદાજો સાથે સ્મોલ અને મિડકેપ શેરો તળિયેથી બહાર આવી રહ્યા છે, જેને બજારમાંથી સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

ઇમામીના ચોખ્ખા નફામાં ૧૨ ટકા જેવો ઘટાડો થયો છે. શિપ મેનેજમેન્ટ, વેસલ ઓનરશીપ, મરીન અને પોર્ટ સર્વિસ પ્રોવાઇડર એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના કોન્સોલિડેટેડ પરિણામમાં વાર્ષિક ધોરણે ૭૫.૦૫% વૃદ્ધિ સાથે રૂ. ૩૨૨.૬૪ કરોડની કુલ આવક, ૧૭૯.૧૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨૫.૫૫ કરોડનો એબિટા અને ૧૯૬.૪૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮૦.૮૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

એફઆઇઆઇની એકધારી વેચવાલી અને વેચવાલી વધુ તીવ્ર બનવાની આશંકા લાર્જકેપ પર તેમના પ્રમાણમાં સસ્તા મૂલ્યાંકન છતાં દબાણ લાવી રહી છે. સલામતી લાર્જકેપમાં હોવા છતાં સ્મોલ અને મિડકેપ્સમાં ગતિ જોવા મળે છે. એફઆઇઆઇ ભારતમાં ખરીદદારો ન આવે ત્યાં સુધી આ વિરોધાભાસ ચાલુ રહેશે

અદાણી પાવરે જયપ્રકાશ પાવર વેન્ચરમાં ૨૪ ટકા હિસ્સો હાંસલ કરવા અને જયપ્રકાશ એસોસિએટ્સ પાસેથી અન્ય થર્મલ એસેટ મેળવવા માટે અંદાજે રૂ. ૪૧૯૩.૫૯ કરોડના કરાર કર્યા છે. સમવર્ધન મધરસનનો ચોથા ક્વાર્ટરનો નફો ૪૬ ટકા વધ્યો છે. ટાટા પાવર ઇવી ચાર્જીંગ સોલ્યુશન્સે દિલ્હી-મુંબઇ એક્સપ્રેસવે પર ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના સહયોગ સાથે ચાર્જીંગ સ્ટેશનનું વિસ્તરણ કર્યું છે. ઓલા ઇલેક્ટ્રિકે વાર્ષિક ધોરણે રૂ. ૫૦૦ કરોડની ચોખ્ખી ખોટ અને ૫૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૬૫ કરોડની આવક નોંધાવી છે.એનસીડેક્સે ભારતના પ્રથમ એક્સચેન્જ-ટ્રેડેડ વેધર ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ રેઇનમુંબઇના લોન્ચની જાહેરાત કરી છે.

જાપાનની હોન્ડા ભારતમાં ૨૦૩૦ સુધીમાં ઇવી અને કોમ્પેક્ટ એસયુવી સહિત દસ નવા મોડલ લાવવાની યોજના ધરાવે છે. ઇરકોન ઇન્ટરનેશનલે ચોથા ક્વાર્ટરમાં ૯.૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૯૧.૪૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટરમાં ૨૬.૨ ટકાના વધારા સાથે રૂ. ૨,૭૧૪.૦૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

એકંદરે શુક્રવારે ખાનગી બેંકો અને પસંદગીના વપરાશ શેરોમાં મજબૂત વધારાને કારણે ભારતીય શેરબજારોમાં સુધારો જોવા મળ્યો હતો, જોકે ફાર્માસ્યુટિકલ અને હેલ્થકેર કાઉન્ટર્સમાં નબળાઈએ ઉછાળો મર્યાદિત રાખ્યો હતો. માર્કેટ બ્રેથ હકારાત્મક રહી હતી, કુલ ટ્રેડેડ શેરોમાંથી ૧,૮૨૭ સ્ક્રિપ્સના ઘટાડા સામે ૨,૦૨૬ શેર વધ્યા હતા. નિફ્ટી બેંકે એક ટકાથી વધુના ઉછાળા સાથે સારો દેખાવ કર્યો, જ્યારે નિફ્ટી ફાર્મા અને હેલ્થકેર સૂચકાંકો સૌથી મોટા ઘટાડા સાથે બંધ થયા. વ્યાપક બજારો મિશ્ર રહ્યા, જેમાં મિડકેપ શેરો નજીવા ઊંચા અને સ્મોલકેપ શેરો રેડ ઝોનમાં બંધ થયા હતા.

ગિફ્ટ નિફ્ટીનો બપોરનો સત્ર ૧૭૫ પોઈન્ટ અથવા ૦.૭૪ ટકા વધીને ૨૩,૭૬૫ પર બંધ થયો. શુક્રવારે નિફ્ટી ૨૩,૭૧૯.૩૦ પર બંધ થયા પછી આ તીવ્ર વધારો થયો છે. ડોલર સામે રૂપિયો સતત બીજા સત્રમાં મજબૂત થયો, જે ગુરુવારે ૯૬.૨૦ ના બંધ સ્તરની સરખામણીમાં ૯૫.૬૮ ની એક અઠવાડિયાની ઊંચી સપાટીએ બંધ થયો. સ્થાનિક ચલણ હવે ૨૦ મેના રોજ ૯૬.૯૬ ના રેકોર્ડ નીચા સ્તરથી ૧.૩ ટકા સુધર્યું છે અને છેલ્લા બે ટ્રેડિંગ સત્રોમાં ૧.૨ ટકા વધ્યું છે. ■

# ચાંદીમાં ₹ ૧૩૨૧નું બાઉન્સબેક, સોનામાં ₹ ૪૨૧નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળતાં ફુગાવામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવી હતી. તેમ જ વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં એક વખત ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૯થી ૪૨૧ ઘટી આવ્યા હતા, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૩૨૧નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

વૈશ્વિક ચાંદીના ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની નીચા મથાળેથી છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૨૧ના સુધારા સાથે રૂ. ૨,૬૬,૦૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે સોનામાં વિશ્વ બજાર પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું, જેમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૧૯ના ઘટાડા સાથે રૂ. ૧,૫૭,૪૮૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૨૧ના ઘટાડા સાથે રૂ. ૧,૫૮,૧૧૭ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં સાર્વત્રિક સ્તરેથી માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૪૫૨૮.૪૬ ડૉલર અને ૪૫૨૯.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૮ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૬.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈરાનના વિદેશ પ્રધાન શાંતિ મંત્રણા માટે શુક્રવારે પાકિસ્તાન જશે એવાં ઈરાનના પ્રસાર માધ્યમોએ અહેવાલ આપ્યા હોવા છતાં રોકાણકારોમાં હજુ શાંત વાટાઘાટો સફળ થાય તે અંગે શંકા સેવાઈ રહી હોવાથી આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૦૫ ડૉલરની ઉપર ક્વૉટ થઈ રહ્યા હતા અને ક્રૂડતેલના ભાવ વધતાં ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર આવતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ઑલે હાન્સને જણાવતાં ઉમેર્યું હતું કે આગામી થોડા સમયગાળા દરમિયાન ક્રૂડતેલના ભાવ તથા ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડની વધઘટની સોનાના ભાવ પર અસર જોવા મળશે.

તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી ફુગાવામાં વધારાની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ડિસેમ્બર સુધીમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઓછામાં ઓછો એક વખત વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૫૮ ટકા શક્યતા આજે બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર જોઈ રહ્યાં હતાં. દરમિયાન આજે મોડી સાંજે વ્હાઈટ હાઉસ ખાતે અમેરિકી ફેડરલ રિઝર્વનાં નવાં અધ્યક્ષ કેવિન વાર્શની સોગંદવિધિ થશે, એમ અમેરિકી વહીવટીતંત્રએ જણાવ્યું હતું. ■

# નિરસ માગે આરબીડી પામોલિનમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૯ સેન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૭ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત પાંખા રહેતાં આજે સ્થાનિકમાં એકમાત્ર આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના જૂન ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫ અને સોયા રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦, પતંજલિ ફૂડ્સના જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦ અને મે તથા જૂન ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ.૧૪૯૦, એડબ્લ્યુએલના મે અને જૂન ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, ઈમામીના જુલાઈ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦ અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૧૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૧૦૦થી ૭૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૩૦૦માં થયા હતા. જ્યારે આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૬૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૨૦માં અને રાજકોટ મથકે ૪૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦માં થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૯૦થી ૧૪૯૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૪૦માં થયા હતા.

આજે સ્થાનિકમાં હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, સન રિફાઈન્ડ અને સિંગતેલના રૂ. ૧૬૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૭૦ અને સરસવના રૂ. ૧૫૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે રાજકોટ ખાતે આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. ■

# બેન્ચમાર્કમાં સાધારણ સુધારો : માર્કેટ કેપમાં ₹ ૭૨,000 કરોડની વૃદ્ધિ

મુંબઇઃ શેરબજારમાં શુક્રવારના સત્રમાં ખાસ કરીને બેન્કિંગ અને ટેલિકોમ્યુનિકેશન શેરો સૌથી અધિક વધ્યા હતા, જ્યારે હોસ્પિટલ્સ અને હેલ્થકેર શેર્સ સર્વાધિક ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ.૭૨૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો. શુક્રવારે સેન્સેક્સ ગુરુવારના ૭૫,૧૮૩.૩૬ પોઈન્ટના બંધની સરખામણીએ ૨૩૧.૯૯ પોઈન્ટ કે ૦.૩૧ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૫,૨૬૦.૩૯ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઉપરમાં ૭૫,૮૧૦.૯૭ પોઈન્ટ સુધી ગયો હતો તથા નીચામાં ૭૫,૨૩૦.૭૫ પોઈન્ટ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૫,૪૧૫.૩૫ બંધ રહ્યો હતો.

આજે માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૨.૮૩ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૬૨.૧૧ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૦.૭૨ લાખ કરોડનો વધારો થયો હતો. સેન્સેક્સની ૧૫ કંપનીઓમાં વધારો થયો હતો જ્યારે ૧૫ કંપનીઓમાં ઘટાડો થયો હતો. બીએસઈ પર કુલ ૪,૩૬૩ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૨૧૩ શેરોના ભાવ વધ્યા હતા, ૧,૯૭૧ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૭૯ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૨૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૧ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

કુલ ૧૭ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૦ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૭ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. આજે બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૧૧ ટકા વધ્યો અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૬ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૪૧ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૯૭ ટકા વધ્યા હતા.

સેક્ટોરલ સૂચકાંકોમાં મુખ્યત્વે પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ ૧.૩૫ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૧.૨૩ ટકા, બેન્કેક્સ ૧.૧૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૯૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૯ ટકા, મેટલ ૦.૬૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૩ ટકા અને મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૦.૫૨ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે હોસ્પિટલ્સ ૧.૩૯ ટકા, હેલ્થકેર ૧.૨૩ ટકા, આઈટી ૦.૩૨ ટકા, યુટિલિટીઝ ૦.૩૧ ટકા અને ફોકસ્ડ આઈટી ૦.૨૯ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ટ્રેન્ટ ૩.૦૧ ટકા, એક્સિસ બેન્ક ૨.૫૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૭૭ ટકા, એશિયન પેઈન્ટ ૧.૫૬ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૦૬ ટકા અને એચડીએફસી બેન્ક ૦.૯૭ ટકા વધ્યા હતા, જ્યારે સન ફાર્મા ૨.૪૩ ટકા, આઈટીસી ૨.૦૩ ટકા, પાવર ગ્રીડ ૧.૭૫ ટકા, બીઈએલ ૦.૯૯ ટકા, ભારતી એરટેલ ૦.૭૩ ટકા, ઈન્ફોસિસ ૦.૬૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૫૮ ટકા અને ટીસીએસ ૦.૪૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૩૪૫.૭૨ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૯૦૩ ટ્રેડ્સમાં ૨,૨૮૦ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૮,૬૭,૩૮૭ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૨૩,૧૮,૮૮૮.૦૨ કરોડ રહ્યું હતું. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**LHB AC કોચેસના SS2/SS3 અને વિભાગ પ્રવૃત્તિઓની આઉટસોર્સિંગ**

ડે. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પ), પશ્ચિમ રેલવે કેરેજ રિપેર વર્કશોપ, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩ ઈ-ટેન્ડર નોટિસ નં. **EL/WA/PL/૨૦૨૫-૨૬/૦૨R** તા. ૧૬.૦૫.૨૦૨૬ મંગાવે છે. **કામનું નામઃ** જથ્થોઃ ૧૦ કોચેસ માટે વર્કશોપ - લોઅર પરેલ રિપેર કેરેજ ખાતે LHB AC કોચેસની RMPUની ઓવરહોલિંગ SS2/SS3 અને વિભાગ પ્રવૃત્તિઓની આઉટસોર્સિંગ. **કામની અંદાજિત કિંમતઃ** ₹ ૪૬,૩૭,૨૬૦.૦૫. **બારડીઃ** ₹ ૯૨,૮૦૦/-. **ટેન્ડરની સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમયઃ** ૦૯.૦૬.૨૦૨૬, ૧૨.૦૦ ક. સુધી. ટેન્ડર **ખોલવાની તા.** ૦૯.૦૬.૨૦૨૬ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0141

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# ખાંડમાં વધ્યા મથાળેથી ₹ છથી ૧૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ક્વિન્ટલે રૂ. ૧૦ની આગેકૂચ સાથે વેપાર રૂ. ૩૮૩૦થી ૩૮૬૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજર ભાવમાં વધ્યા મથાળેથી ક્વિન્ટલે રૂ. છથી ૧૦ની પીછેહઠ જોવા મળી હતી. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૯૫૬થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૭૨થી ૪૧૫૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી મર્યાદિત રહેતાં મથકોથી વિપરીત બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૫થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૪૦૧૦માં થયાના અહેવાલ હતા. ■

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ટીનની આગેવાનીમાં ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ કરાર થઈ જવાના આશાવાદ સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીનની આગેવાની હેઠળ કોપર, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. પંચાવનનો સુધારો આવ્યો હતો. જોકે, આજે માત્ર નિકલમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ટકેલું વલણ રહ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પંચાવન વધીને રૂ. ૫૨૬૩ અને રૂ. ૧૮ વધીને રૂ. ૧૪૦૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક, વપરાશકારો, સ્થાનિક ડીલરે અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૨૯૧ અને ૧૧૭૪, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૧૩૧૩ અને રૂ. ૧૨૬૧, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૯૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૭૬ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૮૭૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિકલમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૮૩૨ના મથાળે અને છૂટીછવાઈ વપરાશકારોની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૨૦, રૂ. ૩૧૩ અને રૂ. ૨૦૭ના મથાળે ટકેલા રહ્યા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. ■

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી નોટીસ**

બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. કેટલોગ પહેલા થી IREPS પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યા છે અને વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | NFR-ADI-09-26 |
|---|---|

| કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી |
|---|---|
| પાર્કિંગ | • મિક્સ્ડ • પાર્કિંગ સહ સ્ટેકિંગ |
| પે એન્ડ યુઝ | • ટોયલેટ્સ • વેઈટીંગ/રિટાયરીંગ/ક્લૉક રૂમ |
| પરચુરણ-સ્ટેટીક-સેવાઓ | • વેસ્ટ મેનેજમેન્ટ |
| પરચુરણ-સ્ટેટીક-જનરલ | • ડિજીટલ લાઉન્જ • એક્ઝીક્યુટીવ લાઉન્જ • રિલેક્સેશન ઝોન • ઓટોમેટીક વેન્ડિંગ મશીન • ઓફિસર રેસ્ટ હાઉસ • ગ્રોસરી અને ફોટોકોપી કિઓસ્ક • ડિજીટલ સ્ટોરેજ લોકર • ગેમ ઝોન |
| પરચુરણ-મોબાઈલ-જનરલ | • લાઈફસ્ટાઈલ મેગેઝીન |

**ઈ-હરાજીની તારીખ અને સમયઃ** લોટ્સ માટે ઈ-હરાજી તા.૦૯-૦૬-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે શરૂ થશે. ADI-043

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (સ્યુઅરેજ ઓપરેશન) |
| ડિવિઝન | એક્ઝિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (સ્યૂ.) W.S. |
| ટેન્ડર સંદર્ભ નંબર | ૨૦૨૬_MCGM_૧૩૦૪૭૭૭_૧ |
| વિષય | વર્સોવા સ્યૂએજ પમ્પિંગ સ્ટેશન ખાતે સંલગ્ન કામો અને એર કોમ્પ્રેસોર્સ (૦૨ નં.)ની સર્વિસિંગ અને ઓવરહોલિંગની રિપેરિંગનું કામ. |
| ટેન્ડરનું વેચાણ | ૨૨.૦૫.૨૦૨૬ સમય ૧૧.૦૦ ક. થી ૦૧.૦૬.૨૦૨૬ સમય ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in હવેથી કોઈપણ સુધારા અથવા વધારા ફક્ત BMC પોર્ટલ / મહાટેન્ડર પોર્ટલ લિંક સાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે. |
| સંચાર અધિકારી A) નામ | શ્રી કૃષ્ણા પાટીલ શ્રી કૃષ્ણા પાટીલ |
| C) મોબાઈલ નં. | ૯૮૨૦૦૪૮૮૯૫ ૯૮૨૦૦૪૮૮૯૫ |
| D) ઈ-મેઈલ સરનામું | eemechsws.so@mcgm.gov.in |

સહી/-
E.E. Mech. (સ્યૂ.) W.S. i/c

PRO/421/ADV./2026-27

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# ડબ્લ્યુટીઓ સમક્ષ યુકેના સ્ટીલ અંગેના સેફગાર્ડ પગલાં સામે ભારતે ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હીઃ યુકેની સ્ટીલ આયાત અંગેનાં પ્રસ્તાવિત સેફગાર્ડ (સલામતી) માટેનાં પગલાં સામે ભારતે જીનિવા સ્થિત વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુટીઓ) સમક્ષ ચિંતા વ્યકાત કરી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આગામી પહેલી જુલાઈ, ૨૦૨૬થી યુકે સ્ટીલની આયાત મર્યાદિત કરશે અને સેફગાર્ડના પગલાં હેઠળ હાલના ક્વૉટાની સરખામણીમાં માત્ર ૬૦ ટકા ક્વૉટા જ ઉપલબ્ધ રહેશે અને નિર્ધારિત ક્વૉટા કરતાં થયેલી વધારાની આયાત સામે ૫૦ ટકા સુધીની ટૅરિફ લાદવામાં આવશે. આ પગલું સ્ટીલ ઉત્પાદનોની આયાત પર લાગુ થશે જે યુકેમાં પણ બનાવી શકાય.

નોંધનીય બાબત એ છે કે યુકેના આ પ્રસ્તાવિત પગલાં સામે ભારત ઉપરાંત બ્રાઝિલ, તુર્કિ, સ્વિત્ઝર્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયાએ પણ ચિંતા વ્યક્ત કરી હોવાનું જીનિવા સ્થિત એક અધિકારીએ જણાવ્યું હતું. વધુમાં જાપાન અને કોરિયાએ આ પણ આ મુદ્દે ચર્ચા કરી છે અને ચિંતા દર્શાવી છે. અગાઉ બ્રિટને પણ સેફગાર્ડ પગલાં લઈને આયાત ક્વૉટા યંત્રણા શરૂ કરી હતી અને હવે નવાં પગલાં હેઠળ ક્વૉટા ઘટાડવામાં આવ્યા છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતની યુકે ખાતે થયેલી કુલ ૧૩.૪ અબજ ડૉલરની મર્કન્ડાઈઝ નિકાસ પૈકી આયર્ન અને સ્ટીલની નિકાસ ૮૯.૩૪ કરોડ ડૉલરની રહી હતી. ગત ૨૦-૨૧મી મેના રોજ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનની કાઉન્સિલ ફોર ટ્રેડ ઈન ગૂડ્સની બેઠક દરમિયાન આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ કાઉન્સિલ વિશ્વ વેપાર સંગઠનના માળખા હેઠળ માલસામાનના વેપાર સંબંધિત તમામ કરારોના અમલીકરણ અને કામગીરીની દેખરેખ રાખે છે. તેમ જ તે વિશેષ સમિતિઓ દ્વારા ટૅરિફ, આયાત નિયમો, સબસિડી, એન્ટિ ડમ્પિંગ પગલાં, કસ્ટમ વૅલ્યુએશન અને ગુણવત્તાના ધોરણો જેવાં મુદ્દાઓનું નિરીક્ષણ કરે છે.

આ પગલાં વૈશ્વિક વધુ પડતી ઉત્પાદનક્ષમતા અને સલામતીની ચિંતાઓ સામે કાયદેસરનું ઔદ્યોગિક રક્ષણ હોવાનું યુકેએ જણાવતાં ઉમેર્યું હતું કે આ પગલાંનું એટલે પણ મહત્ત્વ છે કેમ કે આ વિના બ્રિટન પ્રથમ જી-૭ દેશ બનવાના માર્ગ પર હતું જેની પાસે પ્રાથમિક સ્ટીલ બનાવવાની ક્ષમતા નથી. બ્રિટને વધુમાં ઉમેર્યું હતું કે તે અસરગ્રસ્ત દેશો સાથે સંપૂર્ણ રીતે જોડાવાનો ઈરાદો ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૨૪મી જુલાઈના રોજ ભારત-યુકે વચ્ચે કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક ઍન્ડ ટ્રેડ એગ્રિમેન્ટ (સીઈટીએ) પર સહીસિક્કા થયા હોવાથી આ મુદ્દો મહત્ત્વનો બની ગયો છે. ■

### બાંદ્રામાં રેલવે એક્શનમાં

# ૪ દિવસમાં ૧૦૦ ટકા ગેરકાયદે બાંધકામો જમીનદોસ્ત

## ગરીબનગરમાં હજારો ચોરસ મીટર જમીન ખાલી કરાવાઈ, પરિસ્થિતિ નિયંત્રણમાં લેવા પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો

મુંબઈઃ સબર્બન મુંબઈના સૌથી મોટા અતિક્રમણો પૈકી બાંદ્રા ખાતે રેલવે પ્રશાસન દ્વારા પાંચ દિવસની લાંબી કડક અતિક્રમણ કાર્યવાહીના ચોથા દિવસે ૧૦૦ ટકા ગેરકાયદે અતિક્રમણનો સફાયો કરવામાં આવ્યો હતો. બાંદ્રા ટર્મિનસ નજીક ચાલી રહેલા અતિક્રમણ વિરોધી અભિયાનના ચોથા દિવસે રેલવેએ ચિહ્નિત કરાયેલાં તમામ ગેરકાયદે બાંધકામો હવે તોડી પાડવામાં આવ્યાં છે, જ્યારે અમુક બાંધકામોને તોડી પાડવાનું કામકાજ પણ પ્રગતિમાં છે અને ટૂંક સમયમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

મીડિયા સાથે વાત કરતા પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું હતું કે ઓળખાયેલા ગેરકાયદે

(જુઓ પાનું ૪) ▶▶

### શિંદે જૂથે માગી ૧૭ માંથી સાત બેઠક, સુનેત્રા પવારને જોઈએ પુણે સહિત ત્રણ બેઠક

# વિધાન પરિષદની ચૂંટણીઃ મહાયુતિમાં ડખો

## સાથી પક્ષોની માગણીથી ભાજપ મુશ્કેલીમાં

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ દ્વારા ચૂંટવામાં આવતી વિધાન પરિષદની ૧૭ બેઠકો માટે ચૂંટણીનું એલાન થઈ ગયું છે, ત્યારે બીજી તરફ બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા અંગે મહાયુતિમાં ખેંચતાણ ચાલી રહી છે. શિવસેનાએ સાત બેઠકોની, જ્યારે રાષ્ટ્રવાદીએ ત્રણ બેઠકોની માગણી ભાજપ પાસે કરી હોવાનું જાણવા મળ્યું છે. તેમાં પણ ભાજપનું સંખ્યાબળ વધુ હોય તેવી બેઠકો પર સાથી પક્ષોએ દાવો કરતા ધર્મસંકટ ઊભું થયું છે. થાણે અને પુણેનો મુદ્દો મુખ્ય વિવાદનું કેન્દ્ર બની રહ્યો હોવાનું સમજાય છે.

વિધાન પરિષદની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર થતાં જ તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. સંખ્યાબળની દૃષ્ટિએ મહાયુતિનું પલ્લું ભારે છે, પરંતુ કોણે કેટલી બેઠકો વહેંચવી તે અંગે મહાયુતિમાં ચર્ચા ચાલી રહી હોવાનું સમજાય છે. મળતી માહિતી મુજબ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાએ ભાજપ પાસે સાત બેઠકોની, જ્યારે

(જુઓ પાનું ૪) ▶▶




# ઉલ્હાસનગરમાં આડેધડ ગોળીબારઃ બે ભાઈને મોતને ઘાટ ઉતાર્યા

મુંબઈઃ ઉલ્હાસનગરમાં કાર અને બાઈક પર આવેલા હુમલાખોરોએ ભરરસ્તે આડેધડ ગોળીબાર કરતાં રાહદારીઓમાં નાસભાગ મચી હતી. પિસ્તોલમાંથી ૧૫થી વધુ રાઉન્ડ ફાયર કરવામાં આવતાં બે ભાઈનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે તેમના કાકા ગંભીર રીતે ઘવાયા હતા. જૂની

અદાવતને પગલે આ હુમલો થયો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. ગોળીબારને પગલે સ્થાનિક પરિસરમાં ભયના માહોલ સાથે તંગદિલીભર્યું વાતાવરણ હોવાથી પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

ઉલ્હાસનગર કેમ્પ નંબર-પાંચ પરિસરમાં કૈલાશ કોલોની ચોક ખાતે ગુરુવારની રાતે ૮.૩૦ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં અનિલ હરકેશ ચૌહાણ (૨૨) અને તેના નાના ભાઈ અમન ચૌહાણ (૧૭)નાં મૃત્યુ થયાં હતાં. ગોળી વાગવાને કારણે ગંભીર રીતે ઘવાયેલા મૃતકોના કાકા અર્જુન સૂરજબલી ચૌહાણને નજીકની મધ્યવર્તી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. જોકે તેની હાલત

(જુઓ પાનું ૪) ▶▶

# મહિનામાં બીજી વખત મેટ્રો ખોરવાઈ, પ્રવાસીઓ નારાજ

મુંબઈઃ ધીમે ધીમે મુંબઈની સેકન્ડ લાઈફલાઈન બની રહેલી મુંબઈ મેટ્રો મહિનામાં બીજી વખત અસર પડી હતી. સવારના પીકઅવર્સમાં ટેક્નિકલ ખામીને કારણે ટ્રેનસેવા પર ગંભીર અસર પડી હતી, જેના કારણે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મેટ્રોની એક્વા લાઈનની ટેક્નિકલ ખામીને કારણે કામગીરી અટકી જતા અસંખ્ય લોકો કલાકો સુધી અટવાયા હતા. આ વિક્ષેપને

(જુઓ પાનું ૪) ▶▶

# બાઈક ટેક્સીના નિયમો થશે કડક

## એક ચાલક, એક જ કંપની

મુંબઈઃ ઈ-બાઈક ટેક્સી માટે એક ચાલક એક જ સમયે અનેક એપ કંપનીઓમાં રજિસ્ટ્રેશન કરાવવાને બદલે એક દિવસમાં માત્ર એક જ કંપની માટે સેવા આપી શકશે તેવો નિયમ બનાવવામાં આવી રહ્યો છે. પેટ્રોલ સંચાલિત બાઈકનો ઉપયોગ કરીને બાઈક ટેક્સી સેવા આપતી કંપનીઓને સીધી બ્લેકલિસ્ટ કરવાની હિલચાલ શરૂ થઈ ગઈ છે, અને તેના અમલીકરણ માટે શુક્રવારે પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકની અધ્યક્ષતામાં એક વિશેષ બેઠક યોજાઈ હતી. હાલમાં એક જ ડ્રાઈવર અનેક એપ કંપનીઓમાં રજિસ્ટર્ડ છે. જેના કારણે સુરક્ષાનો પ્રશ્ન ઊભો થાય છે. અલગ-અલગ એપમાં ભાડાના દરમાં તફાવત હોવાને કારણે ચાલકો ઓછું ભાડું હોય ત્યારે રાઈડ કેન્સલ કરી દે

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**